
ફેબ્રુઆરી - 2014

# જીવન શિક્ષણ



ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર




**માન. શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચૂડાસમા**
**શતાબ્દી મહોત્સવ**
બામણવેલ, તા. ચીખલી,
જિ. નવસારી



**સમુહ કસરત**
નારપુરા પ્રાથમિક શાળા,
તા. બોરસદ, જિ. આણંદ



**નેશનલ ચિલ્ડ્રન્સ ફોક ડાન્સ ફેસ્ટીવલ-૨૦૧૩**
નવા ગીરીયા પ્રાથમિક શાળા,
તા.જિ. અમરેલી



**સરદાર બાળમેળો**
ક્યારીયા વર્ગ પ્રાથમિક શાળા,
તા. સંતરામપુર, જિ. મહીસાગર

# જીવન શિક્ષણ

(મૂળ સ્વરૂપ : 'શાળાપત્ર'સ્થાપના ઈ.સ. 1862)

સળંગ વર્ષ : 47 અંક : 2

અધ્યક્ષ : શ્રી એમ. ટી. શાહ નિયામક

તંત્રી : શ્રી બી. એન. રાજગોર સચિવ
સહતંત્રી : શ્રી એચ. એન. દાફડા રીડર

સહતંત્રી : ડૉ. રાઘવજી માધડ રિસર્ચ એસોસિએટ

જીસીઈઆરટી, ગાંધીનગર

સંપાદક મંડળ

ફેબ્રુઆરી - 2014 વાર્ષિક લવાજમ ₹ 100/-
ફોન નં. : (079) 23256830 થી 23256831
ફેક્સ : (079) 23256812
ઈ-મેલ : gcert_21@yahoo.com
વેબસાઈટ : www.gcert.gujarat.cgv.in
તંત્રીશ્રી : *જીવન શિક્ષણ, જીસીઈઆરટી*
વિદ્યાભવન, સેક્ટર 12, ગાંધીનગર પીન - 382016

**Gujarat Council of Educational Research & Training, Gandhinagar**

## લવાજમ અંગે

**વાર્ષિક લવાજમ રૂા. 100/- રાખવામાં આવેલું છે. લવાજમ જાન્યુઆરીથી ડિસેમ્બર એમ એક વર્ષનું ગણવામાં આવશે. લવાજમ મોકલનારે "સચિવશ્રી, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગરના"ના નામનો રૂા. 100/- નો ડ્રાફ્ટ 'જીવન શિક્ષણ' જી.સી.ઈ.આર.ટી., વિદ્યાભવન, સેક્ટર-12 'ઘ'-4 કોર્નર પાસે, ગાંધીનગર, પિન-382016 ને મોકલવાનો રહેશે. લવાજમ મોકલનારે પોતાનું પૂરેપૂરું સરનામું પિનકોડ નંબર સહિત અચૂકપણે મોકલવાનું રહેશે. રોકડેથી કે મનીઓર્ડરથી લવાજમ સ્વીકારતા નથી.**

**મુદ્રક**
**રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રા. લિ.**
**301, પુનિત પ્લાઝા કોમ્પલેક્ષ, નવગુજરાત કૉલેજની પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ-14**
**ફોન નં. 079-27540243, 27540365,**
**ફેક્સ : (079) 27541264**
**ઈ-મેલ : reliableprintery@yahoo.com**

## બે શબ્દની વાત

- **રાઘવજી માધડ**

'અરે ! તમે તો હજુ યવાન લાગો છો !' આમ કોઈ કહે છે, ત્યારે ઘડીભર તો બહુ સારું લાગે. શરીરે યૌવનનો ચચરાટ વ્યાપી જાય. તનમાં તાજગી આવી જાય. આમ તો ઘણા માણસો તનથી યુવાન અને ઘણાં માણસો મનથી યુવાન હોય છે.

યુવાન હોવું કે લાગવું તે કોઈની ઈર્ષાનું કારણ બને. યુવાન જેવું સ્વાસ્થ્ય હોવું એ જીવનની સૌથી મોટી ઉપલબ્ધિ છે, જે સૌના ભાગ્યમાં નથી હોતી. હા, યુવાન રહેવું હોય તો મનથી પણ રહી શકાય છે.

પ્રાથમિક શિક્ષણમાં યુવાવર્ગ બહુમતીમાં છે.

શિયાળો ભરજોબનમાં છે. હાડ થીજાવી દે તેવી ઠંડી પડી રહી છે. તાપમાનનો પારો એકદમ નીચે ઊતરી રહ્યો છે. સાંજ પડયે સઘળું સૂમસામ થઈ જાય છે, સોપો પડી જાય છે. પણ પ્રભાતનો પ્હોં ફાટે તે સાથે જ મોટા ભાગના રોડ મૉર્નિંગવૉક-ઝોન બની જાય છે. લોકો કસરત કરવા નીકળી પડે છે. ફૂલગુલાબી ઠંડીમાં એક નવતર માહોલ જામે છે. આવી સલૂણી સવારમાં કોઈ મોડે સુધી પથારીમાં ઘોરતો રહે તેને વહેલા વૃદ્ધ થવાની માત્ર પ્રતીક્ષા જ કરવાની હોય છે. તન-મનની તંદુરસ્તી આપણા હાથમાં છે.

સ્વામી વિવેકાનંદ કહે છે, બળ એ જીવન છે અને નિર્બળતા એ મૃત્યુ છે. બાળપણથી જ બળવાન અને ઉપયોગી થવાના વિચારો તમારા મગજમાં ધારણ કરો અને વિદ્યાર્થીઓને આપો.

મન અને તન એકબીજાં સાથે પ્રગાઢ રીતે સંકળાયેલાં છે. તનની મજબૂતી મનને મક્કમતા બક્ષવામાં ભારે ઉદાર હોય છે. મનને કહ્યાગરું રાખવું તે વ્યક્તિના હાથની વાત છે. માટે સ્વામીજી કહે છે તેમ, ઊભા થાઓ, હિંમત ધરો, મજબૂત બનો. તમારા પર પૂરેપૂરી જવાબદારી લો અને તમારા ભાગ્યના સર્જક તમે જ છો એમ જાણો. તમને જરૂર હોય એવી બધી શક્તિ, બધી સહાય તમારી અંદર જ છે, તેથી તમારું ભવિષ્ય તમે જ સર્જો.

ઠંડી મન મૂકીને પડી કે ત્રાટકી રહી છે. ઉપર આભ અને નીચે ધરતીનું ઓઢણું કરી શ્વસતા મનેખ માટે તો અસહ્ય નીવડે છે. પણ જેના માટે સહ્ય છે તે આ ગુલાબી ઋતુની મોજ માણી શકે છે, મસ્તી લૂંટી શકે છે ! યુવાન હોવું, રહેવું બધાને ગમે છે. ગમવું જોઈએ. જે ગમી જાય તેને મેળવવા માણસ પ્રયત્ન કરે છે.

શિયાળાની સવાર ઊઘડી છે. રસ્તાઓ લાંબા થઈને સૂતા છે. ઘટાદાર વૃક્ષો શીળા સમીર સાથે મસ્તી કરે છે. આહ્લાદક વાતાવરણની વચ્ચે કોઈનો અવાજ આવે છે, તમે તો હજુ પણ એવા ને એવા લાગો છો !

અને આપણા તન-મનમાં ખરેખર જુવાનીનું જોમ પ્રગટે છે !

***ટહુકો : ગઈ કાલની ભૂલો અને આવતી કાલનો ભય, આપણી 'આજ' ન બગડે તેની કાળજી રાખવી પડે !***

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| 1. | સ્વામી વિવેકાનંદ | યોગેશકુમાર પંડ્યા | 5 |
| 2. | વૈયક્તિક ભિન્નતાને પોષક શિક્ષણ | માર્કંડકુમાર આર. માવાણી | 7 |
| 3. | લોકભાગીદારીની ભૂમિકા | ડૉ. દેવાભાઈ એસ. પ્રજાપતિ | 9 |
| 4. | શાળાનું ભાવાવરણ | ડૉ. પ્રભુભાઈ આર. ચૌધરી | 11 |
| 5. | જોયું છે આવું મહાતીર્થ ! | ધર્મેશકુમાર આર. પટેલ | 13 |
| 6. | નવતર પ્રયોગ | હિતેન્દ્રકુમાર સી. ટંડેલ | 14 |
| 7. | ગણિત આમ શીખવી શકાય ! | પ્રજ્ઞેશ આર. ઉપાધ્યાય | 15 |
| 8. | સામાજિક સમરસતામાં શાળાની ભૂમિકા | જગમાલ બી. પીઠિયા | 16 |
| 9. | સંસ્કૃત ભાષા : એક વ્યાવહારિક અભિગમ | સંકલન | 17 |
| 10. | સદૈવ શિક્ષક | દિનેશભાઈ જોશી | 18 |
| 11. | એક એવું દંપતી | ડૉ. નિષાદ ઓઝા | 20 |
| 12. | શાળા પુસ્તકાલયનો સદ્ઉપયોગ | વંદનાબહેન વી. કોઠિયા | 21 |
| 13. | પરિસર વ્યવસ્થાપન | ભરત મેસિયા | 22 |
| 14. | નિવાસી બાલોત્સવ : એક સંકલ્પના | રેવાભાઈ પ્રજાપતિ | 24 |
| 15. | શિક્ષણ સર્જકોનું ચિંતન | અશ્વિન મો. પટેલ | 27 |
| 16. | શ્રદ્ધાને સંકોરતું એક મૂલ્યવાન પુસ્તક ! | હરેશ ધોળકિયા | 30 |
| 17. | પ્રસારણ પત્રક | સંકલન | 32 |
| 18. | ચંદરવો | સંકલન | 33 |
| 19. | ભાવ-પ્રતિભાવ | સંકલન | 34 |


## લેખકો માટે

- ➡ પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા ઉપયોગી બને તથા શિક્ષકની શૈક્ષણિક સજ્જતામાં વૃદ્ધિ કરે તેવા લેખો આવકાર્ય છે.
- ➡ પુરસ્કારનું ધોરણ રાખવામાં આવેલ છે.
- ➡ પ્રાથમિક શિક્ષણમાં નવીનીકરણ, આધુનિક વલણ તેમજ શૈક્ષણિક પરિવર્તન સાથે સામાજિક પરિવર્તન ક્ષેત્રે યોગદાન આપનાર વ્યક્તિ કે સંસ્થા વિશેની માહિતી તથા પરિચય-લેખ આવકાર્ય છે.
- ➡ લેખ મૌલિક, સુવાચ્ય, સર્જનાત્મક તેમજ જોડણીદોષ રહિત, ફૂલ્સકેપ કાગળમાં યોગ્ય જગ્યા છોડીને કાગળની એક બાજુએ લખાયેલ હોવો જોઈએ.
- ➡ લેખની એક નકલ પોતાની પાસે રાખવી. અસ્વીકૃત લેખ પરત મોકલવામાં આવશે નહીં.
- ➡ લેખ અનુકૂળતા મુજબ પ્રગટ થશે. તે અંગેનો વિશેષ પત્રવ્યવહાર કરવામાં આવશે નહીં.
- ➡ લેખ અંગેની સંપૂર્ણ જવાબદારી જે-તે લેખકની રહેશે.
- ➡ લેખમાં પ્રગટ થતા વિચાર-વિગત સાથે અધ્યક્ષ, તંત્રી, સહતંત્રી કે સંપાદકમંડળ સહમત છે એમ માનવું નહીં.

# સ્વામી વિવેકાનંદ

- યોગેશકુમાર પંડ્યા

## ચારિત્ર્યને માનવજીવનનો પાયો સમજનાર યુગદ્રષ્ટા

મહાપુરુષોનાં જીવનવૃત્તાંત અનેક ઐશ્વર્યોથી ભરેલાં હોય છે. સિંહગર્જનાથી ગાઢ નિદ્રાધીન ભારતવાસીઓને જગાડનાર, સમગ્ર વિશ્વને ધાર્મિક સહિષ્ણુતા, ત્યાગ અને સમન્વય, માનવસેવાનો શાંતિપૂર્ણ સંદેશ સંભળાવનાર, યુગદ્રષ્ટા સ્વામી વિવેકાનંદનો જન્મ સંવત ૧૯૧૯ના પોષ વદ સાતમને સોમવાર સને ૧૮૬૩ના જાન્યુઆરી માસની બારમી તારીખે સૂર્યોદય પહેલાં છ મિનિટે માતા ભુવનેશ્વરીદેવીની કૂખે થયો.

માતા ભુવનેશ્વરી દેવી ભગવદ્ભક્તિ પરાયણ, વ્યવહાર કુશળ, સ્વરૂપવાન અને અતિ બુદ્ધિમાન હતાં. ભુવનેશ્વરી દેવીને પોતાના કુળને દીપાવે તેવા પુત્રની ઈચ્છા હતી. કાશીમાં રહેતાં એક નજીકનાં સંબંધી વૃદ્ધ માજીએ પોતાની આકાંક્ષા પૂરી કરવા અર્થાત્ પુત્ર પ્રાપ્તિ અર્થે કાશીમાં વીરેશ્વર મહાદેવની પૂજા કરવા લખ્યું. પોતાની પ્રાર્થના ફળશે તેવી તેમને શ્રદ્ધા અને વિશ્વાસ હતાં.

ભુવનેશ્વરી દેવીનું ચિત્ત અહર્નિશ ભગવાન શંકરમાં પરોવાયેલાં રહેતું. એક રાતે સ્વપ્નમાં મહાદેવજી મનોહર બાળસ્વરૂપે જાણે તેમની ગોદમાં બિરાજ્યા કે તરત જ ભુવનેશ્વરીદેવી જાગી ઊઠ્યાં. જય શંકર, જય ભોળાનાથ બોલતાં પ્રાર્થના કરવા લાગ્યાં. પુત્રનું નામ માતાએ વીરેશ્વર રાખ્યું. થોડા સમય બાદ એનું નામ 'નરેન્દ્રનાથ' રાખવામાં આવ્યું. તેમના પિતા વિશ્વનાથદત્ત - મોટા આબરૂદાર વકીલ હતા.

કલકત્તાના સિમુલિયા વિભાગમાં આ દત્ત પરિવાર વસતો. તેઓ પૈસે ટકે સુખી હતા. નરેન્દ્રનાથના દાદ દુર્ગાચરણ વિતરાગવૃત્તિવાળા હતા. તેમણે શાસ્ત્રમર્યાદા મુજબ પુત્રપ્રાપ્તિ બાદ ભરયુવાનીમાં ગૃહત્યાગ કર્યો હતો. વિશ્વનાથદત્ત કલાપ્રિય હતા. તેમને સંગીતનો ભારે શોખ હતો બાળકની કંઈ ભૂલ થાય તો તેને ઠપકો આપવાની તેમની રીત અનોખી હતી.

એકવાર માતા સાથે નરેન્દ્રનાથની બોલાચાલી થઈ ગઈ માતૃશ્રીને તેમણે કડવાં વેણ સંભળાવી દીધાં. આ વાતની જાણ પિતા-વિશ્વનાથને થઈ, જે ઓરડામાં પોતાના મિત્રો સાથે નરેન્દ્રનાથ બેસતા તે ઓરડાના બારણા ઉપર પિતા વિશ્વનાથે લખ્યું કે, "નરેન્દ્રબાબુ તેમનાં માતૃશ્રી સાથે અમુક અમુક વચન બોલ્યા છે." જાહેરખબરની પેઠે લખાયેલા આ શબ્દો નરેન્દ્રનાથ તથા તેમના મિત્રોએ વાંચ્યા. નરેન્દ્રનાથને ખૂબ જ પસ્તાવો થયો. ત્યારબાદ ક્યારેય તેઓ માતા સામે ઊંચે સાદે બોલ્યા નથી.

બાલ્યાવસ્થામાં નરેન્દ્ર તોફાની અને હઠીલા હતા. કોઈ ધમકી કે સમજાવટ તેમને વશ કરી શકે નહિ ત્યારે માતા ભુવનેશ્વરી દેવી નરેન્દ્રના માથા પર ઠંડું પાણી રેડતાં રેડતાં તેમના કાનમાં શિવનું નામ લેતાં કે નરેન્દ્રનો ગુસ્સો શાંત થઈ જતો. ક્યારેક કંટાળીને ભુવનેશ્વરીદેવી કહેતાં કે. "મેં ભગવાન શંકર પાસે પુત્ર માગ્યો પણ એ ભૂતનાથે પોતાના ભૂતને જ મોકલી આપ્યો."

બંગાળના સુપ્રસિદ્ધ પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની "મેટ્રોપોલિટન ઈન્સ્ટીટ્યુશન" નામની શાળામાં નરેન્દ્રનું શિક્ષણ શરૂ થયેલું. તેમની બુદ્ધિમત્તાનાં વખાણ તેમના શિક્ષકો પણ કરતા. બી.એ. થયા બાદ એલ.એલ.બી.નો અભ્યાસ પણ કર્યો.

સને ૧૮૭૯માં નરેન્દ્રનાથ કૉલેજમાં દાખલ થયા. કોલેજના પ્રિન્સિપાલ પ્રોફેસર વિલિયમ હેસ્ટી એક વખત કવિ વર્ડઝવર્થનું કાવ્ય સમજાવી રહ્યા હતા. કવિએ સમાધિ દર્શનનું વર્ણન કરેલું. આ અલૌકિક અવસ્થા સમજાવતાં તેમણે કહ્યું કે "ચિત્તની પવિત્રતા અને એકાગ્રતાને કારણે આવું દર્શન થઈ શકે. આવી ધન્ય અવસ્થા અનુભવનાર એવી એક જ વ્યક્તિનાં મેં દર્શન કર્યાં છે અને તે છે દક્ષિણેશ્વરના શ્રીરામ-કૃષ્ણ પરમહંસ. તમે ત્યાં જશો તો તમને ખાતરી થશે." પોતાના ભાવિ ગુરુ વિશે સૌપ્રથમવાર નરેન્દ્રનાથે આવું સાંભળેલું.

યૌવનમાં પ્રવેશ કરતાં જ તેમની સમક્ષ દરરોજ બે ચિત્રો પ્રગટ થવા લાગ્યાં. એક વૈભવવિલાસી ગૃહસ્થજીવન અને બીજું ઈશ્વરચિંતનમાં મગ્ન શાશ્વત જીવન. ઈશ્વર દર્શનની ઝંખના તીવ્ર બનતી ગઈ.

વિશ્વનાથ દત્તના પડોશમાં સુરેન્દ્રનાથ મિત્ર નામના ધાર્મિક વૃત્તિવાળા ગૃહસ્થ રહેતા. એકવાર તેમણે શ્રીરામકૃષ્ણને પોતાને ઘેર ભજન કીર્તન માટે બોલાવ્યા. સુરેન્દ્રનાથે નરેન્દ્રનાથને પણ બોલાવ્યા, કારણ કે નરેન્દ્રનાથ ભાવપૂર્વક ભજનો ગાઈ શકતા. શ્રી રામકૃષ્ણ સુરેન્દ્રનાથ પાસેથી નરેન્દ્રનો પરિચય મેળવ્યો તેમને દક્ષિણેશ્વર આવવા કહ્યું. નરેન્દ્રનાથનો શ્રીરામકૃષ્ણ સાથેનો આ પ્રથમ મેળાપ હતો.

શ્રી રામકૃષ્ણે પણ આ મુલાકાત બાબત લખ્યું છે કે - બ્રહ્મોસમાજમાં ગવાતું એક ભજન નરેન્દ્રે ગાયું...

"મન ! ચાલો નિજ નિકેતને
સંસાર વિદેશે, વિદેશીને વેશે
ભમો કેમ અકારણે...."

આ ભોજન મને ભાવ-વિભોર બનાવી ગયું. કલકત્તાના જડવાદી વાતાવરણમાંથી આવી આધ્યાત્મિક મનોવૃત્તિ ધરાવતી વ્યક્તિને આવેલી જોઈને મને નવાઈ લાગી. આ ભજનથી રામકૃષ્ણ પરમહંસને એવો ભાવાવેશ થયો કે તેઓ પોતાની જાત ઉપર કાબુ ખોઈ બેઠા અને સમાધિમાં મગ્ન થઈ ગયા. "નરેન્દ્રે રજા લીધી છતાં હૈયું વલોવી નાંખે તેવી તેને મળવાની ઈચ્છા મારા મનમાં સતત રહ્યા કરતી."

પ્રથમ મિલન વિશે નરેન્દ્રનાથ લખે છે કે, "ભજન પૂરું થતાં શ્રી રામકૃષ્ણે મારો હાથ પકડીને કહ્યું કે "આટલું બધું મોડું અવાય ? આટલો બધો વખત રાહ જોવડાવવા જેટલો નિર્દય તું કેમ બન્યો ? સંસારી લોકોની અપવિત્ર વાતો સાંભળીને મારા કાન સળગી ગયા છે. મારી અનુભૂતિ ઝીલી શકે એવી કોઈ વ્યક્તિ આગળ મારા મનનો ભાર હળવો કરવા હું કેવો ઝંખી રહ્યો છું. ડુસકાં ખાતાં ખાતાં તેમણે આમ બોલ્યે જ રાખ્યું. બીજી જ ક્ષણે તેઓશ્રી મારી સામે હાથ જોડીને કહેવા લાગ્યા, "પ્રભુ ! હું જાણું છું કે તમો તો પ્રાચીન નરરૂપીના અવતાર છો અને માનવજાતિના દુઃખો દૂર કરવા ધરતી ઉપર અવતર્યા છો." તેઓએ સ્વહસ્તે મને મીઠાઈ, માખણ, સાકર જમાડ્યાં."

વ્યક્તિના સંશયનો જ્યારે તર્કયુક્ત સૈદ્ધાંતિક દલીલો વડે આત્મસાક્ષાત્કાર દ્વારા વિનાશ થાય છે ત્યારે શ્રદ્ધાનો જન્મ થાય છે. નરેન્દ્રના મનમાં એક પ્રશ્ન ઘણા સમયથી વાગોળાયા કરતો હતો. તે પ્રશ્ન તેમણે ઘણા લોકોને પૂછ્યો પણ સંતોષકારક જવાબ ન મળ્યો તે જ પ્રશ્ન તેઓ રામકૃષ્ણને પૂછી બેઠા - 'મહાશય ! આપે ઈશ્વરને જોયો છે ?' તેમણે તદ્દન - સરળતાથી જવાબ આપ્યો. "હા, જેવી રીતે હું તને જોઉં છું તેવી જ રીતે ઈશ્વરને જોઉં છું. ફેર એટલો કે એને હું વિશેષ સ્પષ્ટતાથી જોઉં છું." શ્રીમદ્ ભગવદ્ગીતામાં સ્વયં ભગવાને પણ કહ્યું છે કે - 'શ્રદ્ધાવાન લભતે જ્ઞાન' જેમ ઈસુને પિટર, શ્રીકૃષ્ણને અર્જુન, બુદ્ધને આનંદ, શ્રી ગૌરાંગને નિત્યાનંદ જેવા શ્રેષ્ઠ શિષ્યો મળ્યા તેમ શ્રી રામકૃષ્ણને વિવેકાનંદ.

આવા નરેન્દ્રનાથમાં સંન્યાસીવૃત્તિના વિચારો એમના દાદા-દુર્ગાચરણ (જેઓ ૨૫ વર્ષની વયે સંન્યાસી થયેલા) દ્વારા, માતા ભુવનેશ્વરી દેવી ઉચ્ચ આધ્યાત્મિક વિચારોથી વિભૂષિત અને પિતા એક પ્રતિષ્ઠિત વકીલ તથા ગુરુના સુભગ સમન્વય વડે જે વ્યક્તિત્વ નિર્માયું તે સ્વામીવિવેકાનંદ

(દાદા + માતા + પિતા + ગુરુ = વિવેકાનંદ)

શ્રી રામકૃષ્ણ પરમહંસ કહેતા કે "ઈશ્વરદર્શનની આડે આવે છે કામિની અને કંચન." નરેન્દ્રનાથનાં શારીરિક ચિહ્નોનું પરીક્ષણ કરીને તેમણે કહેલું કે, "તારો શ્વાસ ઊંઘતી વખતે ઝડપથી ચાલે છે. તે બરાબર નથી. આવા પુરુષોનું આયુષ્ય ટૂંકું હોય છે." પોતાની સિદ્ધિઓ રામકૃષ્ણે નરેન્દ્રનાથને આપતાં કહેલું કે, "ભલેને આ સિદ્ધિઓ તને ઈશ્વર સાક્ષાત્કાર કરવામાં ખપ ન લાગે પણ એથી મહાન કાર્યો થશે." તરત જ નરેન્દ્રનાથે કહ્યું કે, "... તો પછી મારે એ સિદ્ધિઓની જરૂર નથી. પ્રથમ મને ઈશ્વરદર્શન થાય." આવા ઉત્તરથી શ્રી રામકૃષ્ણ તેમની પર ખૂબ જ પ્રસન્ન થયેલા.

સને ૧૮૮૪માં નરેન્દ્રનાથનું બી.એ. નું પરિણામ આવે તે પહેલાં જ પિતા વિશ્વનાથ દત્તનું અવસાન થયું. નરેન્દ્રનાથના પિતરાઈએ તેમના મકાન ઉપર પોતાનો હક્ક લગાડ્યો. નોકરી માટે ખૂબ ભટક્યા. એક પૈસાદાર સ્ત્રીએ નરેન્દ્રને અઘટિત કહેણ મોકલતાં પૈસાની મદદ કરવા જણાવ્યું. જૂના દોસ્તોએ

આડા રસ્તે કમાણી કરવા જણાવ્યું. આ સૌને નરેન્દ્રનાથે મલિન વાસનાઓ છોડી ઈશ્વરસ્મરણ કરવા બોધ આપ્યો. દક્ષિણેશ્વર જઈને શ્રી રામકૃષ્ણને પોતાની આર્થિક વિટંબણાઓમાં રાહત આપવા માતાને પ્રાર્થના કરવા જણાવ્યું. પરંતુ તેમણે માતાને પ્રત્યક્ષદંડવત્ કરીને પ્રાર્થના કરવા આદેશ આપ્યો.

નરેન્દ્રનાથે હાથ જોડી કહ્યું "મા મને વિવેક આપ, મને વૈરાગ્ય આપ, જ્ઞાન અને ભક્તિ આપ. તારાં સતત દર્શન થાય તેવું વરદાન આપ." તેઓ જ્ઞાન-ભક્તિ સિવાય અન્ય કંઈ જ માગી ન શક્યા. નરેન્દ્રનાથને શ્રી રામકૃષ્ણે પોતાની તમામ શક્તિઓ સમર્પિત કરી તા. ૧૬ ઓગષ્ટ ૧૮૮૬ ના દિવસે તેમણે મહાસમાધિમાં પ્રવેશ કર્યો. વારાહનગર મઠમાં આજીવન બ્રહ્મચર્ય અને અપરિગ્રહની નરેન્દ્રનાથે પ્રતિજ્ઞા લીધી. પૂર્વ જીવનના સંબંધો છોડી સંસારીનામનો ત્યાગ કરી "વિવેકાનંદ" નામ ધારણ કર્યું.

સને ૧૮૮૭ થી ૧૮૯૩ સુધી એમણે ભારતભરમાં ભ્રમણ કર્યું. તેમણે સને ૧૮૯૩ ના સપ્ટેમ્બરની અગિયારમી તારીખે શિકાગોની આર્ટ ઈન્સ્ટિટ્યુટના વિશાળ મકાનમાં હોલ ઓફ કોલંબસ તરીકે ઓળખાતા ખંડમાં જ્યાં વિશ્વધર્મ પરિષદનું આયોજન થયેલું તેમાં વિવેકાનંદે કરેલું, સભાનું સંબોધન "અમેરિકાનાં બહેનો અને ભાઈઓ" સૌને સ્પર્શી ગયું. તેમના જુસ્સાભેર વક્તવ્ય તથા ભારતની આગવી સંસ્કૃતિની વિશ્વના વર્તમાનપત્રોએ નોંધ લીધી. ઈંગ્લેન્ડ અને યુરોપમાં ઠેર ઠેર અમેરિકાની જેમ જ વિવેકાનંદનાં વક્તવ્યો યોજાતાં રહ્યાં. આખરે સને ૧૯૦૨ ના જુલાઈની ચોથી તારીખનો વિધિનિર્મિત શુક્રવાર આવી પહોંચ્યો.

૩૯ વર્ષ, પાંચ માસ અને ૨૪ દિવસનું આયુષ્ય ભોગવીને જેમ થાકેલું બાળક માતાના ખોળામાં નિદ્રાધીન થઈ જાય તેવી રીતે શ્રી સ્વામી વિવેકાનંદજી જગદંબાના ખોળામાં પોઢી ગયા.

•

મદદનીશ શિક્ષક,
રાતોલ પ્રાથમિક શાળા, તા. મહુવા
જિ. ભાવનગર

# વૈયક્તિક ભિન્નતાને પોષક શિક્ષણ

- માર્કંડકુમાર આર. માવાણી

19મી સદીમાં મનોવિજ્ઞાનમાં થયેલાં સંશોધનોએ વૈયક્તિક ભિન્નતાનો ખ્યાલ વિકસાવ્યો છે. આપણે જાણીએ છીએ કે, રંગ, રૂપ, કદ-કાઠી, બુદ્ધિ, શક્તિ, ચારિત્ર્ય, અભિરુચિ, આવેગ, સંવેગ, ગમા-અણગમા વગેરે જેવી બાબતોમાં પ્રત્યેક વ્યક્તિ એકબીજાથી ભિન્ન છે. એક જ મા ના કૂખેથી જન્મેલાં જોડિયા બાળકો દેખાવમાં સમાન હોવા છતા અન્ય બાબતોમાં ચોક્કસ રીતે તેઓમાં ભિન્નતા જોવા મળે છે. આમ, વૈયક્તિક ભિન્નતા એ સામાન્ય અને સ્વીકૃત બાબત છે.

વર્તમાન સમયે શિક્ષણને અસરકારક બનાવવા માટેના પ્રયોગો અને સંશોધનો થઈ રહ્યા છે ત્યારે, અવનવી પ્રયુક્તિઓ અને પ્રવૃત્તિઓ દ્વારા અધ્યયન અનુભવો પૂરા પાડવામાં આવી રહ્યા છે. આ અધ્યયન અનુભવો માટે અવસરોનો વિચાર કરીએ ત્યારે વૈયક્તિક ભિન્નતાને નજર-અંદાજ કરી શકાય નહિ. વર્ગખંડનો પ્રત્યેક બાળક જ્યારે એકબીજાથી અલગ પડતો હોય ત્યારે શિક્ષક એક સરખી રીતે તેના અધ્યયન અનુભવો પીરસી શકે નહિ, તો અહીં પ્રશ્ન એ ઉદ્ભવે છે કે, વર્ગખંડમાં આ વૈયક્તિક ભિન્નતાને કેવી રીતે પોષિત કરવી ? આ પડકારના ઉકેલ સ્વરૂપે શૈક્ષણિક પ્રક્રિયામાં કેટલાંક સુધારાત્મક પગલાં સૂચવવાનો નમ્ર પ્રયાસ અત્રે કરાયો છે.

- **વિદ્યાર્થીઓનું જૂથ વિભાજન :**

વર્ગખંડના વિદ્યાર્થીઓની વિવિધ પ્રકારની વિભિન્નતાઓનો અભ્યાસ કરી આ વિભિન્નતાઓને આધારે વિવિધ જૂથોની રચના કરી શકાય. દા.ત. બુદ્ધિ, અભિયોગ્યતા, અભિરુચિ, સર્જનાત્મકતા વગેરે જેવી બાબતોનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરી સમાનતા વાળા પાસાને જૂથ વિભાજન કરી શકાય. આ માટે વિવિધ પ્રકારની વિશ્વસનીય મનોવૈજ્ઞાનિક કસોટીઓનો પણ

ઉપયોગ કરી શકાય. દા.ત. શાબ્દિક-અશાબ્દિક સમૂહ બુદ્ધિ કસોટીનો ઉપયોગ કરી ઉચ્ચ બુદ્ધિ, નિમ્ન બુદ્ધિ અને મધ્યમ બુદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓનાં જૂથ બનાવી શકાય. આ તબક્કે શારીરિક અક્ષમતાવાળા બાળકો કોઈ એક જૂથમાં ન આવતાં વિવિધ જૂથમાં વિભક્ત થાય તે વધુ ઈચ્છનીય છે.

- **શૈક્ષણિક આયોજન :**

વિદ્યાર્થીઓના વૈયક્તિક તફાવતો ધ્યાનમાં લઈ જૂથ વિભાજન કર્યા બાદ શિક્ષકનું સૌથી મહત્ત્વનું કાર્ય છે શૈક્ષણિક આયોજન તૈયાર કરવાનું. પ્રત્યેક જૂથ માટે એક જ વિષયવસ્તુને અલગ-અલગ રીતે પીરસવાનું આયોજન તૈયાર કરવામાં આવે છે. અહીં વિવિધ પ્રકારની શૈક્ષણિક પદ્ધતિઓ, પ્રયુક્તિઓ તેમજ પ્રવૃત્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે. દા.ત. એક જ વિષયાંગને સ્વાધ્યાય પદ્ધતિ, નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ અને સમસ્યા ઉકેલ પદ્ધતિ દ્વારા વિવિધ જૂથમાં રજૂ કરવું. ટૂંકમાં, વૈયક્તિક ભિન્નતાને આધારે પદ્ધતિ, પ્રયુક્તિ કે પ્રવૃત્તિની પસંદગી કરવામાં આવે છે.

- **કાર્ય સોંપણી :**

વ્યક્તિગત તફાવતો અનુસાર વિદ્યાર્થીઓની ક્ષમતાઓ, શક્તિઓ અને રુચિ તેમ જ ટેવને ધ્યાનમાં લઈ વિદ્યાર્થીઓને કાર્યની સોંપણી કરવામાં આવે છે. આ તબક્કે નેતાગીરી કે સાહસવૃત્તિના ગુણને ધ્યાનમાં લઈ વિદ્યાર્થીઓને જૂથ નેતા પણ બનાવી શકાય.

- વ્યક્તિગત માર્ગદર્શન :

અહીં શિક્ષકે વિદ્યાર્થીઓના વ્યક્તિગત તફાવતો અનુસાર દરેક બાળક અજોડ અને અદ્વિતીય હોવાના ઉપક્રમને સ્વીકારી વ્યક્તિગત માર્ગદર્શન સાથે શિક્ષણકાર્યનો વિકાસ કરવામાં આવે છે. અહીં જે જૂથ નબળું છે તેને વધુ સમય મળે તેવું આયોજન કરવામાં આવે છે. આમ કરવાથી પ્રત્યેક બાળક પોતાની શક્તિ-ગતિ-જાતિ અને શીખવાની શૈલી અનુસાર વિકાસ સાધી શકશે.

- **જૂથ અધ્યાપન (Team Teaching)**

વર્ગખંડનું પ્રત્યેક જૂથ સતત કાર્યશીલ રહે તે માટે શક્ય હોય તો શિક્ષકો દ્વારા અથવા તો શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા '(Team Teaching)' નો ખ્યાલ અમલમાં મૂકી શકાય. જો વિદ્યાર્થીઓને સાથે જોડવાના હોય તો નીચના ધોરણમાં કાર્ય કરવા માટે તેનાથી ઉપરના ધોરણના વિદ્યાર્થીઓને શિક્ષણકાર્ય માટે સામેલ કરી શકાય.

જો કે, આ ખ્યાલ દ્વારા પ્રત્યેક જૂથમાં પ્રત્યેક વ્યક્તિના કાર્ય અંગે સઘન આયોજનની આવશ્યકતા રહે છે.

- **મૂલ્યાંકન કાર્ય :**

અહીં શિક્ષણ કાર્ય માટેના વિવિધ અવસરો પૂરા પાડ્યા બાદ વ્યક્તિગત માર્ગદર્શનની સાથે જ મૂલ્યાંકન પ્રક્રિયાને વણી લેવામાં આવે છે. સામાન્ય રીતે વિદ્યાર્થીઓને ખ્યાલ ન આવે કે તેમના કાર્યનું મૂલ્યાંકન થઈ રહ્યું છે, તે રીતે મૂલ્યાંકન કરવામાં આવે છે.

અહીં શિક્ષણ કાર્ય માટેના વિવિધ અવસરો પૂરા પાડ્યા બાદ વ્યક્તિગત માર્ગદર્શનની સાથે જ મૂલ્યાંકન પ્રક્રિયાને વણી લેવામાં આવે છે. સામાન્ય રીતે વિદ્યાર્થીઓને ખ્યાલ ન આવે કે તેમના કાર્યનું મૂલ્યાંકન થઈ રહ્યું છે, તે રીતે મૂલ્યાંકન કરવામાં આવે છે.

મૂલ્યાંકન બાદ જે વિષય મુદ્દાઓ અંગે નબળા પ્રતિસાદ મળ્યો હોય તે મુદ્દાઓ અંગે ફરી વખત અન્ય પ્રયુક્તિના ઉપયોગ દ્વારા શિક્ષણકાર્યનું પુનરાવર્તન કરાવવામાં આવે છે. આમ કરવાથી વિદ્યાર્થીઓને શીખવાના નવા અવસરો મળે છે અને અસરકારક રીતે દૃઢીકરણ કરાવી શકાશે.

વિદ્યાર્થીઓની વૈયક્તિક ભિન્નતાઓને જાણી તે અનુસાર શૈક્ષણિક અવસરો વિકસાવી આ રીતે લવચિક શિક્ષણ પદ્ધતિ અપનાવવામાં આવે તો મોટાભાગની વૈયક્તિક ભિન્નતાઓ પોષી શકાશે. આ સાથે શિક્ષણકાર્ય અસરકારક બની શકશે.

•

વ્યાખ્યાતા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
ભરૂચ

આપણે આપણી આકાંક્ષાઓ અને આપણાં અધૂરાં સપનાં બાળકમાં વાવીને તેને 'બાળક' મટાડી દઈએ છીએ.

# લોકભાગીદારીની ભૂમિકા

- ડૉ. દેવાભાઈ એસ. પ્રજાપતિ

પ્રવર્તમાન સમયના વહેણમાં દિન-પ્રતિદિન આપણી પ્રાથમિક શાળાઓનો વિકાસ ખૂબજ વેગવંતો બની રહ્યો છે. શાળા વિકાસમાં માત્ર એક જ માધ્યમ જરૂરી નથી. તેની સાથે સાથે જે શાળામાં પોતાનાં બાળકો શિક્ષણ લઈ રહ્યાં છે. તેનાં મા-બાપ એટલે કે વાલીઓ અર્થાત્ લોકોનો સહકાર અનિવાર્ય છે. આજે જે શાળામાં બધી જ સુવિધાઓ ઉપલબ્ધ છે. તે માત્ર એક જ બાબતથી જરૂરિયાતો સંતોષી નથી શકાઈ તેમાં લોકોનો મૂળભૂત સહકાર ખૂબ જ આવશ્યક અનિવાર્ય પુરવાર થયો છે. આપણી પ્રસિદ્ધ કહેવત છે. કે "એક હાથે તાળી ના પડે." એમ કોઈપણ ક્ષેત્રમાં કોઈપણ કાર્ય જ્યારે ઉદ્દભવે છે. ત્યારે તેના કેન્દ્રમાં એક બીજાનો સહકાર કામને પ્રકાશિત કરી જાય છે. શાળા એ લોકોના કેન્દ્રમાં રહેલું અથવા એમના વચ્ચે રહેલું ક્ષેત્ર છે. આ ક્ષેત્રના સંપૂર્ણ વિકાસમાં જેટલો સરકારશ્રીનો પ્રયાસ અને સહકાર છે. તેટલો જ સહકાર લોક ભાગીદારીનો છે. અને આજે જે શાળાઓ ભૌતિક ઉપકરણોથી સુવિધાઓથી સુસજ્જ થઈ છે. તેના મૂળમાં લોક ભાગીદારી રહેલી છે. લોક ભાગીદારીએ જ આપણા શિક્ષણને ઉત્સાહી અને સહકારના માધ્યમથી ઉજ્જવળ બનાવ્યું છે. આજના સમયમાં બધી જ શાળાઓમાં સરકારશ્રી દ્વારા સાધન સામગ્રી, ભૌતિક સુવિધાઓ, ગ્રાન્ટોના ઘણા પ્રયાસો અને સહકાર દ્વારા પણ શાળાની સુસજ્જતા સમૃદ્ધ બની ગઈ છે. નવીન વર્ગો, વૈજ્ઞાનિક ઉપકરણો, રમતગમતનાં સાધનો, બાળકોને બેસવા માટે પાટલીઓ, પુસ્તકાલયમાં પુસ્તકો ઉપરાંત તેની જાળવણી માટેની તિજોરીઓ, નાનાં બાળકો માટે હિંચકા, લપસણીઓ તેમજ શિક્ષકોને T.L.M. બનાવવા માટે ગ્રાન્ટ શાળાને સુવિધા અને રિપેરની જોગવાઈઓ, પાઠ્યપુસ્તકો, કમ્પ્યૂટરો જેવી અદ્યતન સામગ્રી દ્વારા શાળાને સજ્જ કરવામાં સરકારશ્રીએ કોઈ ખામી રહેવા દીધી નથી. પરંતુ છતાંય શાળાની કોઈ ખામી રહેવા પામી હોય ત્યાં લોક સહકારને જોતરવાના સઘન પ્રયાસો કરીને પણ શાળામાં વિકાસનાં શિખરો સર કરવામાં આવ્યાં છે. એટલે જ "શાળા વિકાસ યાત્રા" પર પણ ઘણા લેખો લખાયા છે. શાળા હોય તેની સાથે-સાથે શાળાનો વિકાસ પણ આવશ્યક છે. શાળા ખૂબ જ મોટી હોય, મેદાન વિશાળ હોય પણ જો તેમાં વિકાસ ન હોય તો તેની વિશાળતા નીરસ બની જાય છે. વિશાળતાની સાથે વિકાસ હોવો અનિવાર્ય છે. ગુજરાતની કોઈપણ શાળામાં જોઈએ તો શાળા જોવી ગમે છે. જ્યારે પહેલાંના સમયમાં પૂરતાં સાધનોમાં અભાવ હોવાના કારણે પ્રાથમિક શાળાઓ વિકસિત ન હતી. શિક્ષકોને બેસવા માટે ટેબલ-ખુરશી કે બાળકોને ભણાવવા માટે બ્લેકબોર્ડની પણ વ્યવસ્થા ન હતી પણ જ્યારે સરકારશ્રીના અથાગ પ્રયાસોની સાથે સરકારશ્રીએ પણ લોક ભાગીદારીને સાથે રાખીને આજે શાળાના વિકાસમાં અભિવૃદ્ધિ કરીને શાળાના વિકાસનું એક સ્વપ્ન સાકાર કર્યું છે.

લોકો શાળામાં રસ લેતા થાય, પોતાનાં બાળકો જ્યાં શિક્ષણ લઈ રહ્યાં છે. તે શાળા જો વિકાસશીલ હશે તો વાલી અને તેમનાં બાળકો એમ બંને તેમજ શાળાના શિક્ષકોને પણ ઉત્સાહ રહેશે. શાળા વિકાસ એ અનિવાર્ય છે. સાથે તેના વિકાસમાં લોક ભાગીદારી મહત્ત્વની ભૂમિકા બની રહી છે. આજે આપણી પ્રત્યેક શાળાના વિકાસના કેન્દ્રમાં લોક ભાગીદારી જરૂરી છે. જો લોક ભાગીદારી ન હોય તો શાળા વિકાસમાં ક્યાંક ખામી રહી જાય છે. પણ જ્યાં જરૂરિયાત અપૂર્ણ રહી જાય ત્યાં લોક ભાગીદારી મહત્ત્વની જવાબદારી અદા કરી જાય છે.

શાળામાં પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીની ઉજવણી થતી હોય ત્યારે પ્રવેશ પામતાં બાળકોને કીટના દાતા લોકો થઈ જાય છે. રાષ્ટ્રીય તહેવારોની ઉજવણીઓ કરવામાં આવે છે ત્યારે શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવે છે. ત્યારે નાટકો, રાસ, અભિનય વગેરેમાં ભાગ લેતાં બાળકોને પ્રોત્સાહક ઈનામો આપણી શાળામાં લોકભાગીદારીથી જ ઉપલબ્ધ થાય છે. શાળામાં નવીન વર્ગનું બાંધકામ આવ્યું હોય પરંતુ જમીનની સગવડ ન હોય તો બાંધકામ ક્યાં કરવું ? ત્યારે લોકો જ પોતાની જમીન શાળાને દાનમાં આપીને પણ

વર્ગનું બાંધકામ કરવામાં આવે છે. મારી સરકારપુરા પ્રાથમિક શાળામાં બાળકોને પ્રાર્થના માટે પ્રાર્થના હોલ બનાવવા માટે ગામના એક દાતાશ્રી ચૌધરી તેજાભાઈ કરશનભાઈએ એક શાળાની બાજુનો વાડો ખરીદીને શાળાને આપ્યો અને તેમાં શાળાનો પ્રાર્થના હોલ બનાવવામાં આવ્યો છે. શાળામાં બાળકોની સંખ્યાના પ્રમાણમાં મેદાનની ખૂબ જ અગવડ ઊભી થયેલી ત્યારે સરકારપુરાના રહીશશ્રી પંચાલ ગણપતભાઈએ પોતાનો વાડો શાળાને રમત-ગમતના મેદાન માટે દાનમાં આપી દીધો. જ્યારે જ્યારે શાળાને કંઈક જરૂરિયાત ઉભી થાય છે. ત્યારે ત્યારે લોક સહકાર પડખે આવી ઊભો રહે છે.

શાળામાં બાળકોને મધ્યાહન ભોજન યોજનામાં જમવા માટે બાળકોને પોતાના ઘેરથી થાળી-વાટકો લાવવો પડતો અને બાળકનું ઘર દૂર હોય તો બાળકને આવતાં-જતાં સમય પૂરો થઈ જાય અને ક્યારેક બાળક ખાધા સિવાય પણ રહી જાય. જ્યારે આ વાતને બરાબર ધ્યાને લઈને એવું નક્કી કરવામાં આવ્યું કે ગામમાંથી કોઈ એકાદ વ્યક્તિ શાળાનાં તે બાળકોને થાળી-વાટકો દાનમાં આપે અને જ્યારે શાળા દ્વારા આ જાહેરાત કરવામાં આવી ત્યારે તરત જ સરકારપુરાના રહીશ નાઈ અમૃતભાઈએ શાળાનાં ૨૦૦ બાળકો માટે સ્ટીલનાં થાળી-વાટકી દાનમાં આપી દીધાં. લોકસહકારની ખૂબ જ આવશ્યકતા આપણા શાળા વિકાસમાં રહેલી છે. તે ખૂબ જ મહત્ત્વનું માધ્યમ બની જાય છે.

શાળા વિકાસની ઘણી બધી બાબતોમાં લોકસહકાર અર્થાત લોક ભાગીદારી મહત્ત્વની ભૂમિકા અદા કરી જાય છે. આપણાં ગામડાઓમાં ગ્રામ્ય સંસ્કૃતિની ભાવના અને પ્રેમ તેમજ સહકારની સાથે પરંપરાગત જોડાયેલી છે. જ્યારે જ્યારે ગામમાં આવા પ્રસંગો બને છે. ત્યારે શાળાના બાળકોને ગામ તરફથી તિથિ ભોજન મળી જાય છે. પરંતુ એક વાત સ્પષ્ટતા કરતાં જણાવું કે સામાજિક પ્રસંગો ઉપરાંત પણ વર્ષે શાળામાં મહિને એકાદ તિથિ ભોજન આપવામાં આવે છે. મધ્યાહન ભોજન એક શાળાનું મહત્ત્વનું અંગ છે. તેમાં પણ લોકો દ્વારા આવા તિથિ ભોજનમાં સહકારની ભાવના સમાયેલી છે. આપણા તાલુકા લેવલે થતા બાળમેળા, ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં પણ લોકસહકારનો અનન્ય ફાળો નોંધનીય રહ્યો છે. શાળામાં જ્યારે જ્યારે કોઈપણ બાબતમાં જરૂરિયાતો ઊભી થાય છે ત્યારે લોક ભાગીદારીએ એક આદર્શ ભાગીદારીની જવાબદારી નિભાવી છે. સરકારશ્રીનો ઉદ્દેશ પણ શાળાવિકાસમાં લોકભાગીદારી કરવાનો મહત્ત્વનો રહ્યો છે.

પ્રવર્તમાન સમયની બધી જ શાળાઓના વિકાસમાં આપણી લોકભાગીદારીએ એક મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. શાળાનાં સામાન્ય કામમાં ગામના ઘણા કારીગરો કે બીજા માણસો મજૂરી પણ લેતા નથી. શાળામાં જરૂરિયાતોની સામે લોકો શાળામાં નિઃસ્વાર્થ કામ કરી જાય છે. પોતાનાં કામ પડતાં મૂકીને પણ પોતાના સ્વાર્થના સમીકરણને અળગું કરીને પણ શાળાના વિકાસ કાર્યમાં ખૂબ મહત્ત્વનું કામ કરનાર લોકભાગીદારી અજોડ છે. ઘણી બધી શાળાઓમાં વધતા-ઓછા પ્રમાણમાં પણ લોકભાગીદારી રહેવા પામી છે એ લોકભાગીદારી શાળાના તમામ પાસાંના વિકાસમાં એક કડીરૂપ પુરવાર થઈ છે. સરકારશ્રીના તમામ વિકાસલક્ષી પ્રયાસોની સાથે-સાથે લોકભાગીદારીએ પણ એટલાંજ ડગલાં ભર્યાં છે. અને ત્યારે બંન્ને પાસાંની સબળતાને પરિણામે આજે સુવિધાઓથી શાળાઓ સુસજ્જ થવા પામી છે. શાળા વિકાસમાં સરકારનો સહયોગ અને લોકભાગીદારી એમ બંન્ને સબળ પાસાંઓની ભૂમિકા ખૂબ આવશ્યક બની ગયેલ છે.

●

સરકારપુરા પ્રાથમિક શાળા,
તા. રાધનપુર, જિ. પાટણ

## કામ

દરેક કામ મન મૂકીને, પ્રાણ પૂરીને અને 'મારા કામમાં ઊણપ ન આવે' એવી ભાવનાથી કરવું જોઈએ, પછી ભલે એ પ્રદર્શનમાં મૂકવાનું હોય કે ફેંકી દેવાનું હોય. મારું કામ છે એટલે મારા આત્માનો આવિર્ભાવ છે, મારા વ્યક્તિત્વનું પ્રતિબિંબ છે. મારા આદર્શનો પ્રતિનિધિ છે. કામની 'વિપુલતા' નહિ પણ 'શ્રેષ્ઠતા' સાધવાનો આદેશ છે.

# શાળાનું ભાવાવરણ

- ડૉ. પ્રભુભાઈ આર. ચૌધરી

શાળાકક્ષાએ જોવા જઈએ તો પહેલાંના કરતાં આજે સમય બદલાયો છે. આજે અવનવા અભિગમો કે અભિયાનો અંતર્ગત શાળાઓમાં ભૌતિક સગવડો કે જરૂરિયાતો પૂરી પાડવાના પ્રયત્નો થાય છે. એટલું જ નહિ વિજ્ઞાનના આ યુગમાં તકનિકી સાધનો જેવાં કે રેડિયો, ટેપ-રેકોર્ડર, ટી.વી. થી પણ આગળ જઈ કમ્પ્યૂટરનો ઉપયોગ થવા લાગ્યો છે. એટલાથી સંતોષ નહિ પામતાં ઈન્ટરનેટ દ્વારા વિશ્વભરની માહિતી આપણને સુલભ થઈ ગઈ છે. અને તેનો ઉપયોગ કેટલીક શાળાઓમાં થવા લાગ્યો છે કે થશે. એમ, આજે શાળાઓ ભૌતિકસગવડો અને તકનિકી સાધનોથી સંપન્ન થઈ છે, અને છતાં કેટલીક વખત આપણા મનમાં શાળામાં કશુંક ખૂટતું હોય એવું લાગે છે. શાળામાં શિક્ષકો કે બાળકોના મનમાં થાય છે. 'નહિ મઝા આવી !' કે 'નથી મઝા આવતી.' એ કામ કે પ્રવૃત્તિના અસંતોષના ઉદ્‌ગારો જ આપણા મનની ચાડી ખાય છે. એવું કેમ બને છે ? આપણને કેમ ચેન પડતું નથી ? કેમ કામનો આનંદ આવતો નથી ? એ એક આત્મશોધનો વિષય તો બની જ રહે છે પણ શાળા કક્ષાએ તો સંશોધનનો મોટો વિષય બની જાય છે.

ઋતુઓના પરિવર્તનની સાથોસાથ માનવજીવનમાં પણ પરિવર્તન આવી જ જતું હોય છે એવી જ રીતે શાળા કક્ષાએ ભાવાવરણ ઊભું થાય છે એનો આપણને ખ્યાલ પણ આવતો નથી. એટલે જો ભાવાવરણ સારું હોય તો એનાં સારાં પરિણામો આવે ખરાબ હોય તો દુષ્ફળ મળવાનાં એટલે આપણે સારું ભાવાવરણ બનાવવું જોઈએ કે પ્રયત્ન કરવો જોઈએ.

ભૌગોલિક દૃષ્ટિએ તો આપણે જલાવરણ, મૃદાવરણ અને વાતાવરણને એનાં ઘટકતત્ત્વોને લઈને જુદાં પાડ્યાં છે એમાં વળી હવે જીવાવરણનો પણ ઉમેરો આપણે કરી દીધો છે અને એમાંથી માનવીના મનનું વિજ્ઞાન - મનોવિજ્ઞાન વિકસ્યું. ત્યાં સુધી તો બરાબર પણ માનવી-માનવી વચ્ચેના સંબંધો, માનવમનમાં ઉઠતા વ્યક્તિ વિશેના રાગ-દ્વેષ જેવા વિવિધ ભાવો કેવાં પરિણામો લાવી દે છે તે વિષયક એક નવી વિભાવના 'માનવ ભાવાવરણ' ઊભું થયું છે તો એની સંકલ્પના પણ આપણે સમજવાની રહે છે અને એ ભાવાવરણ શાળાકક્ષાએ કેટલું અસરકારક નીવડે છે. તેની વાત આજે આપણે કરવા જઈ રહ્યા છીએ.

એમ જોવા જઈએ તો ભાવ એ રસ-રુચિના અર્થમાં પ્રયોજાતો શબ્દ છે, જે આપણને ભારતમુનિના નાટ્યશાસ્ત્ર ગ્રંથમાંથી મળે છે. ભરતમુનિએ નાટકના રસ વિશે વ્યાખ્યા આપી છેઃ 'વિભાવાનુભાવ વ્યાભાચારીભાવઃ સંયોગાંત રસ નિષ્પતિઃ ।' એટલે કે વિભાવ, અનુભાવ અને વ્યાભિચારી ભાવોના સંક્રમણથી રસ નિષ્પતિ થાય છે. પણ એ સાહિત્યિક ભાવની આપણે વાત કરવાના નથી. આપણે તો આ ભાવને સાદા ફલક પર એનો અર્થ પ્રયોજતાં, હર્ષ, આનંદ, પ્રેમ- જેવા અર્થમાં ઘટાવવાનો છે. જે શાળામાં શૈક્ષણિક-સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ કરતાં એના ફલસ્વરૂપ વિદ્યાર્થી-શિક્ષક-આચાર્ય કે વાલીને કેવો આનંદ થાય છે; તેમનું ચિત્ત કેટલું પ્રસન્ન બને છે એ આનંદ કે પ્રસન્નતાજ ભાવાવરણનો માપદંડ બની રહે છે.

શાળાના ભાવાવરણમાં વિદ્યાર્થી-વિદ્યાર્થી વચ્ચેના પ્રેમમય સંબંધો, વિદ્યાર્થી-શિક્ષક વચ્ચેના સ્નેહપૂર્વકના સંબંધો, શિક્ષક-શિક્ષક વચ્ચેના સહકારયુક્ત સંબંધો અને શિક્ષક-આચાર્ય વચ્ચેના સંબંધો તથા શિક્ષક-આચાર્ય-વાલી વચ્ચેના સંબંધો મીઠા-મધુરા, પ્રેમપૂર્વકના હોવા જોઈએ. તો ચાલો આપણે એવા સંબંધો બાંધીએ ને વર્ગખંડને સ્વર્ગ બનાવવા પ્રવૃત્ત થઈએ, એવું ભાવાવરણ ઊભું કરીએ.

શાળાના ભાવાવરણમાં શિક્ષકોના પરસ્પરના સંબંધો બહુ અસરકારક નીવડે છે. એકબીજાને મદદરૂપ થવાની ભાવના, સહકાર લેવા, આપવાની ભાવના, મૂંઝવતા પ્રશ્નો સંદર્ભે મુક્ત ચર્ચા વગેરે બાળકના હિતને ધ્યાનમાં લઈને કરવામાં આવે એ જરૂરી બને છે. બાળકના સર્વાંગી વિકાસમાં તેની કક્ષાના સાક્ષરી વિષયો જ નહિ પણ એ સિવાયના વિષયો અને બીજી શૈક્ષણિક-બિનશૈક્ષણિક પ્રવૃત્તિઓ, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં બાળક આગળ આવે, તેના હીરને પારખીને તેને તે વિષય-પ્રવૃત્તિમાં આગળ લાવવા પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે અને બાળકની સફળતા કે સિદ્ધિને જાહેરમાં

બિરદાવવામાં આવે, તેને સન્માનિત કરવામાં આવે તેવું કરવું જોઈએ.

આ બધી થઈ ભાવાવરણ વિશેની સૈદ્ધાંતિક વાતો, પણ મારી શાળાની વાત કરું તો -

મારી શાળામાં શિક્ષક-શિક્ષક વચ્ચેના સંબંધો, પ્રેમમય, મધુર ને સહકારલક્ષી છે. શાળામાંથી જે શિક્ષક તાલુકા, જિલ્લા કે રાજ્યકક્ષાના કોઈ તાલીમવર્ગમાં જાય, શિબિરમાં કે કાર્ય શાળામાં જાય ને આવે, તેની સાથે સ્ટાફરૂમમાં ચર્ચા થાય, શું શીખી આવ્યાનું ભાથું પિરસાય છે, બાળકોને લગતા પ્રશ્નોની પણ ચર્ચા કરી નિચોડ લાવવામાં આવે છે. જેમ કે, બાળક ગેરહાજર રહેતું હોય તો ? તેમાં વાલીની મુલાકાત લેવામાં આવે છે, ગેરહાજર કેમ રહે છે તેનાં કારણો જાણીએ છીએ.

ભાવાવરણ ઊભું કરવાનું એક સારું સ્થળ એટલે શાળામાં યોજાતી પ્રાર્થનાસભા પ્રાર્થનાસભામાં, શિક્ષકો-બાળકો બેઠાં હોય, પ્રાર્થના પછી ભજન થાય. પછી, તિથિ-તારીખવાર, સુવિચાર, અર્થ વિસ્તાર, વાર્તાકથન થાય, આજનું ગુલાબ, કમળની પસંદગી થાય બાળકોને તાળીઓથી વધાવવામાં આવે આચાર્ય-શિક્ષકોનાં સૂચનો, કોઈ નવતર પ્રયોગની વાત વગેરે.. મારી જ શાળામાં નહિ લગભગ મોટા ભાગની શાળાઓમાં થાય છે.

વર્ગખંડની વાત કરીએ તો હું બાળકો સાથે રંગકામ, ચિત્રકામ, નકશાપૂર્તિ જેવા કાર્યમાં ભાગ લઉં, સમજાઉં, અને પ્રવૃત્તિમાં ઈન્વોલ્વ થાઉં. પત્રલેખન માટે પણ આગળથી જ તૈયારી કરી રાખેલ હતી. પોસ્ટકાર્ડ બાળકોને આપી, પત્રની સમજૂતિ આપી લખવા કહ્યું. મિત્ર પર પત્ર લખવાનો આનંદ બાળકોના ચહેરા પર દેખાઈ આવતો હતો. એ પ્રસન્નતા કે આનંદ જ આપણને સંતોષ બક્ષે છે. કેટલીવાર વર્ગખંડનાં બાળકોને પ્રશ્નોના ઉત્તર ન આવડે, ખોટો આપે કે કોઈ બાબતે ભૂલ થઈ જાય, કોઈ વસ્તુ તોડી-ફોડી નાખે તો શિક્ષક આકરો બની જાય બાળકને ઝઘડે, લાફા છોડી દે કે અન્ય શારીરિક શિક્ષા કરે ત્યારે બાળક લાચાર બની જાય, અને શિક્ષક ? શિક્ષકના એ ગુણો રામ જેવા કે રાવણ જેવા ? પણુ શિક્ષકના ગુણોને લજવે તેવું ન કરતાં આપણે બાળકને સમજવું, એની શારીરિક - માનસિક સ્થિતિને પણ સમજવી રહી.

કેટલીકવાર શાળામાં કેટલાક શિક્ષકો કામ કર્યા કરે ને કેટલાક જોવાવાળા જોયા કરે, આચાર્ય કેટલાક શિક્ષકોને જ કામ સોંપે, કેન્દ્ર પર કે તાલુકા કચેરીમાં કેટલાક શિક્ષકોને જ મોકલ્યા કરે, પોતાના સાથી-વગવાળા શિક્ષકો મોડા આવે ત્યારે કશું નહિ પણ આંખે ચડી ગયેલ-મનમાંથી નકારેલ શિક્ષક મોડો આવે તો તેમની સી.એલ. મુકાય એવું બધું થયા કરે કે થાય એટલે ભોગ બનનાર શિક્ષક પણ અવળો રસ્તો લે જે સુધારવાનું હોય તે વાતાવરણ વધારે બગડે. એ નરી વાસ્તવિકતાનો પણ આપણે સ્વીકારીને ચાલવાનું છે અને શાળાનું ભાવાવરણ બનાવવા પ્રયત્ન કરવાનો છે.

ચાલો આપણે શાળાનું ભાવાવરણ સુમધુર બનાવીએ.

•

પ્રાથમિક શાળા, રંભાસ
તા. આહવા, જિ. ડાંગ

## એક વિજ્ઞપ્તિ

"જીવન શિક્ષણ"ના વાચકોને એક જાહેર વિજ્ઞપ્તિ કરવામાં આવે છે કે, જો તમે શૈક્ષણિક લેખો લખતા હોવ અથવા તમારાં પુસ્તકો પ્રગટ થયાં હોય તો તમે તમારા અભ્યાસની માહિતી, અનુભવ તેમજ તમે લખેલાં લેખ-પુસ્તકોની વિગતો સાથેનું માહિતીપત્રક "જીવન શિક્ષણ"ના સરનામે મોકલી આપશો. **"જીવન શિક્ષણ"** ને ઉત્તમ કક્ષાના લેખો મળે તથા સારા લેખો પસંદ થઈ શકે અને એ રીતે અંકની ગુણવત્તા જળવાઈ રહે એવો અમારો આશય છે. **આ કોઈ નોકરી વિષયક જાહેરાત નથી બલકે, "જીવન શિક્ષણ"ના સંપાદક મંડળના સભ્યોને કામચલાઉ ધોરણે પસંદ કરવા માટેની નમ્ર વિજ્ઞપ્તિ છે.** તો આ શૈક્ષણિક કામમાં રસ ધરાવતા શિક્ષકો સી.આર.સી., બી.આર.સી., કો.ઓર્ડિ., કેળવણી નિરીક્ષકો, આચાર્યો, કેળવણીકારોને **પોતાનું માહિતીપત્રક ૩૧-૩-૨૦૧૪ સુધીમાં "જીવન શિક્ષણ"ના સરનામે મોકલી આપવા વિનંતી છે.** સંપાદક મંડળના સભ્યોને પ્રવર્તમાન સરકારી નીતિ-નિયમ મુજબ પ્રવાસ ખર્ચ, ભથ્થું અને કામગીરી પ્રમાણપત્ર મળવા પાત્ર છે.

# જોયું છે આવું મહાતીર્થ !

- ધર્મેશકુમાર આર. પટેલ

આણંદ જિલ્લાના પેટલાદ તાલુકાના સી.આર.સી. આમોદમાં સૂર્યનગર પ્રા. શાળા (તાબે સિલવઈ) આવેલી છે. ૧૭-૦૬-૨૦૦૫ થી નાનકડી સીમમાં બાવળીયાના લાકડોનો માંડવો બાંધી ઉપર પ્લાસ્ટિક પાથરીને શરૂકરાયેલી આ શાળા છે. જેમાં તળપદા જ્ઞાતિના બાળકો ભણવા માટે આવે છે.

આ શાળામાં ત્રણ શિક્ષકો ફરજ બજાવે છે. જેમાં શ્રી ગોરધનભાઈ વણકર, શ્રીમતી કુસુમબેન મેકવાન શ્રી ધવલભાઈ પટેલ. શાળાની શરૂઆતથી અત્યાર સુધી શ્રી ગોરધનભાઈ વણકર આચાર્ય તરીકે ફરજ બજાવી રહ્યા છે. જેઓ શ્રેષ્ઠ શિક્ષક તરીકે એવોર્ડ વિજેતા પણ થયેલા છે.

ધોરણ - ૧ થી ૫ માં ૩૨ કુમાર અને ૩૪ કન્યા મળીને કુલ - ૬૬ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. તો ચાલો, જાણીએ આ શાળાની સિદ્ધિ...

સૂર્યનગર પ્રાથમિક શાળાનાં બાળકો ભણવામાં ખૂબ જ હોશિયાર, શરૂઆતમાં જે શાળાનાં બાળકોને પહેરવાના કપડાં પૂરતા પ્રમાણમાં નહોતાં એવાં બાળકો આજે યુનિફોર્મ, ટાઈ, બુટ-મોજા સાથે સજ્જ થઈને આવેલાં જોઈ અહો, કલ્પના પણ ન કરી શકો કે આટલો બધો બદલાવ ! આજે શાળામુલાકાત કરતાં નંદનવન સમી પ્રકૃતિના ખોળે ઊભેલી આ શાળામાં કીચન ગાર્ડનની પ્રવૃત્તિ ધ્યાન ખેંચનારી છે. શાળાના કેમ્પસમાં ૧૦૧ થી વધુ ઔષધિઓ ઉછેરેલી છે. જેની સાથે તેનું નામ અને દવા તરીકેના ઉપયોગોની માહિતી ઉપર મૂકેલી હોવાથી બાળકો સરળતાથી જાણતાં થયાં છે. વિદ્યાર્થીઓ મૂલ્ય શિક્ષણના પાઠ ભણાવતી ખોયા પાયા, અક્ષયપાત્ર, બચત બેંક, પ્રશ્નપેટી, વાંચન કોર્નરની પ્રવૃત્તિઓ તો અવિરત ચાલતી જ રહે છે.

શાળાનાં ધોરણ-૩ થી ૫ નાં બધાં જ બાળકો કમ્પ્યૂટરનાં જ્ઞાતા છે. જેઓ કમ્પ્યૂટરમાં પોતાની ફાઈલ બનાવી ગુજરાતી ભાષામાં બે-ત્રણ ફકરા પણ સરળતાથી ટાઈપ કરી, સેવ કરી શકે છે. આની સાથે જ વાંચન, લેખન અને ગણનમાં પણ શાળાનાં બાળકો ૧૦૦% ની નજીક પહોંચેલાં છે. આનું શ્રેય શાળાને પોતાનું તીર્થ માનનારા શિક્ષકોને ફાળે જાય છે. શાળામાં વધુ રોકાઈને પણ બાળકોને શિખવવાની ઉદાત્ત ભાવનાના દર્શન થતાં જોવા મળે છે.

શાળામાં બનેલી એક ઘટનાએ બાળકોના જીવનમાં જાણે પરિવર્તન લાવી દીધું હોય તેમ બન્યુ હતું. એ દિવસ કોઈને પણ માટે ભૂલી ન શકાય તેવો હતો. વાત એમ હતી કે શાળાનાં શિક્ષિકા કુસુમબેનનો સોનાનો અછોડો રસ્તામાં પડી ગયો. સોનાનો અછોડો ખોવાયાની વાત વાયુવેગે ગામડામાં પ્રસરતાં બધાં બાળકો અને તેમના વાલીઓ બહેનનો અછોડો શોધવામાં જોતરાઈ ગયાં. ઘણાંએ તો દેવી-દેવતાઓની માનતા પણ રાખી દીધી હતી. બીજા દિવસે સવારે ત્રીજા ધોરણમાં ભણતી રોશનીના પિતા જગદીશભાઈ તળપદાને ખેતરના શેઢે પડેલો સોનાનો અછોડો મળતાં તેઓ તરત જ શાળામાં આવી કુસુમબેનનાં હાથમાં અછોડો મૂકી હાશકારો, લીધો. નિશાળ તથા ગામમાં આનંદનું મોજું ફરી વળ્યું. સૌ ખૂબ આનંદિત બન્યાં.

શાળા પરિવાર પણ કાંઈ બાકી રાખે ખરો ? ગામના દાતા અને બી.આર.સી.કો.ઑ. શ્રી હસમુખભાઈના હસ્તે જગદીશભાઈનું સન્માન કરાવતાં આ ઘટનાથી શાળાના બાળકોમાં મૂલ્ય ઝિલાયું. આ મારું નથી એટલે મારે ન લેવું ની ઉચ્ચભાવના તથા સંસ્કારો બાળકોએ આ ઘટનાથી આત્મસાત્ કર્યા.

જેના કારણે આજે પણ સૂર્યનગર પ્રાથમિક શાળામાં જઈ કોઈ પણ વ્યક્તિ હળવેકથી ૫૦૦ કે ૧૦૦૦ ની નોટ ફેંકશે. તો થોડી જ વારમાં જ્યારે શાળાના કોઈપણ બાળકની નજર તે તરફ જતાં તે અચુક ઑફિસમાં આવી આચાર્ય સાહેબને જમા કરાવી જશે તેવું જોવા મળશે જ. આ પ્રયોગ ગમે ત્યારે આવી ગમે તે વ્યક્તિ અજમાવે તો આ મૂલ્યનાં ચોક્કસ દર્શન થશે જ, તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

શાળાના શિક્ષકોની બાળકો પ્રત્યેની તથા ગામલોકો પ્રત્યેની મારાપણાની ભાવનાના કારણે શાળા અને સમાજનો નાતો ઘનિષ્ઠ બન્યો છે. અહીં બાળકોને જીવન કૌશલ્યની સાથે ગુણવત્તાલક્ષી શિક્ષણ, ચારિત્ર્ય ઘડતર, મૂલ્ય ઘડતર સંસ્કારોનાં બીજ રોપવાનું ઉમદા કાર્ય શિક્ષકો કરી રહ્યાં છે. શું આપણે પણ આપણી શાળાને બનાવીશું આવું મહાતીર્થ ??

•

લેકચરર
જિલ્લા શિક્ષણ એન તાલીમ ભવન, આણંદ

# નવતર પ્રયોગ

- હિતેન્દ્રકુમાર સી. ટંડેલ

વલસાડ શહેરથી ૨૮ કિલોમીટર દૂર અરબસાગરના કિનારે તથા સંઘપ્રદેશ દમણની ઉત્તર સરહદથી ત્રણ કિમી દૂર ઉદવાડા ગામ આવેલુ છે. ગામમાં હળપતિ, ઢોડિયાપટેલ, ભંડારીપટેલ કોળીપટેલ, માહ્યાવંશી, સોલંકી, માંગેલા, માછી, મુસલમાન તથા પારસી જાતિના લોકો રહે છે. આ ગામમાં વલસાડ જિલ્લા પંચાયત હસ્તકની સરકારી પ્રાથમિક શાળા આવેલી છે. આ શાળાની ચારેય દિશામાં નજર કરીએ તો અંગ્રેજી માધ્યમની નોનગ્રાન્ટેડ શાળાઓ આવેલી છે.

આજના ૨૧મી સદીના યુગમાં તથા અંગ્રેજી માધ્યમના માહોલને કારણે ગામનો સામાન્ય માણસ પણ એવું વિચારવા લાગ્યો કે મારું બાળક અંગ્રેજી માધ્યમમાં ભણે અને અંગ્રેજી ભાષા બોલતો થાય. વાલીની અપેક્ષાઓને ધ્યાન રાખીને શાળાના શિક્ષકગણની મહેનતથી તથા SMC ના સાથ સહકારથી નવતર પ્રયોગો હાથ ધરવામાં આવ્યા.

### ABCD નો પ્રયોગ :

- ધોરણ-૧માં બાળકો ABCD બોલે
- ધોરણ-૨માં બાળકો ABCD લખે તથા અંગ્રેજીભાષામાં બે-ત્રણ નાનકડી રાઈમ્સ બોલતાં થાય.
- ધોરણ-૩ માં બાળકો વ્યક્તિ તથા વસ્તુનાં નામ અંગ્રેજીભાષામાં લખે-બોલે તેમજ રાઈમ્સ ગાઈ શકે.
- ધોરણ-૪ માં બાળકો વ્યક્તિ તથા વસ્તુનાં સંયુક્ત નામ અંગ્રેજીભાષામાં લખતાં અને બોલતાં થાય તથા બે-ત્રણ રાઈમ્સ ગાઈ શકે.
- પ્રાર્થના સંમેલનમાં બાળકોને સ્પેલિંગ પૂછવા (બાળકો દ્વારા આ પ્રવૃત્તિ થાય.)

### જૂડો - કરાટે (સ્વબચાવનો પ્રયોગ)

- બાળકો પોતાનું રક્ષણ કરી શકે.
- બાળકોમાં નિર્ભયતા, આત્મગૌરવ જેવા ગુણો ખીલે.
- ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતાં બાળકોમાંથી કરાટે-જૂડોની પ્રવૃત્તિમાં રસ ધરાવતાં બાળકોને આ તાલીમ આપવામાં આવે છે.
- શાળામાં દરેક વિષયના શિક્ષણની સાથે-સાથે શાળામાં કરાટે-જૂડોની તાલીમ આપવામાં આવે છે.
- આ તાલીમ SMCના સાથ સહકાર તથા બાળકોના વાલીની સંમતિથી ચલાવવામાં આવે છે.
- કુમારોની સાથે કન્યાઓને પણ આ તાલીમ આપવામાં આવે છે.
- બાળ વૈજ્ઞાનિકો તૈયાર થાય તે માટે વિજ્ઞાન વિષયના શિક્ષકો દ્વારા માસવાર પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવે છે.

આ પ્રયોગો ઉપરાંત આજનું ગુલાબ, આજનો દીપક સહારા, ઈકોક્લબ જેવી પ્રવૃત્તિઓની સાથે - સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો તથા ઉત્સવોની ઉજવણીની પ્રવૃત્તિઓ માસવાર આયોજન પ્રમાણે થાય છે.

**નવતર પ્રયોગો તથા અન્ય પ્રવૃત્તિઓના સફળ આયોજનને કારણે શાળાને મળેલ ફલશ્રુતિ :**

- કરાટે-જૂડોની તાલીમને કારણે બાળકોમાં આત્મવિશ્વાસ તથા નિર્ભયતાના ગુણોનો સંચાર થયો.
- નિયમિત કસરતને કારણે બાળકોની તંદુરસ્તીમાં વધારો થયો.
- બાળકોને અન્યને બચાવવાની તથા સ્વરક્ષણ માટેની પ્રેરણા મળી.
- ABCD ના પ્રયોગને કારણે 'આપણા ગામની સરકારી પ્રાથમિક શાળામાં પણ અંગ્રેજી વિષયને વધુ મહત્ત્વ આપે છે.' એવો અહેસાસ વાલીઓને થયો.
- નવતર પ્રયોગોને કારણે આ વર્ષે નજીકની અંગ્રેજીમાધ્યમ તથા ગુજરાતી માધ્યમની નોન ગ્રાન્ટેડ શાળાઓમાંથી અમારી શાળામાં ૪ બાળકો દાખલ થયાં.
- ગામના સરપંચ તથા શાળાથી પાંચ-સાત કિમી દૂર રહેતા કેટલાક શિક્ષકોનાં બાળકો પણ અમારી શાળામાં અભ્યાસ કરતાં થયાં.
- "મોબાઈલની સ્વાસ્થ્ય પર થતી અસરો" આધારિત બનાવેલ કૃતિ વિજ્ઞાનપ્રદર્શન વર્ષ ૨૦૧૨-૧૩ ના વિભાગ-૫ (અ) માં રાજ્યકક્ષાએ રાજકોટ મુકામે શ્રેષ્ઠકૃતિ તરીકે પસંદગી પામી.
- બાળકોમાં અંગ્રેજી શબ્દભંડોળનો વધારો થયો.

•

ઉદવાડાગામ પ્રાથમિક શાળા
તા. પારડી, જિ. વલસાડ

# ગણિત આમ શીખવી શકાય !

- પ્રજ્ઞેશ આર. ઉપાધ્યાય

## (ગણિત શિક્ષણનો નવતર પ્રયોગ)

વિદ્યાર્થીઓના મનમાં ગણિત એટલે અઘરો વિષય એવી માન્યતા છે. તેથી નિરસતા દાખવે છે. ગણિત વિષયમાં કોઈ બાળકો જવાબ ન આપે. ગણિત વિષયમાં ઘડિયા બોલવાના હોય, એટલે યંત્રવત્ બોલાય. પલાખાં પૂછાય એટલે બાળકો મૂંઝાય. હું ગણિત-વિજ્ઞાનનો શિક્ષક ગણિત શીખવવાની શરૂઆત કરી. બાળકોને ગણિત વિષયમાં રસ ન પડે. સાહજિકતાથી ભાગ ન લે. પૂર્વજ્ઞાન ચકાસવા પ્રશ્નો પૂછ્યા તો, આંગળી ઊંચી ન થાય તેથી મને ઘણું દુઃખ થયું. કે ક્યાંક મારી ગણિત શિખવવાની પદ્ધતિમાં ખામી છે ? મેં આત્મસંશોધન કર્યુ, અને નાવીન્યપૂર્ણ પ્રયુક્તિ દ્વારા બાળકોને ગણિત પ્રત્યે અભિરુચિ વધે તેવા પ્રયત્ન શરૂ કર્યા.

બાળકોને સાહજિક્તાથી બોલતાં કરવા માટે રમત રમાડવાનું નક્કી કર્યું. બાળકોને પૂછ્યું. તમારે રમત રમવી છે ? બાળકો દ્વિધામાં પડ્યાં. ચાર-પાંચ બાળકોએ આંગળી ઊંચી કરી. અનુભવી શિક્ષક્ની મદદથી ચૌદેક બાળકોને તૈયાર કર્યાં.રમતની અંદર પ્રવૃત્તિ આવે, અને તેઓ નિર્ણય કરે સ્વયં શીખે સાથે સાથે બીજા બાળકો પણ ભાગ લેતાં થાય. જવાબ આપી શકે તેવી ગોઠવણ કરી. ધોરણ-૫ ના ૨ કુમાર અને ૨ કન્યા એમ ૪ બાળકોની ૩ ટીમ નક્કી કરવામાં આવી.

પહેલી ટીમને "ભારત" બીજી ને "ઈન્ડિયા" ત્રીજીને "હિન્દુસ્તાન" નામ આપવામાં આવ્યું. મનમાં મૂંઝવણ કે બાળકો નક્કી કરેલ સમયમાં જવાબ નહી આપી શકે તો ? આવી મૂંઝવણ સાથે ક્વિઝની રમત રમવા માટે ટીમ પ્રમાણે બેન્ચિઝ ગોઠવી, તક્તી લગાવી સ્કોર ગણવાની અને જવાબ સાચો કે ખોટો તેનો નિર્ણય શિક્ષક તમામ વ્યવસ્થા કરી.

સૌ પ્રથમ સ્કોરર અશ્વિન અને નિકિતાએ પોતાનો પરિચય આપ્યો. ત્યારબાદ પૃથ્વીરાજ, સુભાષ, કિંજલ અને ઉર્વીએ પોતાને "ભારત" ટીમના સભ્યો તરીક ઓળખ આપી.

દેવલ, કાજલ અક્ષય અને રવિનાએ પોતાની "ઈન્ડિયા" ટીમના સભ્યો તરીકે ઓળખ આપી. છેલ્લે ગુલાબ, યતીમ મંજૂ અને કોમલે પોતાની ઓળખ "હિન્દુસ્તાન" ટીમ તરીકે આપી, સૌ બાળકોએ તેમને તાળીઓથી વધાવી લીધાં. ત્યારબાદ ક્વિઝ માસ્ટર તરીકે મેં તેઓને નિયમ સમજાવ્યા.

- ચાર રાઉન્ડ રેહશે.
- દરેક રાઉન્ડ પછી દરેક ટીમે મેળવેલ ગુણ જાહેર કરવામાં આવશે.
- દરેક પ્રવૃત્તિ/પરિસ્થિતિ પ્રથમ પૂરી કરવા માટે ૫૦ ગુણ આપવામાં આવશે.
- દરેક પ્રશ્ન માટે ૧૦ ગુણ મળશે.
- પ્રવૃત્તિ માટે ૧ મિનિટ આપવામાં આવશે.

ક્વિઝ શરૂ કરવામાં આવી. પ્રથમ ત્રણેય ટીમને વજનકાંટા પર દરેક સભ્યનું પોતાનું વજન કરી નોંધવાનું કહેવામાં આવ્યું. સૌપ્રથમ "ભારત" ટીમે પોતાના સભ્યોને વજન નોંધ્યાં. અને તે માટે ૫૦ ગુણ મેળવ્યા.

પછીથી પ્રશ્નનો રાઉન્ડ શરૂ કરવામાં આવ્યો. પ્રથમ પ્રશ્ન દરેક ટીમને આપવામાં આવ્યો તે માટે ૩૦ સેકન્ડ આપવામાં આવી.

- દરેક ટીમ ચઢતા ક્રમમાં પોતાના સભ્યોનાં નામ લખે.
- સૌથી વધુ વજન ધરાવતા સભ્યનું નામ લખવા કહેવામાં આવ્યું.
- સૌથી વધુ વજન ધરાવતા સભ્ય અને સૌથી ઓછું વજન ધરાવતા સભ્યના વજન વચ્ચેનો તફાવત કાઢવા માટે કહેવામાં આવ્યું.

પ્રથમ રાઉન્ડના અંતે સ્કોર જાહેર કરવામાં આવ્યો. "ભારત" ટીમના ૮૦ ગુણ, "ઈન્ડિયા" ટીમના ૩૦ ગુણ "હિન્દુસ્તાન" ટીમના ૩૦ ગુણ જાહેર કરવામાં આવ્યાં.

હવે બીજો રાઉન્ડ શરૂ કરવામાં આવ્યો. જેમાં ૧૫ સેકન્ડ આપવામાં આવી. દરેક ટીમે, પોતાના વજન પ્રમાણે ઉતરતા ક્રમમાં ગોઠવાઈ જવાનું છે. જેમાં "ઈન્ડિયા" ટીમ સૌ પ્રથમ ગોઠવાઈ જેને ૫૦ ગુણ મળ્યા, બીજા રાઉન્ડના અંતે "ભારત" ટીમના ૮૦ ગુણ, "ઈન્ડિયા" ટીમના ૮૦ ગુણ "હિન્દુસ્તાન" ટીમના ૩૦ ગુણ જાહેર કરવામાં આવ્યાં.

ત્રીજા રાઉન્ડમાં દરેક ટીમે પોતાના બધા જ સભ્યોના વજનનો સરવાળો કરી સૌથી વધુ વજન ધરાવતાં સભ્ય અને સૌથી ઓછું વજન ધરાવતા સભ્યના વજનનો તફાવત શોધી તફાવત અને કુલ સરવાળા સાથે ગુણાકાર કરવાનું કહેવામાં આવ્યું.

જેમાં પ્રથમ સાચો જવાબ આપનાર ટીમને ૫૦ ગુણ અને બીજો સાચો જવાબ આપનાર ટીમને ૩૦ ગુણ મળશે. દરેક ટીમને ૩ મિનિટ આપવામાં આવી. જેમાં "હિન્દુસ્તાન" ટીમને પ્રથમ સાચા જવાબ માટે ૫૦ ગુણ અને "ઈન્ડિયા" ટીમને ૩૦ ગુણ મળ્યા.

ત્રીજા રાઉન્ડને અંતે "ભારત" ટીમને ૮૦ ગુણ, "ઈન્ડિયા" ટીમને ૧૧૦ ગુણ અને "હિન્દુસ્તાન" ટીમને ૬૦ ગુણ જાહેર કરવામાં આવ્યાં.

હવે ચોથો રાઉન્ડ શરૂ કરવામાં આવ્યો. જેમાં દરેક પ્રશ્ન માટે ૧ મિનિટ આપવામાં આવી. સાચા જવાબ માટે ૧૦ ગુણ અને ખોટા જવાબ માટે ૨૦ ગુણ કાપવામાં આવશે.

(૧) તમારી ટીમના બધા સભ્યોનો સરવાળો કરો તેને ટીમના સભ્યોની સંખ્યા વડે ભાગો.
સૌ પ્રથમ "ભારત" ટીમે જવાબ આપ્યો. પરંતુ જવાબ ખોટો હોઈ ૨૦ ગુણ કાપી લેવામાં આવ્યાં.

(૨) તમારી ટીમના સૌથી ઓછું વજન ધરાવતા બે સભ્યોના વજનનો ગુણાકાર કરો.
"ઈન્ડિયા" ટીમે પ્રથમ જવાબ આપ્યો. પરંતુ જવાબ ખોટો હોઈ ૨૦ ગુણ કાપી લેવામાં આવ્યા.

(૩) તમારી ટીમના સૌથી વધુ વજન ધરાવતા સભ્યના વજન સાથે તમારી ટીમના સૌથી વધુ વજન ધરાવતા સભ્ય અને સૌથી વજન ધરાવતા સભ્યના તફાવતનો ગુણાકાર કરો.
કોઈ જ ટીમ ૧ મિનિટમાં જવાબ ન આપી શકી તેથી કોઈને ગુણ ન મળ્યા.

ચોથા રાઉન્ડના અંતે "ભારત" ટીમના ૬૦ ગુણ, "ઈન્ડિયા" ટીમને ૯૦ ગુણ અને "હિન્દુસ્તાન" ટીમને ૬૦ ગુણ જાહેર કરવામાં આવ્યાં.

વિજેતા ટીમ ૯૦ ગુણ મેળવનાર ટીમ "ઈન્ડિયા" ને જાહેર કરવામાં આવી.

ક્વિઝની રમત દ્વારા વર્ગમાં બાળકો તથા ભાગ લીધેલ બાળકોને ખૂબ જ મજા આવી અને જે બાળકો જવાબ આપવામાં મૂંઝવણ અનુભવતા હતાં તે બાળકો ક્વિઝમાં ભાગ લેવા તત્પર બન્યાં. જે બાળકો ગણિતમાં રસ ધરાવતાં ન હોતાં તે રસ લેવા લાગ્યાં.

મા સરસ્વતી પ્રાથમિક શાળા નં. ૨૪,
ગદાપુરા, વડોદરા

# સામાજિક સમરસતામાં શાળાની ભૂમિકા

- જગમાલ બી. પીઠિયા

સામાજિક સમરસતા કેળવવા શાળા ઉમદા કાર્ય કરી શકે છે. શાળામાં કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ તેમજ ઉજવવામાં આવતા ઉત્સવો અને પ્રસંગોને કેન્દ્ર સ્થાને રાખી કોઈપણ સમાજમાં જોવા મળતા ઉંચનીચના ભેદભાવને કારણે ઘણા પ્રશ્નો ઊભા થતા કે અમુક કામ અમુક બાળકો જ કરે. અમુક જ્ઞાતિના બાળકો કોઈ કામ કરે તો અન્ય બાળકો તેમાં રસ ન દાખવે, તેનાથી દૂર રહે, તેના પ્રત્યે સૂગ અનુભવે તો આના ઉકેલ માટે શાળાના શિક્ષક પરિવારે અનેક પ્રવૃત્તિ દ્વારા સમરસતાના તાંતણે જોડવાનો પ્રયાસ કર્યો અને તેમાં સફળતા મળી છે. આ રહી સૌ-શિક્ષકોના પ્રયાસોની એક ઝલક...

- શાળામાં ચાલતા મધ્યાહ્ન ભોજન પિરસવામાં ક્રમાનુસાર દરેક બાળકનો વારો આવે અને સૌ એકમેકનો ભાવ સૌ એક જ છે એમ સમજે.
- પાણી પીવા માટે ગ્લાસનો જ ઉપયોગ કરવો અને દરેક બાળક હોંશે હોંશે પાણી પી એકતાનો ભાવ સમજી શકે.
- નવરાત્રિના દિવસોમાં ગરબા રમવાના અને ગાવાના કાર્યક્રમો યોજી દરેક બાળક મન મૂકીને રમે-ઝૂમે એ રીતે સૌ એક જ પરિવાર સાથી બની થનગનાટ કરે.
- શાળાના પ્રાર્થના સંમેલનમાં દરેક બાળક આયોજન મુજબ સંચાલન કરે અને ભાગે આવતી વિવિધ પ્રવૃત્તિ કરે એમ સૌ એક જ ડાળના પંખી બની કિલ્લોલ કરે.
- શાળામાં આવતાં બધા બાળકો નક્કી કરેલ ગણવેશ - પોશાકમાં જ આવે કે જેથી સૌ એક જ રંગના પતંગિયા પેઠે ઉડે અને પોતાપણાનો ભાવ સમજે.

એકવીસમી સદી જ્ઞાન-વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે. ત્યારે સમરસતા કેળવવા માટે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકો શાળાની બહાર પણ સમાજમાં જઈને જે ભેદરેખા છે તેને ન ગણતાં સૌ-એક જ છે એમ સમજી તેમનો સમગ્ર વ્યવહાર હકારાત્મક બનાવી એકતાનો ભાવ ઊભો કરી શકે છે. જેના પાયામાં શાળામાં થતી વિવિધ પ્રવૃત્તિઓ છે જેના લીધે સમરસતા કેળવી શકાય છે.

ભીંગરણ પ્રાથમિક શાળા
તા. ઉના, જિ. જુનાગઢ

# સંસ્કૃત ભાષા : એક વ્યાવહારિક અભિગમ

- સંકલન

શ્રી નિજલિંગપ્પાના શબ્દોમાં કહીએ તો "વર્તમાન સમયની સૌથી મોટી માંગ રાષ્ટ્રીય એકતા છે. સંસ્કૃતે આ દેશને ભાવનાના તાંતણે બાંધ્યો છે. આથી સંસ્કૃત શિક્ષણને સુદૃઢ બનાવવાનું આપણું કર્તવ્ય છે." સંસ્કૃત ભાષાને આદરભાવથી લોકો દેવવાણી, દેવભાષા કહે છે. આ સંદર્ભે ડૉ. સી.વી. રામનનું વાક્ય "એક માત્ર સંસ્કૃતને જ રાષ્ટ્રભાષા જાહેર કરવી જોઈએ. સંસ્કૃત ભાષા જ આજે આપણા રોજિંદા જીવનનું ચાલકબળ છે. અને જીવનને ગતિશીલ બનાવનારી પ્રેરણારૂપે સજીવ તત્ત્વ છે." એ આપણું ધ્યાન ખેંચ્યું છે.ત્યારે આપણે સૌએ એ સંકલ્પ કરવો જોઈએ કે હું સંસ્કૃત ભાષાનું સંરક્ષણ અને સંવર્ધન કરીશ. જે ભગીરથ કાર્યનું અમલીકરણ આ પ્રમાણે કરી શકાય.

**(૧) સંસ્કૃત પુસ્તકોની પ્રદર્શિની યોજવી :**

પ્રાથમિક શાળાઓના દરેક ઓરડામાં "संस्कृत वदतु", "व्यवहारसाहस्त्री," "संस्कृत वाग्व्यवहार:", "गेय संस्कृतम्" જેવા વ્યાવહારિક પુસ્તકો તેમજ સંસ્કૃત સાહિત્યનું મહત્ત્વ દર્શાવતાં ધાર્મિક ગ્રંથો, ગદ્ય, પદ્ય, નાટકો, કથાઓ, પંચતંત્રની વાર્તાઓ, વેદ, ઉપનિષદ, વગેરે જેવાં પુસ્તકોની પ્રદર્શિની યોજી શકાય. આના થકી શાળામાં સંસ્કૃત શિક્ષણ માટેનો એક માહોલ ઊભો કરી શકાશે.

**(૨) યોગ શિક્ષણ સંસ્કૃત માધ્યમ થકી આપવું :**

સંસ્કૃત ભાષા એ યોગની ગંગોત્રી છે, યોગ શિક્ષકે સંસ્કૃતના "पातंजलि योगसूत्र" જેવા ગ્રંથનો ઉપયોગ કરી યોગનું વૈજ્ઞાનિક રહસ્ય વિદ્યાર્થીઓને સમજાવવું. બાળકોને યોગમાં રુચિ કેળવવા શ્રીમદ્ ભગવદગીતાના યોગ વિષયક વિચારો योग: चित्तवृत्ति निरोध: "समत्वं योगमुच्यते," "योग: कर्मसु कौशलम्" વિશે પણ સમજાવવું.

**(૩) સંસ્કૃતમાં નાટકો ભજવવાં**

પ્રવર્તમાન સમયની અનેક સામાજિક, શૈક્ષણિક, રાજનૈતિક, ધાર્મિક, નૈતિક વગેરે સમસ્યાઓને લઈને સરળ સંસ્કૃતમાં નાટકોની રચના કરવી. "संस्कृत भारती", संस्कृत पाठशाला, बृहद संस्कृत परिषद द्वारा તૈયાર કરાયેલાં નાટકો પણ બાળકોને તૈયાર કરાવી પ્રાર્થના સભા કે સાંસ્કૃતિક કાર્યક્રમો હોય ત્યારે બાળકો ભજવે તે માટે મંચ આપવો.

**(૪) સંસ્કૃતમાં બાલ સાહિત્ય પ્રકાશિત કરવું.**

બાળકોની વધુમાં વધુ પ્રિય વસ્તુ સચિત્ર કથાઓના પુસ્તકો છે. આથી બાળકોના પ્રિય વિષયો પશુ-પક્ષીઓનાં નામ, રમતનાં સાહિત્ય-સાધનો, આસપાસના સ્થળો, વસ્તુઓ, ઘરવપરાશની ચીજવસ્તુઓને ધ્યાનમાં લઈ બાળકોને મનોરંજન મળે તેવાં પુસ્તકો સંસ્કૃત માધ્યમમાં તૈયાર કરવાં. જેમાંથી મૂલ્ય શિક્ષણ પણ મળી રહે તેવું ધ્યાન રાખવું. આનાથી બાળકો સંસ્કૃત ભાષા શીખવા માટે તત્પર બનશે.

**(૫) દરેક સાથે સંસ્કૃતમાં જ વાર્તાલાપ કરવો.**

શાળામાં આવનાર મહાનુભાવોને આવકાર સંસ્કૃત વાક્યો કે શબ્દોથી કરવો. તેમના આવવાની સાથે જ "आगच्छतु", "स्वागतम्", "उप विशतु", "धन्यवाद :", "नमो नम:", "कुशलं किम्", "जल ग्रहणं करोतु", "पुन: मिलाम:" વગેરે વાક્યો બોલવાથી એ ખુશ થવાની સાથે પોતે પણ અવારનવાર સંસ્કૃત વાક્યો બોલશે. એટલું જ નહીં, અન્ય માણસો પણ આ પ્રયોગો સાંભળી બોલવાનું શરૂ કરી દેશે.

**(૬) સંસ્કૃત સામયિકોનું વાંચન કરાવવું :**

સંસ્કૃત વિષયને રસપ્રદ રીતે રજૂ કરતાં ઘણાં બધાં સામયિકો ઉપલબ્ધ છે. જેમાં "सम्भाषण सन्देश, देवसायुज्यम्, वेदव्यासंग", વગેરે શાળામાં નિયમિત મંગાવવા જોઈએ. આટલું જ નહીં પરંતુ વડોદરાથી પ્રકાશિત થતું સંસ્કૃત અખબાર "सांप्रत" પણ બાળકો વાંચે તેવું વાતાવરણ શાળામાં ઊભું કરી શકાય. શાળાના પુસ્તકાલયમાં, વાંચન કોર્નરમાં પણ આવી સામગ્રી વાંચન માટે મૂકીને બાળકોમાં સંસ્કૃત ભાષા પ્રત્યે અનુરાગ ઉત્પન્ન કરી શકાય.

**(૭) સંસ્કૃત દિન તથા સંસ્કૃત સપ્તાહની ઉજવણી :**

શાળા કક્ષાએ સંસ્કૃત દિનની ઉજવણી બળેવ અર્થાત્ નાળિયેરી પૂર્ણિમા (રક્ષાબંધન) ના દિવસે તથા તેના આગળ

પાછળના દિવસે કરી શકાય. જેમાં સંસ્કૃતને લગતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ યોજી શકાય. સંસ્કૃત સપ્તાહની ઉજવણીમાં વ્યાખ્યાન, સંસ્કૃત સંભાષણ, સંસ્કૃત નાટકો, શ્લોકગાન સ્પર્ધા, મંત્ર ગાન સ્પર્ધા, શ્લોકોની અંતાક્ષરી, શબ્દ રમતો, સ્તોત્ર ગાન સ્પર્ધા, સંસ્કૃત ગરબા ગાન વગેરે અનેક પ્રવૃત્તિઓ કરાવી શકાય.

આનાથી શાળામાં સંસ્કૃતમય વાતાવરણનું નિર્માણ થશે. બાળકની સંસ્કૃત પ્રત્યેની રસ-રુચિ વધશે.

**(૮) સંસ્કૃત ભાષાને સંસ્કૃત માધ્યમમાં જ શિખવવી :**

શિક્ષક વર્ગખંડ વ્યવહાર સરળ સંસ્કૃતમાં જ કરશે તો બાળકો પણ સંસ્કૃત બોલવા પ્રેરાશે તથા વારંવાર રટણ કરવાથી દૃઢીકરણ પણ થશે આપણી સમસ્યા જ એ છે કે – ''संस्कृत भाषा हृदये अस्ति किन्तु कण्ठे नास्ति ।'' અર્થાત્ સંસ્કૃત ભાષા હૃદયમાં છે પરંતુ કંઠે નથી. માટે જ આપણે બાળકોને સકૃતમાં બોલવા અભિપ્રેરિત કરવાં જ જોઈએ.

**(૯) સંસ્કૃત સંભાષણ વર્ગો ચલાવવા :**

ઘરમાં, કાર્યાલયમાં મિત્ર મંડળમાં, શાળામાં ગમે ત્યાં સંસ્કૃત બોલવાનું શરૂ કરો. આમ કરવાથી લોકોને સંસ્કૃત બોલવાની ટેવ પડશે અને સાંભળનારને સાંભળવાથી પણ સંસ્કૃત ભાષા આવડશે. આ બોલતા શિખવવા માટે શાળામાં સંસ્કૃત સંભાષણ કરાવવું જ પડશે.

આપણને સંસ્કૃત ભાષામાં વાતચીત કરવાની શરૂઆત ક્યાંથી કરવી એવી ચિંતા કદાચ શિક્ષકોને થતી હશે. मम नाम गोपालः । भवतः नाम किम् ? (પુરુષોને) भवत्याः नाम किम् ? (સ્ત્રીઓને), अहं शिक्षकः ।, भवान् कः ? (પુરુષોને), भवती का ? (સ્ત્રીઓને) अहं शालां प्रति आगच्छामि । अहं गृहे गच्छामि । अहं संस्कृतं स्वल्पं जानामि, किन्तु संस्कृतं वक्तुम् प्रयत्नं करिष्यामि । આવા સરળ વાક્યોથી સંસ્કૃત સંભાષણની શરૂઆત કરો. આ પ્રમાણે વાતચીત કરવાથી ડર અને સંકોચ પણ ભાગી જશે અને સંસ્કૃતમાં વાતચીત કરવાથી શબ્દ અને ધાતુનાં રૂપો ગોખવાની જરૂર પડશે જ નહીં.

આપણા સૌની એ ઘોષણા બનવી જોઈએ કે સંસ્કૃત બોલો, સંસ્કૃત વિશે નહીં, ''संस्कृत वदतु न तु संस्कृतविषये ।'' ડૉ. રાધાકૃષ્ણન્ ના શબ્દોમાં કહીએ તો – ''સંસ્કૃત અનેક ભાષાઓની જનની છે. સંસ્કૃત આજે પણ જીવંત ભાષા છે. સંસ્કૃતની આપણા જીવન પર પ્રગાઢ અસર પડેલી છે. આ સંદર્ભમાં સંસ્કૃત ભાષા અને સાહિત્ય રાષ્ટ્રીય હોવા છતાં તેનો ઉદ્દેશ સાર્વભૌમ રહ્યો છે.'' જેને સમર્થન આપતાં સંસ્કૃત ભાષા અન્ય બધી જ ભારતીય ભાષાઓ માટે એક પૌષ્ટિક, સાત્ત્વિક અને તેજસ્વી ધાવણની ગરજ સારે છે તેમ કહી શકાય.

# સદૈવ શિક્ષક

- દિનેશભાઈ જોશી

**પ્રસ્તાવના :**

મને એક શિક્ષક મળ્યા કહે કે મારે નોકરીના હવે તો દશ મહિના જ બાકી છે, હવે શી પ્રવૃત્તિ કરવાની. માત્ર નોકરી પૂર્ણ થાય એટલે બસ...

આ ઘટનાના બે દિવસ પછી હું અમારા બાજુના ગામમાં ગયો ત્યાં મોટી ઉંમરની વ્યક્તિને શાળામાં કામ કરતી જોઈ મેં નમસ્કાર... કરી પૂછ્યું, આપ ? જવાબ મળ્યો ''શિક્ષક છું.'' નવાઈ લાગી. શાળાના આચાર્યે મને કહ્યું અહીંના નિવૃત્ત થયેલ આચાર્ય શ્રી વિઠ્ઠલભાઈ પ્રભુભાઈ કાવર સાહેબ છે. પછી આચાર્ય સાહેબે માંડીને વાત કરી.

''વર્ષ ૧૯૯૫ની સાલમાં આ સાહેબ નિવૃત્ત થયેલ. પરંતુ રોજ નિયમિત શાળાના સમયે શાળામાં આવે છે. બાળકોને ગણિત-વિજ્ઞાન વિષયો ભણાવે છે. પૂર્ણ સમય માટે શાળામાં રોકાય છે.'' મને તેમના જ મુખે જીવન વૃત્તાંત સાંભળવાની જિજ્ઞાસા જાગી.

વિઠ્ઠલભાઈ સાહેબે વાત શરૂ કરી ખેડૂતનો દીકરો છું. ખૂબ જ ગરીબ પરિસ્થિતિમાંથી મેં શાળાંત પરીક્ષા પાસ કરીને શિક્ષક તરીકે નોકરી મેળવેલ રૂા. ૫૨ (બાવન) પૂરા પહેલો પગાર આવેલો. શરૂઆતમાં મારા વતનના ગામ ખોડુ થી ચાલીને મોટા અંકેવાળિયા ગામમાં જતો રોજ સવારે નીકળી જતો અને સાંજે આવતો.

ગણિત અને વિજ્ઞાન મારા રસના વિષય એટલે મને ખૂબ જ ગમે. બાળકોને ખૂબ જ હેતથી બધા વિષયોનો રસાસ્વાદ કરાવું. વિદ્યાર્થીઓને કંટાળાજનક લાગતો ગણિત વિષય

નવીન પદ્ધતિઓથી ભણવું ઓછી સુવિધા વચ્ચે પણ અભ્યાસ રસપૂર્વક થાય તેવી પ્રવૃત્તિઓ કરાવું.

મારી બદલી થઈ મારા વતન ખોડુમાં, જ્યાં મેં ૩૮ વર્ષ સુધી નોકરી કરી. આ ગામ મોટું છે, અહીં તમામ જ્ઞાતિના લોકો વસે છે. અહીં આવ્યો ત્યારે શરૂઆતમાં દલિત સમાજમાં ખાસ અભ્યાસની જાગૃતિનો અભાવ જોવા મળ્યો. આ સમાજનાં બાળકોને શાળાએ લાવવા માટે અથાગ પ્રયત્નો કરેલ. જેને લઈ દલિત સમાજમાં વિદ્યાર્થીઓ શાળાએ આવતાં થયાં.

આવા જ પ્રશ્નો રબારી-ભરવાડ સમાજમાં દીકરીને ભણાવાય નહિ તેવી માન્યતા. નજીકમાં દૂધરેજ ગામ ત્યાં ભગવાન વડવાળા દેવનું મંદિર ત્યાંના પરમ પૂજ્ય મહંત કલ્યાણદાસબાપુને મળી આ સમાજની દીકરીઓને શાળામાં મોકલાવવા વિનંતી કરી, ગુરૂના આદેશથી તરત જ ૧૮ જેટલી કન્યાઓ શાળાએ આવતી થઈ.

ધીરેધીરે ગામમાં ધાર્મિક કાર્યોમાં સામાજિક રીત-રિવાજમાં સુધારા કરવા, લગ્ન પ્રસંગો, મરણ પ્રસંગોએ તમામ જગ્યાએ શાળાના શિક્ષકોને લઈને ગામમાં જતો જેથી લાગણીઓ વધુ બંધાઈ.

ગામના ઊંચા ગજાના કથાકાર શ્રીછબીલદાસ મહારાજનું સમગ્ર વિસ્તારમાં ખૂબ જ માન. શાળામાં કથાનું આયોજન કરાવ્યું. રાત્રી કથા કરાવેલ, આવેલ દાનમાંથી સાત ઓરડા ધાબાબંધ ૧૯૮૧-૮૨ માં બંધાવ્યા. ખૂબ જ ધામ-ધૂમથી શાળાનું ઉદ્‌ઘાટન કરાવ્યું, ગામ ધૂમાડાબંધ (જમણવાર) રાખેલ.

મારી નિવૃત્તિ સમયે શાળામાં ૨૧ શિક્ષકોનો સ્ટાફ અને બાળકોની સંખ્યા ૧૦૫૦ જેટલી. નિવૃત્તિ પછી માત્ર બે દિવસ ઘેર રહ્યો પણ મને ફાવ્યું નહિ. પછી તો ફરીથી સમયસર શાળાએ જવાનું શરૂ કર્યું.

દરરોજ શાળા ખૂલે ત્યારે હું સમયસર શાળાએ આવી જાઉં છું. ધોરણ ૫ થી ૭ નાં બાળકોને ગણિત - વિજ્ઞાન વિષય શીખવું છું. અને વિવિધ પ્રવૃત્તિઓ કરાવું છું. પૂરો સમય શાળામાં રહું છું એક શિક્ષક તરીકે કામ કરુ છું.

મને વિઠ્ઠલભાઈસાહેબની વાતોમાં વધુ રસ પડ્યો. મેં પૂછ્યું. આ ૭૮ વર્ષની ઉંમરે બીજી કાંઈ પ્રવૃત્તિ કરો છો. તો કહે...

રોજ સવારે ગામના વડીલો સાથે પ્રભાતફેરી કાઢું છું. શિવ મંદિરની પૂજા કરું છું. જે બાળકો અનિયમિત છે તેમના વાલીઓને મજૂરીએ જાય તે પહેલાં મળીને બાળકોને શાળાએ મોકલવા સમજાવું છું. ખાસ હવે કોળી સમાજનાં બાળકો અનિયમિત રહે છે તેથી આ વિસ્તારમાં સવારે ૭-૦૦ થી ૮-૦૦ કલાક દરમ્યાન મુલાકાત લઈ બાળકો અને વાલીને સમજાવી શાળાએ આવતા કરું છું.

શાળાના આચાર્યશ્રીએ મને કહ્યું કે વિઠ્ઠલભાઈ સાહેબ તેમના પેન્શનની ૫૦% ટકા રકમ શાળામાં જમા કરાવે છે. તેઓના પેન્શનની ઘણી રકમ અમે શાળામાં ભેગી કરી છે. જેના કારણે કોઈપણ કાર્યક્રમ કરવા માટે અન્ય લોકો પાસેથી ફંડ-ફાળો ઊઘરાવવો પડતો નથી. તેઓના પૈસાથી શાળાના તમામ બાળકોને પ્રવાસ પણ થઈ જાય છે.

મને મન મૂકી વાતો કરવાની ઈચ્છા થઈ પરંતુ સાહેબને તાસ લેવા જવાનું હોવાથી મને કહે પછી પધારજો... મેં દંડવત્ પ્રણામ કર્યા.

આ છે... સદૈવ શિક્ષક !

•

ચાણપર પ્રાથમિક શાળા
તા. મૂળી, જિ. સુરેન્દ્રનગર

**આગેકદમ, દરિયાવની છાતી પરે,**
**નિર્જળ રણે, ગાઢાં અરણ્યે, ડુંગરેઃ**
**પંથ ભલે ઘન ઘૂઘવે કે લૂ ઝરે !**
**આગેકદમ ! આગેકદમ ! આગેકદમ !**
**- ઝવેરચંદ મેઘાણી**

# એક એવું દંપતી...

- ડૉ. નિષાદ ઓઝા

તાલુકો ખેડબ્રહ્મા, ગામ ગુલાબપુરા, ગણ્યા ગાઠ્યા લોકો શાળાની મુલાકાત લે. પ્રયોજન વાચન પર્વ નિમિત્તે સોંપેલા કાર્યનું ફોલોઅપ જોવાનું. પૂર્વભૂમિકા પહેલી મુલાકાતમાં કંઈક આમ બંધાયેલી. જેમને કામ સોંપાયેલું તેવું દંપતી હરેશભાઈ અને ઈન્દુબેન તાલીમ વર્ગમાં ક્યાંક અમને જોયેલાં એટલે આવકાર યોગ્ય રીતે જ મળ્યો. શાળામાં ચાલતી પ્રવૃત્તિઓનું વિહંગાવલોકન કર્યું. ધીમેધીમે વાત શરૂ થઈ. હરેશભાઈની વાતનો ઉઘાડ ધીમે ધીમે અસરકારક બનતો ગયો. વચ્ચે ક્યાંક ક્યાંક ઈન્દુબેન પણ પ્રવૃત્તિની ટૂંકી વાત બોલી નાખે.

હરેશભાઈ કહે, ‘સાહેબ, અહીં આવ્યાં ત્યારે એકપણ બાળકને વાંચતાં નહોતું આવડતું. સાવ સાદા શબ્દો પણ વાંચવામાં અગવડ પડે. અમે મૂંઝાયા, કામ કઈ રીતે પાર પાડવું. શરૂઆતમાં નિરાશા અને કંટાળો બંને આવતાં. પણ ધીરજ રાખી બાળકોને આજુબાજુ બેસાડી વચ્ચે બેસીને તેમને તેમના પરિવારને લગતી બાબતો વિશે જાણવાનો પ્રયાસ કર્યો. વાત સાહેબ ગામ સુધી ધીમેધીમે પહોંચવા માંડી. ન આવતાં બાળકો શાળામાં આવતાં થયાં. તે અમારી પ્રોડક્ટ બની અમે જે કામ કરી રહ્યા હતા તે વાચન સુધારવા માટેનું હતું પણ બાળકોનો વિશ્વાસ સંપાદિત થતાં હાજરીના પ્રશ્નો પણ હળવા બન્યા. અમને આનંદ થયો અને કામની નિષ્ઠા પ્રબળ બની.’

“ઈન્દુબેન તમે અપડાઉન કરો છો એ બાબત આમાં અડચણરૂપ નથી બનતી?” મે વચ્ચે પ્રશ્ન કર્યો. સાહેબ ટિફિન લઈને કે જમીને આવી જવાનું મોડું કદી પડવાનું નહિ અને વહેલા કદી જવાનું નહિ. કોઈ તાલીમ ફરજિયાત હોય તો જ જવાનું જેના માટેનો પગાર મળે છે, તે કામ ન થાય તો નોકરીનો શો મતલબ !

... અને સાહેબ, મને ચિત્રનો શોખ છે એટલે વાચન માટેની સામગ્રી પણ બધી જાતેજ બનાવવાની બાળકોને પણ એમાં સામેલ કરવાનાં તેઓ પણ શીખે અને પ્રવૃત્તિનો આનંદ મેળવે. જિજ્ઞાસાવૃત્તિ સંતોષાય. હરેશભાઈએ ઈન્દુબેનની વાતમાં આ વાત જોડી અને વાત આગળ વધારી વચ્ચે વચ્ચે મારા પૂરક પ્રશ્નોના સંદર્ભમાં એમની વાત રજૂ થતી હતી સાહેબ, જે સામગ્રી જોઈએ છે તે ક્યારેક ઘરના પૈસા ખર્ચીને પણ લાવી દઈએ. ક્યારેક કોઈ ગ્રાન્ટ ન આવી હોય કે ઓછી પડે તો પણ ક્યારેય ચિંતા નહિં.

શરૂઆતમાં તો સાહેબ ! માત્ર મૂળાક્ષરોના જ કાર્ડ બનાવતાં અને એણે બાળકોની સામે માત્ર ચિત્રસ્વરૂપે જ મૂકવાના મૂળાક્ષરો સ્વરૂપે નહિ. ચિત્રમાં રસ ધરાવતાં બાળકોને પણ એમાં જોડીને તેમની પાસે કાર્ડ બનાવડાવવાનાં, ધીમે ધીમે ચિત્રની સંકલ્પનાં તરફથી ભાષા સાથે એમનું જોડાણ કરવાના પ્રયાસો આદર્યા. વાચન પર્વ તો સરકારશ્રીની એક સૂચના હતી. પણ અમારે ત્યાં અમે કાયમ આ પ્રવૃત્તિ માટે મથામણ ચાલુ રાખી છે. પછી ધીમે ધીમ મોટા ચાર્ટ બનાવવાનું શરૂ કર્યું. કેટલાક શબ્દોથી ભરેલા આ ચાર્ટ બાળકો સામે રાખવાના, બાળકો હસતાં ફરતાં વાંચે અને ન ખબર પડે તો કેટલાક વાંચતા થયેલા. સહપાઠીઓ પાસે શીખે ક્યારેક તો એવું પણ જોવામાં આવ્યું કે એક દીકરો કે દીકરી કંઈક વાંચવામાં ખચકાટ અનુભવે તો તરત બાજુમાંથી એનો સાથી બોલે કે કે આમ નહિ પણ આમ, અમે આ અવલોકીએ અને આનંદીએ.

ધીમે ધીમે શાળામાં સંખ્યાની સાથે સાથે વાંચતા થયેલા બાળકોની સંખ્યા પણ વધતી ચાલી. અમારો આનંદ બેવડાતો ગયો. પરંતુ હજી કંઈક ખૂટતું હોય તેવું લાગ્યા કરતું. એટલે નવો પ્રયોગ શરૂ કર્યો. સાવ નબળાં બાળકો માટે માત્ર મૂળાક્ષરના ચાર્ટ, થોડું વાચતાં થયેલાં બાળકો માટે શબ્દો અને માર્ગદર્શકની ભૂમિકા ભજવી શકે તે રીતે તૈયાર થયેલાં બાળકો માટે વાક્યોનાં કાર્ડ તૈયાર કરીને શાળાના પ્રાંગણમાં રહેલાં વૃક્ષોની ડાળીએ દોરી વડે લટકાવવાની શરૂઆત કરી અને સાહેબ એનું જે પરિણામ મળ્યુ તે ખરેખર અમારી આટલા વર્ષની મહેનતના પરિપાકરૂપ હતું. શાળાની લોબીમાં વિરામના સમયમાં બાળકોને એ વૃક્ષો આસપાસ વીંટળાયેલાં જોઈએ અને એમની શીખવા-શિખવવાની જિજ્ઞાસાને જોઈએ ત્યારે વરસો પછી ઘેર પારણું બંધાયુ હોય અને દંપતીને જે ખુશી થાય તેવી ખુશી અનુભવીએ. આજે સાહેબ પરિસ્થિતિ એ છે કે આમાંથી કોઈપણ બાળકને તમે પૂછો તે વિશ્વાસથી વાંચશે સાહેબ આનાથી વધારે બીજું સુખ શું હોય કદાચ એમના આશીર્વાદથી જ આપણે સુખી છીએ.

અને હા, સાહેબ ! તમે શરૂઆતમાં તમે આ સંદર્ભનો જે અંક બનાવવાનું કામ સોંપ્યું હતું તેનો પ્રયત્ન કર્યો. વાણીમાં વિવેક અને નમ્રતા હતી. કંઈક નક્કર પ્રયાસો કરવાનું પરમ સુખ એમના ચહેરા પર હું અંકની સાથે-સાથે વાંચી શકતો

હતો. એક પછી એક પાનું હું જોતો હતો. એક નાનકડું દિશા દર્શન આટલું સુંદર સ્વરૂપ ધારણ કરશે તેની કલ્પના નહોતી. એક ખોબા જ્યાં ગામમાં આટલું હેતુપૂર્વકનું અને નિષ્ઠાપૂર્વકનું નક્કર કામ કરતું આ દંપતી મને એમ લાગે છે કે જિલ્લાના સુખી શિક્ષક દંપતીએ પૈકીનું એક હશે. હા, ભૌતિક રીતે નહિ... અહીં શૈક્ષણિક રીતે સુખની વાત છે...!!!

•

વ્યાખ્યાતા,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ઈડર

# શાળા પુસ્તકાલયનો સદ્ઉપયોગ

- વંદનાબહેન વી. કોઠિયા

દરેક બાળકને સારા શિક્ષક મળે,
દરેક પુસ્તકને સારા વાચક મળે.

'જ્ઞાન વહેંચતાં વધે અને ધન સંઘરતાં ખૂટે' એ ન્યાયે 'જ્ઞાનની પરબ' એટલે શાળા પુસ્તકાલય! પુસ્તકો જ્ઞાન રત્નોથી ભરપૂર હોય છે જ્યારે પુસ્તકાલય પુસ્તકોથી. તો આ જ્ઞાન રત્નોનો ખજાનો સૌને માટે પણ કેમ ન ખૂલ્લો રાખીએ?

આજે શાળાઓ પુસ્તકોથી ભરપૂર છે. કેમ કે ગુજરાત સરકાર તરફથી 'વાંચે ગુજરાત' અંતર્ગત ૩૫૦ જેટલાં પુસ્તકોનાં સેટ ભેટમાં મળ્યો છે. વળી, પુસ્તક ગ્રાન્ટ પણ મળી છે તો પછી આ પુસ્તકો વંચાવવાં જ જોઈએ ને ! દરેક ગામમાં વીજળી, પાણી અને આરોગ્ય જેટલું જ અગત્ય વાંચનનું હોય તો?

એક વખત અમદાવાદની મુલાકાત દરમિયાન ઘાટલોડિયા વિસ્તારમાં આવેલી 'હસતાં ફૂલ' શાળામાં જોવા મળ્યું. શાળા ખૂબ જ નાની. શાળાના પટાંગણમાં એક સાથે બધા બાળકોને વાંચતાં જોયા ત્યારે તે પટાંગણ મંદિર કરતાં પણ વધારે પવિત્ર લાગ્યું. તરત જ મનમાં ઝબકારો થયો કે આ પુસ્તકો વાલીઓ પણ વાંચે તો ? સોનામાં સુગંધ ભળી જાય!!!...

મેં મારી શાળામાં ત્રણ-ત્રણ પુસ્તકોનો સેટ તૈયાર કરી દરેક બાળકને તેની પસંદગીનું પુસ્તક લેવા જણાવ્યું. બાળકોએ પુસ્તક વાંચ્યું અને આમ એક, બે, પાંચ એમ નિયમિત પુસ્તકો વાંચતાં થયાં. મારા વર્ગનાં બાળકોને જોઈને અન્ય વર્ગમાં બાળકો પણ વાંચતાં થયાં. બાળકોનાં હાથમાં નિત-નવાં પુસ્તકો જોઈ વાલીઓ પણ વાંચતા થયા. તો કેટલાક વાલી શાળામાં રૂબરૂ આવીને પુસ્તકો પસંદ કરીને લેતા થયા જેથી વાલીઓ અને શિક્ષકો એકબીજાની નજીક આવ્યા. સમાજમાંથી શાળાને જોઈતી મદદ ખૂબ જ સરળતાથી મળતી થઈ. વળી, બાળકોએ ટી.વી. જોવાનું બંધ કરી વધુને વધુ વાંચતાં થયા બાળકોની જે અપેક્ષા ટી.વી. પાસે હતી તે હવે તેને પુસ્તકોમાંથી મળવા લાગી તે પછી મેં વધુમાં વધુ પુસ્તક વાંચ્યાં હોયે તેવા વિદ્યાર્થીઓ અને વાલીઓનું સન્માન કર્યું. તેમજ 'આજના દીપક' નિમિત્તે વિદ્યાર્થીને તેના જન્મ દિવસે તેની ઉંમર અને રસને જાણીને પુસ્તકની ભેટ આપી.

આમ ધોરણ પ્રમાણે મેં વિદ્યાર્થીઓની કક્ષા રસ, જિજ્ઞાસાને ધ્યાનમાં રાખી અન્ય પુસ્તકો વાંચવા આપ્યાં કે જે અભ્યાસક્રમને અનુબંધ હોય, એકમનો સંદર્ભ તેમાંથી મળી જતો હોય આમ, બાળકનો અભ્યાસ પણ સારો થયો. વિદ્યાર્થીઓની વાંચન શક્તિ વધી. વાંચેલું પ્રાર્થનામાં રજૂ કરવાથી શરૂ કર્યું તેમાની વકતૃત્વ શક્તિ ખીલી અને સાથો સાથ આત્મવિશ્વાસ પણ વધ્યો. વાંચેલું નોંધપોથીમાં લખવાનું હોવાથી તેની લેખનશક્તિ પણ ખીલી છે. હવે કસોટીમાં સારા માર્કસ પણ લાવે છે. આમ, પણ વાલીની શિક્ષક પાસે આ જ અપેક્ષા હોય છે કે તેના બાળકને સારું શિક્ષણ અને સંસ્કાર મળે.

મેં એક વિદ્યાર્થીના સરનામે મેગેઝિનનું લવાજમ ભર્યું. જ્યારે એ મેગેઝિન તેના ઘેર આવ્યું તો તેને થયું કે 'મારા નામે પુસ્તક આવ્યું છે.' તેથી તેણે અવશ્ય પણે વાંચ્યું જ અને બીજા વર્ષે મેં લવાજમ ના ભર્યું તો બાળકે તેના વાલીને કહ્યું કે મારા માટે આ મેગેઝિન મંગાવી દો. આનાથી વધારે ઉત્તમ બીજુ શું હોઈ શકે ? એ જ રીતે લગ્ન પ્રસંગે કે ઘેર આવેલ મહેમાન ને પણ પુસ્તક ભેટ આપવાની અનેરો આનંદ મળે છે.

આમ, વાલીઓ વાંચશે તો તેમનાં બાળકો પણ આપો આપ વાંચશે, વાલીએ વાંચવા માટે ક્યારેય કહેવું નહિ પડે.

આજના વાલી ૮૦ રૂા.નો ઢોંસો ખરીદવામાં ગૌરવ અનુભવે છે ત્યારે એ ગૌરવ ૮૦ રૂા.નાં પુસ્તક ખરીદવામાં બદલાય તો !!

"पढ़ेगा इन्डिया तभी तो
आगे बढ़ेगा इन्डिया।"

•

ભાડલા કન્યા પ્રાથમિક શાળા
તા. જસદણ, જિ. રાજકોટ

# પરિસર વ્યવસ્થાપન

- ભરત મેસિયા

### ભૂમિકા

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શિક્ષણ ગુણવત્તા સુધાર માટે વિવિધ રીતે સરકારી યોજનાઓનો લાભ તમામ સરકારી શાળાઓને મળી રહ્યો છે. તમામ સરકારી શાળાઓ એક આદર્શરૂપ ભૌતિક સુવિધાઓથી સજ્જ થઈ છે. શાળામાં વર્ગખંડો, વર્ગ સાહિત્ય, કમ્પ્યૂટર, ટી.વી., શાળા લાઈબ્રેરી, વિજ્ઞાન પ્રયોગશાળાનાં સાધનો, ઈકોક્લબ પ્રવૃત્તિના માધ્યમે કેમ્પસ ડેવલપમેન્ટ, ટેબલ-ખુરશી-કબાટ સહિતનું જરૂરી ફર્નિચર... વગેરેથી શાળાઓ સુવિધાયુક્ત બની છે.

એક સમય એવો હતો કે શાળામાં સફાઈ માટેની સાવરણીની ખરીદી કરવી અથવા તો નાનકડી જરૂરિયાત માટે પડકારજનક બાબત હતી. અનેક સમસ્યાઓ હતી. જ્યારે હવે સુવિધાઓ ન હોવાને બદલે ઉપલબ્ધ સુવિધાના વ્યવસ્થાપનના નવા પ્રશ્નો ઊભા થયા છે.

શાળાઓમાં સંડાસ-બાથરૂમની વ્યવસ્થા કુમાર-કન્યા તથા સ્ટાફ માટે અલાયદી વ્યવસ્થા ઉપલબ્ધ છે પરંતુ તેની દૈનિક સ્વચ્છતા જાળવી રાખવાનું જરૂરી બન્યું છે.

શાળાઓમાં કમ્પ્યૂટર લેબ છે પરંતુ તેનાં સાધનો, પ્રિન્ટર, સી.પી.યુ., સ્કેનર વગેરેનો યોગ્ય ઉપયોગ સાથે શિક્ષણમાં સમન્વય તે જરૂરી બન્યું છે.

શાળામાં ઈકોક્લબની પ્રવૃત્તિઓ થાય છે. જે અંતર્ગત વૃક્ષારોપણ થયું છે, પરંતુ તેની જાળવણી સાથે વૃક્ષ ઉછેર પ્રવૃત્તિની આવશ્યકતા જણાય છે.

આ ઉપરાંત શાળા પરિસરની સ્વચ્છતા મકાનની સફાઈ, લાઈટ-પાણીની વ્યવસ્થા તથા વપરાશ માટે આયોજનપૂર્વક કામ લેવું પડે તેવા સંજોગોનું નિર્માણ થયું છે.

ઉક્ત પરિસ્થિતિઓ વચ્ચે શાળા પરિસર વ્યવસ્થાપન માટે મોડેલરૂપકાર્ય જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જુનાગઢ દ્વારા થઈ રહ્યું છે. અત્રે વિવિધ બાબતોનું વ્યવસ્થાપન અમારી સંસ્થામાં કઈ રીતે થયું છે તેની માહિતી પ્રસ્તુત છે જે આનુષંગિક શાળાકક્ષાએ આપ આ મોડેલ લાગુ પાડી શકો તે માટે વિશાળ રાજમહેલની પ્રેરણારૂપ વ્યવસ્થાની બાબતો અત્રે પ્રસ્તુત છે.

### ભવન પરિસર વ્યવસ્થાપન

#### સંસ્થા સફાઈ

સંસ્થામાં વિશાળ પ્રાર્થના હોલ, સ્ટાફ માટેના તથા તાલીમમાં આવતા શિક્ષકો માટેના સંડાસ-બાથરૂમ, પ્રાચાર્ય ચેમ્બર, વહીવટી સ્ટાફરૂમ, શૈક્ષણિક સ્ટાફરૂમ વગેરેની દૈનિક સફાઈ કરવામાં આવે છે.

આ માટે સફાઈ કામદાર પોતાની નિયત સફાઈ કરે છે, તે વર્ગખંડમાં સફાઈ તેમજ ભવન પરિસરની સફાઈ કરે છે. આ ઉપરાંત સફાઈ સમિતિની રચના પણ કરવામાં આવી છે. જેમાં સ્ટાફ પણ સ્વસમજણથી પોતાના ટેબલ આસપાસ સફાઈ જાળવે છે તેમજ કચરો વગેરેના નિકાસ માટે તેમને વ્યક્તિગત રીતે ફાળવવામાં આવેલી કચરાપેટીમાં જ તે કચરો નાખે છે.

સમગ્ર સંસ્થાનાં મકાનો, મોટુ ફર્નિચર, લાઈબ્રેરી, બાગ-બગીચા, મેદાનો વગેરેની સફાઈ માટે સમયાંતરે શ્રમશિબિરનું આયોજન કરવામાં આવે છે જેમાં સમગ્ર ભવન પરિવારનો સ્ટાફ તથા તાલીમાર્થીઓ જોડાય છે. આ શ્રમશિબિરમાં વિવિધ જૂથ પાડવામાં આવે છે. દરેક જૂથમાં એક અધ્યાપક હોય છે અને તેને ખાસ પ્રકારની કામગીરી સોપવામાં આવે છે. જેમ કે, વૃક્ષોના થડિયાને કલર લગાડવો, ફુલઝાડનાં કૂંડાને ગેરુ લગાવવો, મેદાન સફાઈ, દફતર ખંડની સફાઈ, સ્ટાફરૂમ સફાઈ વગેરે. એક ટુકડી ભોજન માટે પણ નિયુક્ત કરવામાં આવે છે આ ટુકડી જાતે ભોજન બનાવે છે. જેમાં મોટા ભાગે ચુલા પર બાજરાના રોટલા અને ઓળો જેવી દેશી વાનગીઓ બનાવવામાં આવે છે. જીવન ઘડતર સાથે પાયાની કેળવણીનો સિદ્ધાંત સિદ્ધ થાય છે. જાતે બનાવેલું ભોજન આરોગવાની પણ મજા અનેરી હોય છે.

વિશેષરૂપમાં આ પ્રકારની સફાઈ તેમજ જાગૃતિ માટે NSS પ્રવૃત્તિ હેઠળ પણ આ પ્રવૃત્તિઓનો વ્યાપ વિસ્તારમાં આવે છે. આમ, સફાઈની મહત્તાનું વાતાવરણ ઊભું થાય છે.

આમ, સંસ્થાની દૈનિક સફાઈ તેમજ વિશેષ મોટી સફાઈ માટેનું સુયોગ્ય કાર્યવિશ્લેષણ કરવામાં આવ્યું છે.

શાળાકક્ષાએ શિક્ષકો અને વિદ્યાર્થીઓની વિવિધ સમિતિની રચના કરી શાળા સફાઈ કાર્યક્રમ હાથ ધરી શકાય. આ માટે શાળાકક્ષાએ શ્રમશિબિર પણ યોજી શકાય જેમાં આચાર્ય સહિત શાળા પરિવાર જોડાય જેથી વિદ્યાર્થીઓને શ્રમ તરફ લગાવ જન્મે. જીવનમાં શ્રમનું મહત્ત્વ સમજી શકે.

### જળ વ્યવસ્થાપન

'જળ એ જ જીવન' જળનું જતન સંચય કરવાનો સમય પાકી ગયો છે. માન. શિક્ષણ મંત્રીશ્રીનું જળ-જાગૃતિમાં વિશેષ પ્રદાન રહ્યું છે. આ સંસ્થામાં ૭૫ જેટલી તાલીમાર્થી બહેનો, સ્ટાફ ક્વાર્ટરમાં સદસ્યો, ગૃહમાતા વગેરે નિવાસ કરે છે. તદુપરાંત જિલ્લાકક્ષાના વિવિધ તાલીમ કાર્યક્રમોમાં ૧૦૦-૨૦૦ જેટલા શિક્ષકો સમયાંતરે ઉપસ્થિત રહેતા હોય છે. સાથો-સાથ રમતોત્સવ, વિજ્ઞાન મેળા જેવા કાર્યક્રમો પણ યોજાય છે જેમાં વિપુલ પ્રમાણમાં પાણીની જરૂરિયાત રહે છે આમ છતાં એટલું સરળ રીતે આ વ્યવસ્થાપન થયેલું છે જેથી બહારથી પાણી માંગવું ન પડે. મુખ્ય મોટર સાથે પાઈપલાઈનનું ઈન્ટર કનેકશન એવી રીતે ગોઠવાયું છે કે એક જ મોટર દ્વારા સંસ્થામાં તેમજ છાત્રાલયમાં પાણીના ટાંકા ભરવામાં આવે છે, પાણીનો વ્યય થયા વગર કોઈપણ જગ્યાએ પાણી પહોંચી શકે છે.

ચોમાસા દરમિયાન ભવનના પરિસરમાં ભેગુ થયેલું બધું જ પાણી બોરમાં ઊતારવામાં આવે છે. ૧૦૦ ફુટથી મોટો બોર નથી, નાની મોટર દ્વારા પાણી ચડાવવામાં આવે છે. વીજળી ન હોય તો પણ પાણી ચાલુ રહે છે. ટાંકાનો ઓવરફલો વૃક્ષોમાં જાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. વપરાશી પાણીમાંથી લીલું ઘાસ વાવવામાં આવે છે.

આ ઉપરાંત ભવન પરિસરમાં આવેલા બાગ-બગીચા, ગાય માટેનો ઘાસચારો, શાકભાજી વગેરે માટે ટપક સિંચાઈ પદ્ધતિ ડેવલપ કરવામાં આવી છે. અન્ય જિલ્લાની સંસ્થાઓ પણ આ વ્યવસ્થાનું માર્ગદર્શન મેળવીને પોતાની સંસ્થામાં આ પદ્ધતિ અમલમાં મૂકી રહ્યા છે. શાળાકક્ષાએ પણ ઉપરોક્ત રીતે વપરાશી પાણીનો ઉપયોગ કરી બાગ-બગીચા, ફૂલ ઝાડ વગેરેનું સંર્વધન કરી શકાય. ટપક પદ્ધતિના ઉપયોગ દ્વારા સંચય કરી શકાય.

### વીજળી વ્યવસ્થાપન

શાળાની મુખ્ય બિલ્ડિંગમાં તમામ સ્ટાફરૂમાં લાઈટ-સિસ્ટમ છે છતાં મહતમ સૂર્યપ્રકાશ મળી રહે તેવી રીતે ફર્નિચર ગોઠવાયેલુ છે, જેથી લાઈટની વિશેષ જરૂરિયાત રહેતી નથી. આ માટે જાણકાર અધ્યાપકને કામગીરી સોપવામાં આવેલ છે તેઓ કારીગરો સાથે સંબંધ સ્થાપી કાર્યવાહી કરે છે. આ સંસ્થામાં ઓછા ખર્ચે પાવર સેવર લાઈટની વ્યવસ્થા કરવામાં આવી છે જેથી ઓછા બિલે વધુ પ્રકાશ મળે છે. ભવનમાં પાણી ટાંકામાં ચડાવવા ૩ા હોર્સ પાવરની મોટર હતી તેના સ્થાને પોણાની મોટર મુક્ત ૪૦% લાઈટ બિલ ઘટ્યું છે. શાળાકક્ષાએ વર્ગખંડમાં સુયોગ્ય રીતે લાઈટ સિસ્ટમ ગોઠવી શકાય. પૂરતો સૂર્યપ્રકાશ મળી રહે તે રીતે ફર્નિચરની ગોઠવણી કરવી જોઈએ.

### ઈકોક્લબ પ્રવૃત્તિ વ્યવથાપન

સંસ્થામાં ઈકોક્લબ પ્રવૃત્તિ હેઠળ વૃક્ષારોપણ, ઔષધબાગ, શાકભાજી વગેરેનું વાવેતર થયેલું છે. જેના ઉછેર અને નિભાવ માટે સ્ટાફને તેની જવાબદારી વહેંચી દેવામાં આવી છે. સાથો-સાથ શ્રમશિબિર અંતર્ગત પણ તેનું કટિંગ અને જાળવણી વગેરે રાખવામાં આવે છે. સંસ્થામાં શોષ ખાડો પણ છે જેમાં નકામો કચરો નાખવામાં આવે છે જેને માટી નાખીને દાટી દેવામાં આવે છે. આ રીતે પર્યાવરણ સંરક્ષણ થાય છે. આમ, અમો ઈકો ફ્રેન્ડલી વાતાવરણમાં પર્યાવરણની પ્રવૃત્તિઓ યોજીએ છીએ.

શાળાકક્ષાએ પણ શાળાના મેદાનમાં ઈકોક્લબ અંતર્ગત વૃક્ષારોપણ, ઔષધબાગ, શાકભાજી વગેરેનું વાવેતર કરવું જોઈએ. સ્ટાફના સહયોગ સાથે પ્રવૃત્તિમાં જવાબદારીની વહેચણી કરી વિદ્યાર્થીઓને પણ પર્યાવરણ સંરક્ષણ અંતર્ગત આ પ્રકારની પ્રવૃત્તિમાં જોડી શકાય.

### કમ્પ્યૂટર લેબ વ્યવસ્થાપન

સંસ્થામાં વહીવટીકાર્ય માટેના કમ્પ્યૂટર ઉપલબ્ધ છે. સાથો-સાથ તાલીમાર્થી બહેનો માટે કમ્પ્યૂટર લેબ ઉપલબ્ધ છે. તમામ કમ્પ્યૂટરનું નિયંત્રણ દેખરેખ મેન્ટેનેન્સની જવાબદારી ડાયેટની ઈ.ટી. શાખા સંભાળે છે. સમયાંતરે તેની સફાઈ તથા અપડેશનની કાર્યવાહી પણ કરવામાં આવે છે. તેનું નિયંત્રણ વપરાશ તેમજ શૈક્ષણિક આયોજન પણ ઈ.ટી. શાખા સંભાળે છે. દૂરવર્તી શિક્ષણના પ્રસારણની વ્યવસ્થા તેમજ સમય પત્રક મુજબ તાલીમાર્થી બહેનો તેનો લાભ મેળવી શકે તે માટે

એલ.સી.ડી. ટીવી પર સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે.

આ ઉપરાંત તમામ શાખાઅધિકારીશ્રીઓ દ્વારા પણ પોતાની શાખાના ઉપયોગ માટે કમ્પ્યૂટરનો સુચારુ ઉપયોગ સફાઈ વ્યવસ્થાપન કરવામાં આવે છે.

શાળામાં આ ક્ષેત્રના જાણકાર અને સંબંધિત કંપની સાથે સંપર્ક ધરાવનાર, રસ ધરાવતા શિક્ષકને કમ્પ્યૂટર વ્યવસ્થાપન તથા ઈ લર્નિંગ અંગેની કામગીરી સોંપી શકાય. દરેક વર્ગખંડમાં સી.ડી. મારફત પૈડાવાળી ટીપોઈ પર શૈક્ષણિક કાર્યક્રમો દર્શાવવા માટેનું આયોજન હાથ ધરી શકાય.

**ઈનોવેશન**

રાજ્ય સરકાર ઈનોવેશનને ઘણું પ્રોત્સાહન આપે છે. સમાજ પણ તેને સ્વીકારે તેવી આશા છે. ભવનમાં બિનપરંપરાગત ઉર્જાનો અસરકારક ઉપયોગ થાય તે માટે ગોબરગેસ અને સૂર્યકૂકર કાર્યરત છે. આ જિલ્લાએ સમાજને ગીર ગાય આપી છે. અહીં ગીર ગાયનું પણ લાલન-પાલન થાય છે. તાલીમાર્થીઓમાં સ્વનિર્ભરતા તથા જીવન કૌશલ્યોના વિકાસ માટે લઘુ ઉદ્યોગો લોક સહયોગથી શરૂ કર વામાં આવ્યા છે. જેમાં સિલાઈ કામ, બ્યુટિ પાર્લર, કમ્પ્યૂટર જોબવર્ક વગેરેનો સમાવેશ કરેલ છે.

શાળા પણ સમાજને દિશા દર્શન માટે કશુંક નવું કરી શકે. અંતે તો આ બધી જીવન ઘડતર અને સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ છે. ગાંધીજીની બુનિયાદી કેળવણીની વાત સુપેરે સંપન્ન થાય છે.

**સારાંશ**

ઉક્ત બાબતોને ધ્યાને લઈને આપ પણ આપની શાળાના વિદ્યાર્થીઓ, સ્ટાફ વગેરેનો સહયોગ લઈ એક વ્યવથાતંત્ર ઊભું કરી શકો છો. સંસ્થાના આચાર્ય/હેડ ટીચર વગેરે પોતાની સૂઝથી આ સંસ્થાની ઉક્ત બાબતોને આપની સંસ્થામાં અનુકૂળતા મુજબ અમલીકૃત કરી શકો છો.

અમે આપને ત્યારે જ કશુંક કહેવાના હકદાર બનીએ કે જ્યારે અમારી સંસ્થામાં પણ સુચારુ આયોજન અમલમાં હોય

પુનઃ આપ પણ આપની શાળામાં આ પ્રકારે આયોજન કરો તેવી અભિલાષા છે.

•

વ્યાખ્યાતા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
જુનાગઢ

# નિવાસી બાલોત્સવ : એક સંકલ્પના

- રેવાભાઈ પ્રજાપતિ

ઘરે માતાપિતા કહે એમ જ કરવાનું અને વર્ગમાં કે શાળામાં પણ શિક્ષક કહે એમ જ કરવાનું ? જેને પ્રભુના પયંગબર તરીકે સ્વીકારેલ છે એ બાળકે માતાપિતા, વાલીઓ અને શિક્ષકોના કડક નિયંત્રણમાં જ રહેવાનું ? એણે મુક્ત રીતે હરવા-ફરવાનું જ નહિ ? એને એની આગવી દુનિયા જેવું કંઈ જ નથી ? એને પણ ગમા-અણગમા તો હોય જ ને !

શું આપ જાણો છો કે ઘણીવાર અંતરિયાળ પછાત વિસ્તારનાં કેટલાંક બાળકોએ તો રેલવે જોયેલી જ નથી હોતી ! ૨૫,૫૦ કે ૧૦૦ કિ.મી. ની વાહન મુસાફર એણે કરી જ નથી હોતી ! બહુમાળી મકાનની કલ્પના એણે ન કરેલી હોય એવું પણ બને ! જે રસ્તા ઉપર ૧૦૦ થી ૧૫૦ કિ.મી. ની ઝડપે બધાં જ વહાનો દોડતાં હોય એવા Express High-way ની તો એની કલ્પના જ ક્યાંથી પહોંચે ?

બાળકો મુક્ત રીતે હરે-ફરે, મજા કરે અને સાથે કંઈક નવું શીખતાં જાય એ માટે કાગળકામ, માટીકામ, ચીટક કામ, ચિત્રકામ, રંગપૂરણી, બાળવાર્તા, વાર્તા પરથી નાટ્યીકરણ, બાળગીત, બાળ રમતો, શા.શિ. (યોગ-આસન સાથે), વજન માપન, ઊંચાઈમાપન, વેસ્ટમાંથી બેસ્ટ, તીરંદાજી વગેરે જેવી પ્રવૃત્તિઓ કરાવીને બાળકોને વિધવિધ રીતે અભિવ્યક્ત થવા માટેની પૂરતી તકો આપવી એટલે જ આપણો આ બાલોત્સવ ! સર્જનશક્તિ વિકસે, શિક્ષણ મળે અને આનંદ મળે એવી પ્રવૃત્તિઓમાં બાળકને રમમાણ કરવું એટલે બાલોત્સવ ! તેમને માત્ર માહિતી કે જ્ઞાન આપીને ઈતિશ્રી ન માનીએ પરંતુ જ્ઞાનના સુચારુ ઉપયોગ માટે પણ પ્રેરિત કરવાં છે.

આવી બધી બાબતોનો સમાવેશ કરી શિક્ષણના મૂળ ઉદ્દેશ્યોને ઉજાગર કરી શકાય, અભ્યાસક્રમમાં રહી જતી ઊણપોની સુપેરે આપૂર્તિ કરી શકાય તે માટે એક દિવસનો નહિ, પણ ત્રણ દિવસનો નિવાસી બાલોત્સવ કરીએ તો કેવું સારું ?

### ધોરણ ૧ થી ૮ ના નવા અભ્યાસક્રમના ફેરફારો

- વિષયવસ્તુમાં આમૂલ પરિવર્તન નથી થયું, પરંતુ અભિગમમાં ફેરે પડ્યો છે.
- પોતાના વિચારો, ખ્યાલો, સપનાઓ વિશે બાળક બોલી શકે, લખી શકે, વિવેક કરી શકે.
- સર્જનાત્મક ચિંતન અને વિવેચનાત્મક ચિંતન કરી શકે તેવી તકો.
- બાળક પોતાનો મત અભિવ્યક્ત કરી શકે તેવી અપેક્ષા.
- 'બાલોત્સવ' એ એવું માધ્યમ છે જેના થકી બાળકને અભિવ્યક્ત થવાની તકો મળે છે.

### બાલોત્સવની શૈક્ષણિક ભૂમિકા

- બાળકો મૌખિક કે લેખિત અભિવ્યક્ત કરી શકે એ સિવાય વિવિધ સ્વરૂપે (કાગળ, માટી, રંગ સ્વરૂપે...) પણ અભિવ્યક્તિ કરી શકે.
- ભણવા-ભણાવવાની ભૂમિકામાં પોતાની ભૂમિકાને નક્કર રીતે સમજે.
- Active Learning ના જે ફેરફારો આપણે ઈચ્છીએ છીએ તેના આ બાળકો મોડેલ છે.
- બાળકોનો આત્મવિશ્વાસ જાગે.

### પ્રવૃત્તિઓ

- કાગળકામ, ચીટકકામ, રંગપૂરણી, માટીકામ, સંગીત-નૃત્ય, વાર્તા, વાર્તા પરથી નાટ્યીકરણ વગેરે.
- આ પ્રવૃત્તિઓ એવા સ્વરૂપે કરવામાં આવે કે જે ધોરણ ૬, ૭, ૮ ના વિષયવસ્તુને અને અભ્યાસક્રમને ક્યાંક ને ક્યાંક સ્પર્શતી હોય !
- માત્ર પાઠ્યપુસ્તકના પ્રશ્નોના જવાબોની જ અભિવ્યક્તિ કરે એટલું પૂરતું નથી, તેના જીવનની ઘટનાઓની પણ અભિવ્યક્તિ કરે –

જે માત્ર લેખિત સ્વરૂપે જ નહિ, પણ કાગળકામ કે માટીકામમાં પણ અભિવ્યક્ત થતી હોય.

- અધૂરી વાર્તા છોડી દઈને –

  વાર્તા બાળકો દ્વારા પૂરી કરાવવી. પછી તે વાર્તા કાગળકામ કે માટીકામથી પણ પૂરી કરી શકે.
- Craft- ભરત ગૂંથણમાં સ્થાનીય ભરતગૂંથણને મહત્ત્વ આપીએ.

દા.ત. વનવાસી વિસ્તારમાં -

- ઘાસમાંથી નાક, કાન અને ગળામાં પહેરવાનાં ઘરેણાં
- વાંસની ચીપોમાંથી વિવિધ ઘરવપરાશી નમૂનાઓ

### લેખનમાં

- જેમ જેમ બાળકો વર્ગમાં આવતાં જાય, તેમ તેમ વર્ગમાં ટીંગાડેલા કાર્ડ પેપર ઉપર એક એક વાક્ય લખતાં જાય અને વર્ણનમાં સુસંગતતા આવતી જાય.
  - Creative, Critical Thinking કરવાની તકો છે.
  - બાળકોને ઓળખવાની તકો છે.
- બાળકો આખા દિવસનું Reporting કરે, શુષ્ક અહેવાલ નહિ.
- સાંજે સમાચાર આવે તેમાં અહેવાલની વાતો જ માત્ર ન હોય, રમૂજી ઘટના પણ હોય, આકસ્મિક ઘટના પણ હોય.
- રાત્રે એક ફિલ્મ બતાવીને પૂછો –

  ફિલ્મમાં પક્ષી બચાવવાનો પ્રયત્ન જોવો.

  હવે એની જગ્યાએ તમે હો તો શું કરો ?

### જૂથ વિભાજન

- કોઈ એક જ શાળાનાં બાળકોનું જૂથ ન બનાવીએ.
- જૂથ આખા દિવસ માટે જ હોય.

### સંગીત

જુદા જુદા રાગ ન શીખવીએ, પણ ઓછામાં ઓછા નામે ત્રણ ગીતો (સંઘગાન) તેમજ કેટલીકે કવિતાઓ શીખીને જ જાય.

૧. मनुष्य तू बड़ा महान है...

૨. વૈષ્ણવજન તો તેને રે કહીએ...

૩. इतनी शक्ति हमें देना दाताता...

(હે માલમ..., एक जगत एक लोक, કોણે કીધું ગરીબ છીએ?, हिंद देश के निवासी...)

### તજજ્ઞ પ્રોબ્લેમ

તજજ્ઞ ક્યારેક પોતાની વધારે પડતી આવડતને લીધે અથવા જલદી જલદી ઘણું બધું શીખવી દેવાની લ્હાયમાં બાળકની શીખવાની પ્રક્રિયામાં અવરોધક બને છે. આવી કેટલીક બાબતોમાં તજજ્ઞશ્રીએ સાવધ રહેવું જોઈએ –

- મારે મારું કશું જ શીખવવાનું નથી. બાળક જે બનાવે છે તેમાં હું સુધારો શી રીતે કરી શકું ? બાળકની સર્જનાશક્તિને હું કઈ રીતે વેગ આપી શકું ?
- ધીરજનો અભાવ
- બિનજરૂરી ખલેલ અને ભૂલસુધાર -
બાળકના સર્જનમાં એટલે કે શિક્ષણમાં -
આપણી તજજ્ઞતા બાળકના સર્જનમાં એટલે કે શિક્ષણમાં અવરોધક ન બને તેનું ખાસ ધ્યાન રાખીએ.
- બાળકો પોતાના જીવનની ઘટનાઓમાં અભિવ્યક્ત થતાં હોય, ત્યારે તેને ખલેલ ન પહોંચાડીએ.

**દા.ત.** પોતે મધ્યાહ્ન ભોજન વખતે જમવા બેઠો હોય એ કોઈક સમાજનું બાળક તેની પાસેથી ઊઠીને જતું રહ્યું હોય ત્યારે પ્રોબ્લેમ આ બાળકનો નથી, સમાજની રૂઢિઓનો છે તે સમજીએ.

- ત્રણેય દિવસે જુદા જુદા તાસ હોય.
- આપણે આપણી શાળામાં કરી છે એટલે આ પ્રવૃત્તિ પસંદ નથી કરતા, પણ ધોરણ ૬ થી ૮નાં બાળકો માટે યોગ્ય છે તેથી કરવી છે.
- વિરામમાં બાળકને વિકસાવવાનો છે, તેની આપસમાં મૈત્રી વિકસાવવાની છે...
  - વિરામનો સમય એ જમાદારીનો સમય નથી.
  - જડબેસલાક શિસ્તવાળો સમય નથી.
  - શિસ્ત વિશેના આપણા ખ્યાલો ક્યારેક ખોટા પણ હોય છે.
  - શિસ્ત એટલે મૌન રહેવું તે નહિ.
  - શિસ્ત એટલે લાઈનમાં જ બેસવું તે નહિ.
  - ક્યારેક શિસ્ત તોડવી એ બાળકને મન પરાક્રમ પણ હોઈ શકે.

  (ત્યારે વૃત્તિઓનું નહેરીકરણ કરીને તેને હકારાત્મકતા તરફ વળીએ.)
- ધોરણ-૮ પછી ઘણાં બાળકો શાળામાંથી ઊઠી જાય છે... ભણવાનું છોડી દે છે ત્યારે -
ઊઠી જનાર બાળક માટેનો કદાચ આ છેલ્લો સારો અનુભવ હશે !... ત્યારે -

★ ક્યાંક કોઈક બાળક આ બાલોત્સવના સુખદ અનુભવોના કારણે કોઈ પણ ભોગે ભણવાનો વિચાર દૃઢ કરી બેસે અને મક્કમ બનીને આગળ ભણવાનું ચાલુ રાખે... એવું પણ બને !

...... અને તો આ 'બાલોત્સવ વધારે સાર્થક થયો ગણાશે.'

**રીડીંગ કોર્નર**

બપોરે Lunch પછીના સમયમાં બાળકો આરામ કરે અથવા પુસ્તકો વાંચે. જેમાં અંગ્રેજી Coments, ગિજુભાઈની બાળવાર્તાઓ, પંચતંત્ર, હિતોપદેશ, અકબર-બિરબલની વાર્તાઓ કે મહાપુરુષોના પ્રેરક પ્રસંગો હોય.

**સામુદાયિક ગાન**

જેમાં સંઘનગાન હોય, દેશભક્તિનાં ગીતો હોય અને ધોરણ ૬ થી ૮ ની કવિતાઓનું ગાન પણ હોય.

**Zero Hours**

- સવારે વહેલા ઉઠાય
- યોગ અને રમત થાય
- પ્રાર્થના (સવારે અને સાંજે)
- સંગીત, ચિત્ર, માટીકામ, કાગળકામ, શા.શિ., રંગપૂરણી, પપેટ, વાર્તા, નાટકલેખનનું Display એન નિદર્શન.
- Science with fun અને Maths with fun.
- રાત્રે કાર્ટૂન ફિલ્મ (જિલ્લાની ડોક્યુમેન્ટરી, સરદાર વલ્લભભાઈ, ભગતસિંહ, ઈંડિયન, તિરંગા, કર્તવ્ય, સૈનિક, ગુરુબ્રહ્મા (નાટક))
- આમંત્રિતો દ્વારા ડાયરો કરવાનો નથી.
(બાળકો રજૂ કરે તે જ સાચું.)
- રાત્રે ૧૦ વાગે શયન.

આ સિવાય -

- બાળકોને ભેગા કરવા કે છોડવા માટે ઘંટનો ઉપયોગ નહીં કરીએ.
(સારું દેશભક્તિ ગીત કે કવિતા વગાડી શકાય.)
- ત્રણ દિવસને અંતે બાળક કૃતિઓમાંથી કંઈને કંઈ લઈને જ જાય.
- રાત્રે હાસ્ય કલાકારને માણીએ (કલાકાર આપણામાંથી / બાળકોમાંથી જ હોય.)
- બાળકોને સારું પ્રમાણપત્ર આપીએ જેને સાચવવાનું મન થાય.

●

મુ.પો. બામણોજ, તા.દાંતા, જિ. બનાસકાંઠા

# શિક્ષણ સર્જકોનું ચિંતન

- અશ્વિન મો. પટેલ

ભારતદેશના મહાન શિક્ષક અને ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ શિક્ષકોના સન્માન બાબતે બંને પક્ષે સીધી-સટ્ટ વાત કરતાં કહે છે - 'પ્રાચીનકાળની એક વાત જેરૂસલેમનો વિનાશ થયો તેનું મૂળ કારણ શિક્ષકોનું સન્માન થયું ન હતું, આ કોઈ નવી વાત નથી, પ્રાચીન કાળથી આપણે એક સત્ય સદૈવ સાંભળતા આવ્યા છીએ કે જ્યારે શિક્ષકોનું સન્માન થતું નથી અને ગુરુજનોનું શિક્ષણ શ્રદ્ધાપૂર્વક લેવામાં આવતું નથી તો સમજી લેવું જોઈએ કે દેશનું પતન નજીક છે. સાથે-સાથે ગુરુજનો પોતાનું સન્માન ઈચ્છતા હોય તો તેઓએ પોતાના શિષ્યોની નજીકમાં રહેવું જોઈએ. તેઓએ છાત્રોની સાથે તાદાત્મ્ય સાધવું જોઈએ. તાદાત્મ્ય જાહેર પ્રવચન કરવાથી થઈ શકે નહીં. સૌહાર્દ અને સન્માનની ભાવના માટે ગુરુશિષ્ય વચ્ચે નિકટનો સંપર્ક હોવો જોઈએ.' (પેજ નં - ૧) એ જ વાતને વધુ આગળ લંબાવતાં કહે છે. 'શિક્ષક વિદ્યાર્થીઓનો મિત્ર, દાર્શનિક અને માર્ગદર્શક હોવો જોઈએ.' (પેજ નં. ૩) "બાળકોના ગાંધી" એવા બાળ કેળવણીના અગ્રદૂત ગિજુભાઈ બધેકાએ તો સાચા શિક્ષકને - 'સાચા શિક્ષક પાસે માતૃહૃદય હોય છે.' (પેજ નં. ૯) તેવી અપેક્ષાને વધાવવા પ્રયત્ન કર્યો છે. શિક્ષક માટે તો બાળક જ આરાધ્યદેવ છે તે વાતને હૃદયમાં ઘૂંટવાનું કાર્ય સવાઈ ગુજરાતી કાકા કાલેલકરે તેમના જ શબ્દોમાં માણીએ તો - 'અધ્યાપક માટે તેના વિદ્યાર્થીઓ એ જ તેની ઉપાસનાની મૂર્તિ છે. એમની સેવા એ તેની પૂજા છે, એમનો વિકાસ એ તેનો પ્રસાદ છે. એમનું અધઃ પતન એ તેનું નરક છે અને ચારિત્ર્યની દઢતા એ જ તેનું સ્વર્ગ છે. દુર્બળ લોકોને મોળા પડતા રોકો ને શૂર ચઢાવે, તે અધ્યાપક, ઢોર જેવા પ્રાણીને શિક્ષક દેવ જેવા માણસ બનાવી શકે છે. ગુરુએ શિષ્યમાં જ્ઞાન રેડવાનું નથી. શિષ્યની બુદ્ધિએ કંઈ વાસણ નથી, તે એક કમળ છે, સૂર્યની પેઠે દૂરથી જ પોતાનાં પ્રખર-સૌમ્ય કિરણોથી તેનો વિકાસ કરવાનો છે. વિદ્યાર્થીઓને વિદ્યાનંદ અને સેવાનંદનો સ્વાદ ચખાડવો, અને આદર્શ પાછળ ગાંડા થવામાં જ જીવનની સફળતા છે તે સમજાવી દેવું, એ શિક્ષકનો આનંદ છે.' (પેજ નં. ૧૯) માનવીના જીવન ઘડતરમાં શિક્ષણનું બહુમૂલ્ય મહત્વ ચોક્કસથી સમજાઈ શકે છે. 'કેળવણી એટલે વ્યક્તિને ચારિત્ર્યવાન બનાવે તે બુદ્ધિ તથા હૃદય સમતોલ સંયોજનપૂર્વકની જીવનઘડતરની પ્રક્રિયા' (પેજ નં. ૨૨) સીધી વાત નાનાભાઈ ભટ્ટ કરે છે. મેડમ મેરીઆ મોન્ટીસોરીએ તો 'બાળકોને દોરો તેના કરતાં બાળકોને અનુસરો.' પર વિશેષ ભાર મૂક્યો છે. (પેજ નં. ૨૮) આત્મ જાગૃત ભર્તૃહરિએ વિદ્યાનો અને વિદ્યાના ગુણગાન ગાતાં રહ્યું છે. 'सुधियाः अर्थ विनापीश्वराः' અર્થાત - વિદ્વાનો ધન વિના પણ સમર્થ છે. सद्विद्या यदि किंधनैः । અર્થાત જો સારી વિદ્યા હોય તો ધનનું શું કામ છે ? - ધનસંપત્તિ એ રાજસત્તા કરતાં પણ વિશેષ મહત્ત્વની છે અને તેનું ચિંતન સુયોગ્ય છે, કારણ કે અમર્યાદ સત્તા અને અસીમ સંપત્તિ વિદ્યારૂપી અંકુશથી જ કાબુમાં રહે છે અને લોકકલ્યાણના માર્ગે ચાલે છે ! (પેજ નં. ૪૦) શિક્ષણકાર્ય કરતા શિક્ષકની ખાનગી અમીદૃષ્ટિમાં ચોક્કસ લક્ષ્ય હાંસલ કરવાનું ધ્યેય હોવું જોઈએ અને તે તરફના સભાનતાયુક્ત સુપ્રયત્નો પણ ખરા. તે વાતને ટેકો આપવાનું વચન જાપાનના શિક્ષણ ચિંતક 'સુનેસાબુરો આપે છે.' લક્ષ્યના સ્પષ્ટ દર્શન વિના છોડવામાં આવેલું તીર જેમ લક્ષ્યને વીંધી શકતું નથી તેમ જો શિક્ષણના હેતુને જ શિક્ષણમાં સ્પષ્ટપણે પ્રસ્તાવિત ન કરવામાં આવે તો અસરકારક પદ્ધતિઓ પણ ઘડી શકાશે નહીં. (પેજ નં. ૪૪) કિશોરલાલ મશરૂવાળા બાળ-કેળવણીમાં સ્વચ્છતાનું મહત્ત્વ દર્શાવતાં કહે છે. 'બાળ-કેળવણીની શરૂઆત અક્ષરજ્ઞાનથી નહીં, પણ સ્વચ્છતાથી થવી જોઈએ.' (પેજ નં. ૪૭) કેળવણી કોને કહીએ ? તે પ્રશ્નનો જવાબ આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી પાસેથી મેળવીએ તો જે અંગ્રેજી શબ્દનો અર્થ 'કેળવણી' કરવામાં આવ્યો છે તેનો મૂળ અર્થ 'બહાર ખેંચી લાવવું' છે. એટલે કે આપણામાં જે શક્તિઓ છૂપી પડેલી હોય તેને પ્રયત્નપૂર્વક બહાર લાવવી એ જ ભાવ કેળવણી શબ્દનો છે. અમુક વસ્તુ આપણે કેળવીએ એનો અર્થ તેની જાત અથવા તો તેના ગુણ બદલીએ એમ નથી, પણ તેમાં જે છુપાઈ રહેલા ગુણો હોય એને આપણે પ્રગટ કરીએ. તેથી 'કેળવણી' નો અર્થ 'ખિલવણી' પણ કરી શકાય. આ અર્થ વિચારતાં અક્ષરજ્ઞાન

એ કેળવણીમાં ન ગણાય. પછી ભલે એ જ્ઞાન આપણને એમ. એ. બનાવે કે કોઈ અન્ય વિષયનું આપણને જ્ઞાન મળ્યું હોય, ઊંચામાં ઊંચુ અક્ષરજ્ઞાન પણ કેળવણી અથવા ખિલવણીમાં ભલે એક સરસ સાધન હોય, પણ એ પોતે કેળવણી તો નથી જ. કેળવણી કંઈક નોખી વસ્તુ છે. મનુષ્ય શરીર, મન અને આત્મા એ ત્રણ વસ્તુનું બનેલું પ્રાણી છે. એમાં આત્મા એ મનુષ્યનો સ્થાયીભાગ છે, એને અર્થે શરીરનો અને મનનો વ્યાપાર શોભે તેથી જે વડે આત્માની શક્તિઓ પ્રગટ થાય એવી વસ્તુનું નામ કેળવણી કહી શકાય (પેજ નં. ૫૩/૫૪) 'શિક્ષણકાર્ય એ શિક્ષકનો ધર્મ ગણવો જોઈએ. એ યજ્ઞ કર્યા વિના જે શિક્ષક જમે તે ચોર ગણવો જ જોઈએ ? મહાત્મા ગાંધીજીનો આ ઠપકો દરેક શિક્ષકે યાદ રાખવો રહ્યો (પેજ નં. ૫૩) કવિવર રવીન્દ્રનાથ ટાગોરના મ્હેંકતાં શબ્દફૂલોની સુવાસ લઈએ તો. 'શિક્ષણ એ સત્ય માટેની શોધ-યાત્રા છે. (શિક્ષક પોતે શીખતો ન રહે તો એ કદી શીખવી ન શકે.)' (પેજ નં. ૬૩) સાચો શિક્ષક તો માણસનો ઘડવૈયો હોય છે. તેવા મજબૂત વિચાર ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ આપે છે - 'શિક્ષકોએ કોઈ પ્રકારનું વ્યસન નહીં રાખવું જોઈએ. વ્યસન એ ધનિકોના પાખંડ છે, દુર્બળ માણસોનું અપલક્ષણ છે. જેને આટલાં ઘડવાનાં નથી, પણ માણસ ઘડવાના છે એને કોઈ પણ પ્રકારનું વ્યસન હોવું ન જોઈએ. બાળકોને સ્વચ્છતાની કેળવણી આપો, એના ઘરમાં પ્રવેશ કરી એનાં મા-બાપને કેળવણી આપો સારા શિક્ષકને લોકો માથે લઈ ફેરવશે. સારો શિક્ષક ગામનો પ્રેમ એટલો સંપાદન કરે ને એ જાય ત્યારે ગામ રડવા બેસે.' (પેજ નં. ૬૭/૬૮) વિચારક જે. કૃષ્ણમૂર્તિએ શિક્ષકોનું મહત્ત્વ વધારતાં વાત કહી છે - 'ઈજનેરો અને હુન્નર ઉદ્યોગોના પારંગતો પર નહીં પણ શિક્ષકો પર જ સાચી સંસ્કૃતિનો આધાર છે.' (પેજ નં. ૧૦૦) શિક્ષણ વ્યક્તિના વ્યક્તિગત જીવનમાં તથા સમાજમાં એક સફળ યોજના તરીકે દર્શાવતા મનુભાઈ પંચોળી 'દર્શક' કહે છે. 'ભણાવવું શબ્દ કાઢી નાખવો જોઈએ. આપણે તો બાળકોને કેળવવાં છે...' (પેજ નં. ૧૦૬) વિનોબા ભાવેના વિચારો બધાંએ સાંભળવા જેવા છે - 'આજે સમાજમાં કેટલાક લોકો માત્ર કામ જ કરે છે અને કેટલાક લોકો માત્ર જ્ઞાન જ જ્ઞાન મેળવે છે. જ્ઞાનવાળાને કામ નહીં અને કામવાળાને જ્ઞાન નહીં. કામ કરવાની શક્તિ ખેડૂતો અને મજૂરો પાસે અને જ્ઞાનની શક્તિ શહેરવાળા પાસે, આવો સમાજ એટલે રાહુ-કેતુનો સમાજ રાહુ એટલે ખોપરી જ ખોપરી અને કેતુ એટલે ધડ જ ધડ. આવો સમાજ તો બહુ ભયંકર છે. જ્ઞાન અને કર્મના બે ટુકડા ન થવા જોઈએ. જો ઉત્પાદન વધારવું હોય તો જ્ઞાન અને કર્મનો સમન્વય કરવો જરૂરી છે. એક સ્કુલમાં ત્રણ કલાકનું શિક્ષણ અને ત્રણ કલાકનો ઉદ્યોગ - કર્મ એક જ્ઞાન બંને મળે છે. અહીં આપણે પણ એવું આયોજન કરવું જોઈશે (પેજ નં. ૧૨૦) 'કોઈ પણ દેશને સુઘડ, સંસ્કારી અને સમજુ બનાવવો હોય તો તેનો આધાર તે દેશને માતાની કેળવણી અને સંસ્કૃતિ પર છે' (પેજ નં. ૧૬૩) એચ.બી. કાપડિયા પોતાની વાત દ્વારા કન્યા કેળવણીના વિચારનું વાવેતર કરી નાખે છે. સુસ્મિતા મેઢની કરેલી શિક્ષણ પ્રત્યેની ચિંતા સૌ કોઈએ સહજ સ્વીકારી લેવા જેવી છે. - 'જ્યાં સુધી ધંધાદારી શિક્ષણનું મહત્ત્વ ન હોય, શીલ અને પ્રજ્ઞાનું જીવનમાં ઉચ્ચ સ્થાન ન હોય ત્યાં સુધી આપણી કેળવણીનો અરુણોદય દૂર ને દૂર રહેવાનો' (પેજ નં. ૧૬૭) શિક્ષણ જગતમાં જે સદાય ચિંતન કરતા રહ્યા છે તેવા કાલિદાસ દવેના વિચારો ચોક્કસથી સાચા શિક્ષકને રઢિયાળી સમજ આપી જાય તેવા છે. 'સંસ્કારિતા અને સંયમશીલતા મનુષ્ય - જીવનની મોટામાં મોટી પ્રાપ્તવ્ય વસ્તુ છે. સંસ્કારિતા એટલે Culture અથવા Gentlemanliness... 'જેન્ટલમેન' શબ્દની વ્યાખ્યા ટોમસ હાર્ડીએ તેના એક કાવ્ય 'Wagtail & the Baby' માં સરસ આપી છે. નદીકિનારે એક નાનું બાળક રમે છે. અને એક દેવચકલી પાણી પાસે કલ્લોલે છે. બંને પ્રકૃતિનાં પ્રાણીઓ પ્રકૃતિના વિશાળ ખોળે બેઠાં છે. તેવામાં એક જંગલી ઘોડો કૂદતો એન પાણી ઉડાડતો આવે છે. પક્ષી જરા પણ ભય પામતું નથી. પણ પછી એક 'જેન્ટલમેન' સરસ પોશાકમાં આવે છે, તેને જોઈને પક્ષી સત્ત્વરે ઊડી જાય છે, અને બાળક આ નવા આગંતુકને આશ્ચર્ય અને ભયથી નિહાળીને રહે છે. સંસ્કારિતા Gentlemanliness નું સાચું સ્વરૂપ નથી. હૃદયની ઉદારતા અને નમૂના સાથે બુદ્ધિની શ્રેયસ્કર કુશળતા સંસ્કારિતાથી ઓળખાય છે. આવી સંસ્કારિતામાં સંયમશીલતા સહજ હોય છે. કેળવણીનો ઉદ્દેશ આવી સંયમશીલ સંસ્કારિતા આપવાનો છે. મનુષ્ય જીવનની પ્રગતિ અને તેનો વિકાસ સાધવાનો છે. (પેજ નં. ૧૭૩) મનસુખરામભાઈ જોબનપુત્રા તો શિક્ષક પાસે જીવનભર

આવી અપેક્ષા રાખતા હતા. 'ઓછા, કૌશલ્યવાળો શિક્ષક કદાચ ચલાવી લેવાય, પણ શીલ અને સંસ્કાર વગરનો શિક્ષક તો ચાલે જ નહીં.' (પેજ નં. ૧૭૭) આવતી કાલનો શિક્ષક કેવો હશે ? તેવો પૂર્ણ વિશ્વાસ ડૉ. મોતીભાઈ પટેલે તેમના વિચારો થકી માણીએ. 'આવતી કાલનો શિક્ષક એ વાંચતો... વિચારતો... ચિંતન કરતો... મનન કરતો... વિકસતો... તપસ્વી... પ્રસન્નચિત... હસતો-હસાવતો... રમતો રમાડતો અને અધ્યાત્મ ભાવથી ભરેલો હશે.' (પેજ નં. ૧૯૫) સદાય જેમની વાણી, વર્તન તથા અમીદૃષ્ટિમાં શિક્ષકત્વનું ઝરણું ઉછળતુ રહ્યુ છે તેવા આપણા લોકશિક્ષક પૂજ્ય મોરારીબાપુ શિક્ષક ધર્મની વાત કરતાં કહે છે. 'વિદ્યાર્થીઓને પ્રભાવિત, પ્રકાશિત અને વિકસિત કરી સમાજમાં અર્પણ કરવાનો ધર્મ શિક્ષકનો છે.' (પેજ નં. ૨૩૧) ડૉ. ઊર્મિલા શાહના વિચારો દરેક શિક્ષકને પારદર્શક બનાવી નાખે તેવા છે. 'બાળક એ તો ઈશ્વરે આપણામાં મૂકેલો વિશ્વાસ છે' (પેજ નં. ૨૪૬) 'બાળક એ તો આપણા જીવતા જાગતા દેવ છે.' (પેજ નં. ૨૫૦)

દરેક શિક્ષકશ્રીને પોતાની જાત ભણી જાત્રા કરાવી દેતુ મલાઈદાર પુસ્તક એટલે ડૉ. મફતલાલ પટેલ દ્વારા સંપાદિત થયેલું પુસ્તક - 'શિક્ષણ સર્જકોનું ચિંતન. ઉપર જે શિક્ષણના વિચારોના મધમધતો બાગ જોવા મળ્યો તેની સમગ્ર ધરા આ પુસ્તક જ છે. આ પુસ્તકમાં લેખકે એક વણઆલેખી તે મર્યાદા પાળી છે કે તેમણે પુસ્તકમાં સમાવેશ કરેલા ૬૯ (ઓગણસિત્તેર) શિક્ષણચિંતકોના ચિંતનમાં ક્યાંય માથું નથી માર્યું ! શિક્ષણ ચિંતકોને સીધા જ રજૂ થવા દીધા છે. આ એક મોટી કળા છે. બીજુ આ એક પુસ્તકની વિશેષતા એ છે કે આ પુસ્તકનું ગહન ચિંતન શિક્ષકને ચોક્કસથી પારદર્શક બનાવી નાખે છે. પુસ્તક પાક્કા પૂઠામાં રચાયેલું છે. તેનો બાહ્ય રંગ પ્રથમ નજરે જ આંખો ઠરે તેવો છે તથા નામાંકિત શિક્ષણ ચિંતકોની નિસબત વાચકોનું મન લોભાવે તેવી છે. પ્રથમ આવૃત્તિ માર્ચ-૨૦૦૬માં બહાર પડેલી છે. પુસ્તકની કિંમત રૂા. ૧૩૫ છે. પ્રકાશક છે. મહાદેવ બુક સપ્લાયર્સ ૧૨/બી કાર્તિકસ્વામી સોસાયટી, સર્વોદયનગરની બાજુમાં, શાહપુર દરવાજા બહાર, અમદાવાદ-૪. આ પુસ્તકના સર્જનથી મૂળ ગંગોત્રી ક્યાં છે તે પુસ્તકના સંપાદક ડૉ. મફતલાલ પટેલના મોઢે જ સાંભળીએ તો - 'શિક્ષણ સર્જકોનું ચિંતન - પુસ્તકમાં ગુજરાત અને ગુજરાત બહાર જે શિક્ષણવિદોએ શિક્ષણ અંગે કંઈક લખ્યું છે. અથવા પોતાનું જીવન શિક્ષણ પાછળ આપ્યું છે, એવા તજ્જ્ઞોની કલમે શિક્ષણ અંગેના વિચારો સંક્ષેપમાં અને દર મહિને 'અચલા' શૈક્ષણિક માસિક પત્રિકામાં ફોટા સાથે મૂક્તા હતા. ઘણા મિત્રોનું સૂચન આવ્યું કે પુસ્તકકારે આ વિચારો પ્રગટ થાય તો શિક્ષણ જગત જ મોટી સેવા થશે... જેમને નિયમિત વાંચન કરવાની કુટેવ ? છે તેમને આ પુસ્તક હાથવગુ રાખવા સાથે હૈયામાં ઉતારવામાં કોઈ વાંધો નથી.

•

વ્યાખ્યાતા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
ભૂજ (કચ્છ)

## માતૃભાષા

કોઈ ગુજરાતી માણસને પ્રસંગે હિન્દી કે મરાઠીમાં બોલવું પડે ત્યારે વચ્ચે બે ગુજરાતી શબ્દો બોલાઈ જાય તો ભાષાપ્રભુત્વની ખામી ગણાય અને જો બે અંગ્રેજી શબ્દ બોલાઈ જાય તો 'વક્તા'ની ઈમેજ બંધાય. જેનાં ગાત્રો ધ્રૂજતા હોય તેવા એંશી વર્ષના દાદીમા પોતાના પ્રપૌત્રના મુખે 'ટ્વિંકલ ટ્વિંકલ લિટલ સ્ટાર !' સાંભળે કે ત્યાં જ દાદીમાની આંખો ટ્વિંકલ ટ્વિંકલ થવા લાગે. રસ્તા પર ઊભા ઊભા પંદર મિનિટ વાતો કર્યા બાદ છૂટા પડતી વખતે 'ઓકે, બાય, સી યુ' જેવા શબ્દો વ્યક્તિને સોફિસ્ટિકેટેડ લેખવે છે. થેન્ક યુ, સોરી, હાય ને હલ્લોના સ્થાને પૂર્વે કયા શબ્દો વપરાતા હશે ? 'વાઉ', 'શિટ', 'આઉચ્' ને 'ઉફ્' ની વાત જ કંઈક ન્યારી છે.

ટૂંકમાં, અંગ્રેજી જીભ ઉપર રહે ત્યાં સુધી સમજ્યા, આજે તે મગજ પર સવાર થઈ ગયું છે. ખરી વિચિત્રતા તો એ છે કે જેની જીભને અંગ્રેજી ફાવતું નથી તેના મગજને અંગ્રેજી વધુ ફાવતું હોય છે. રૂપિયા કરતાં ડૉલરની કિંમત વધુ હોવા માત્રથી ગુજરાતી કરતાં અંગ્રેજી મહાન બની જતું નથી.

# શ્રદ્ધાને સંકોરતું એક મૂલ્યવાન પુસ્તક !

- હરેશ ધોળકિયા

પુસ્તકનું મહત્વ બેબાબતોના આધારે નક્કી થતું હોય છે એક તેની કિંમત અને બીજું તેનું મૂલ્ય. કિંમત પ્રકાશક નક્કી કરે છે, મૂલ્ય લેખક નક્કી કરે છે. પ્રકાશક ખર્ચ અને નફાને આધારે કિંમત નક્કી કરે છે. મૂલ્ય લેખકની પ્રતિભાના આધારે થાય છે. કિંમત અમુક હદ પછી વધારી શકાતી નથી. પણ મૂલ્ય તો ગમે તેટલું ઊંચું જઈ શકે છે. લેખક જેટલી પોતાની પ્રતિભા પુસ્તકમાં રેડે, તેટલું મૂલ્ય વધતું જાય. અલબત, બહુ ઓછાં પુસ્તકો મૂલ્યના સંદર્ભમાં ઊંચાં જઈ શકતાં હોય છે, કારણ કે બહુ ઓછા લોકો જબરી પ્રતિભા ધરાવતા હોય છે. એ તો, ક્યારેક જ, ઘટના બનતી હોય છે. કોઈ ગોવર્ધનરામ, કોઈ બક્ષી, કોઈ ભગવતીકુમાર શર્મા, કોઈ ધ્રુવ ભટ્ટ ઉતમોતમ પુસ્તકો આપતા હોય છે. બાકી તો રોજ છાપાં બહાર પડે છે તેમ સતત પુસ્તકો આવતાં રહેતાં હોય છે. સંભવ છે, તે પણ સરસ હોય છે, પણ મૂલ્યવાન નથી હોતાં. તે બાબત વિરલ છે.

તાજેતરમાં એક પુસ્તક પ્રકાશિત થયું છે તો સાદા વિષય પર. મૌલિક સર્જન પણ નથી. સંપાદન છે. છતાં વાંચવા બેસીએ, તો તેનાથી પ્રભાવિત થઈ જવાય અને તેમાં સંલગ્ન પણ થઈ જવાય તેવી તાકાત ધરાવે છે તે. પુસ્તકનું નામ છે "શિક્ષણના શિલાલેખ." તેના સંપાદક છે ડૉ. ઈશ્વરભાઈ પરમાર.

ઈશ્વરભાઈ પરમાર મૂળે તો બાળ સાહિત્યના લેખક તરીકે જાણીતા છે. બાળકો માટે સાહિત્ય અને બાળ સાહિત્યનું વિવેચન તે સતત પ્રગટ કરતા રહે છે. પણ, સમાંતરે, તે શિક્ષક પણ હતા. એટલે શિક્ષણ વિશે પણ લખતા રહ્યા છે. તેમાં પણ વિવિધ વિષયો પર લખ્યું છે. પણ પુસ્તકો લખતી વખતે, સમય મળ્યે, શિક્ષણનાં મેગેઝીનોમાં શિક્ષણ વિષયક કોલમ પણ ચલાવી છે અને તેમાં શિક્ષણ વિષયક નાની બાબતો રજૂ કરતા રહ્યા છે. વર્ષો પહેલાં શિક્ષણનાં સામયિક 'નૂતન શિક્ષણ'માં "સૌને ગમશે" તથા 'કોમન રુમ' વિભાગમાં લખતા, અને પછી 'પ્રગતિશીલ શિક્ષણ' માં ફરી 'કોમન રુમ' વિભાગ શરુ કર્યો અને ૨૦૧૦ સુધી ચલાવ્યો. તેમાં અવતરણો, વિચારો રમુજો... બધું જ સમાવી લેતા. પણ બધું જ શિક્ષણના સંદર્ભમાં. વાચક વાંચતા ત્યારે વિચારતા કે આ તો વાંચીને ભૂલી જવાશે, પણ જો તેને પુસ્તકરુપે અપાય, તો વારંવાર વાંચી શકાય. અવતરણ તરીકે પણ ઉપયોગમાં લઈ શકાય. સદભાગ્યે, ઈશ્વરભાઈને પણ એ જ વિચાર આવ્યો અને એ બધાં લખાણોમાંથી સંકલિત અને સંપાદિત કરી આ દળદાર, લગભગ ૪૨૫ પાનાનું, પુસ્તક પ્રકાશિત કર્યું છે.

પુસ્તકનું નામ જ આપણને આકર્ષે છે. તે છે "શિક્ષણના શિલાલેખ." મુખપૃષ્ઠ પર પણ શિલાલેખ જ બતાવેલ છે. 'શિલાલેખ' એક વિશિષ્ટ ઐતિહાસિક પારિભાષિક શબ્દ છે. ભૂતકાળના રાજાઓ પોતા વિશેની માહિતી ભાવિ પ્રજાને આપવા શિલાલેખો મૂકી જતા. તેના આધારે તેના સમયની સ્થિતિ વગેરેની ભવિષ્યની પ્રજાઓને કે અભ્યાસીઓને જાણ થતી. આમ 'શિલાલેખ' એ એક 'દસ્તાવેજ' ગણી શકાય જે લખાયાના સમય પરની સ્થિતિની ઝાંખી કરાવે.

આ પુસ્તક આ કામ કરે છે ? પુસ્તક પર નજર કરીએ તો દેખાય છે કે છેલ્લાં સો વર્ષ દરમ્યાન શિક્ષણની જે સ્થિતિ રહી છે, ખાસ કરીને ભારતની, તેનું દર્શન આમાં દેખાય છે. તેમાં પણ ગુજરાતની સ્થિતિ વધારે દેખાય છે. એટલે ભવિષ્યમાં કોઈ સંશોધક જો આજનાં શિક્ષણ પર કામ કરશે, કરવા માગશે, અથવા જાણકારી મેળવવા માગશે, તો આ પુસ્તક અવશ્ય દર્શન કરાવશે. દર્શનનો અર્થ 'કેવું હતું' તેનો ખ્યાલ પણ થાય અને 'તત્કાલિન દર્શન - ચિંતન' - કેવું હતું તેનો પણ ખ્યાલ આપી શકશે. આ સંદર્ભમાં તે શિલાલેખનું કામ કરવાનો ઉતમ પ્રયાસ કરે છે. સમગ્ર પુસ્તક પર નજર ફેરવીએ છીએ તો આ શીર્ષક સમજાઈ જાય છે. ભૂતકાળમાં શિલાલેખ પથ્થર પર લખાતા જેણી કાળનો માર સહન કરીને પણ ટકે. અત્યારે પુસ્તકરુપે અપાય છે. ભવિષ્યમાં ડિજીટલ સ્વરુપે હશે આ પુસ્તક કદાચ. પણ ગમે તે સ્થિતિમાં હોય, તેનો સંદર્ભ તો સચવાશે જ.

પુસ્તક પર નજર જ કરીએ તો પણ તેનું મૂલ્ય તરત જણાઈ આવે છે. (કિંમત પણ મજાની છે !) ઈશ્વરભાઈનું વિશાળ વાચન, પસંદગી અને સંકલન નજરે પડે છે. તે માટે તેમણે જે શ્રમ લીધો હશે તેની પણ ઝાંખી થાય છે. પુસ્તક કુલ પાંચ વિભાગોમાં વહેંચાયેલ છે : કાવ્ય, શિક્ષક, ચિંતન, માહિતી અને રમુજ. પાંચેનો સંદર્ભ કેવળ શિક્ષણ જ છે.

'કાવ્ય' વિભાગમાં હકારાત્મક - નકારાત્મક બન્ને દર્શન સંપાદકે કરાવ્યં છે. એક હકારાત્મક - પ્રેરણાત્મક કાવ્યમાં કહે છે, "હે પ્રિય રાજન ! તારાં બધાં શસ્ત્રો અહીં મૂકી પ્રવેશ કર, કેમ કે આ સરસ્વતીનું મંદિર છે." તો વર્તમાન શિક્ષણ પર કટાક્ષ કરતું કાવ્ય કહે છે, "અમથું કંઈ વાદળીઓને એડમિશન આપી દેવાનું ? / ડોનેશનમાં આખ્ખે - આખ્ખું ચોમાસું લેવાનું !" ભાષા, પરીક્ષા, શાળાનું ઘટતું મહત્વ જેવા વિષયો પર કાવ્ય કે પ્રતિકાવ્યો આપેલ છે. વાંચીને મમળાવવાં જેવાં કાવ્યો છે.

ચિંતનનો જે વિભાગ છે તે તો જાણે પ્રેરણાની ચેરાપૂંજી જ છે. અનેક વિચારક અને કેળવણીકારોના વિચારોનો ધોધ જ વરસાવ્યો છે સંપાદકે. વાચક થાકી જાય, પણ ચિંતન નથી થાકતું. પાને પાનું ટકોરાબંધ વિચારો આપે છે. એક એક ચિંતન વાંચતા રહીએ, તો આખું જીવન ટૂંકું પડે ! મજા પડી જાય તેવો વિભાગ છે. આ તો 'માહિતી' વિભાગમાં વર્તમાન અને ભૂતકાળની શૈક્ષણિક માહિતીઓ પીરસી છે. તે પણ હકારાત્મક અને નકારાત્મક બન્ને છે. ખ્યાલ આવે કે આપણા દેશમાં તથા વિશ્વમાં શિક્ષણમાં કે શૈક્ષણિક જગતમાં શું ચાલે છે. ક્યાંક મજા પડે છે, ક્યાંક વાંચીને જીવ પણ બળે છે. એવું થાય એ જ કદાચ સંપાદકશ્રીનો ઈરાદો હશે. તો જ ધક્કો વાગે અને કશુંક સર્જનાત્મક અને શુભ કરવાનું મન થાય !

તો, 'રમુજ' નો વિભાગ પણ ધ્યાન ખેંચે છે. શિક્ષણ વિષયક રમુજો - કટાક્ષો - એકાદ - બે લીટીમાં આપ્યા છે. એક રમુજ આવી છે :

**"તને કેવી શાળા ગમે, બેટા ?"**

**"બંધ."**

કેવો ભયંકર જવાબ છે બાળકનો ! અને ક્યારે તે બોલ્યું હશે ? અને તો તેના આધારે શિક્ષક વિશે શું વિચારી શકાય ? એક નાની રમુજ ચિતને ખળભળાવી નાખે છે.

તો, ચન્દ્રકાન્ત બક્ષીનું આ વાક્ય પણ હચમાવે છે. "ઠોઠ નિશાળિયાને પણ નબળો શિક્ષક ગમતો નથી."

આવી તો અનેક રમુજો પુસ્તકમાં વેરાયેલ પડી છે.

પણ સૌથી વધારે આકર્ષક અને મૂલ્યવાન વિભાગ છે "શિક્ષક". ભવિષ્યના વાચકો આ વિભાગ પરથી જ વર્તમાન શિક્ષણનું મૂલ્યાંકન કરશે. ઈશ્વરભાઈએ આ વિભાગમાં 'સાચા' અને ગૌરવશાળી શિક્ષકોનાં ઉદાહરણો આપી પુસ્તકો ઊંચાઈ આપી દીધી છે. નકારાત્મક ઉદાહરણો તો સર્વત્ર જોવા મળે છે, પણ સમાંતરે, અનેક શિક્ષકો ચૂપચાપ ઉત્તમ કામ કરે છે, પોતાનું અને શિક્ષણનું ગૌરવ વધારે છે એ ભૂલી જવાય છે. અને આવા શિક્ષકોના કારણે જ વ્યવસ્થા ટકી રહી છે. કેવાં કેવાં ઉત્તમ ઉદાહરણો આપ્યાં છે પુસ્તકમાં...

"દક્ષિણ ગુજરાતના એક વિદ્યાલયના આચાર્યે નિવૃત થયા પછી જાહેરાત કરી કે હું પેન્શન નહીં લઉં. કામ કર્યા વિના મને કંઈ લેવાનો અધિકાર નથી. અને તેમણે પેન્શન ન જ લીધું. પાસે બહુ બચત ન હતી. સ્વૈચ્છિક ગરીબી સ્વીકારી. ખુમારીથી જીવ્યા."

તો એક બીજું ઉદાહરણ આપે છે... "અહમદનગરના શિક્ષક હરંબ કુલકર્ણીએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રીને લખી આપ્યું કે પાંચમા પગાર પંચે સૂચવેલા અને સરકારે લાગુ પાડેલા ધોરણ (રૂા. ૫૫૦૦-૭૦૦૦) બદલે જૂના ધોરણ (રૂા. ૧૪૦૦ - ૨૬૦૦) મુજબ જ મને પગાર આપવો, કારણ કે અત્યારે દેશ આર્થિક આપતિમાંથી પસાર થઈ રહ્યો છે અને દેશની આવકના ૭૫ ટકા જેટલી રકમ પગાર અને વહીવટ પાછળ ખર્ચાય છે. ત્યારે પગાર કપાતની શરૂઆત હું મારા પોતાથી જ કરવા માગું છું."

આવા દાખલા વાંચી વાચકનું, અને સાચા શિક્ષકોનું, મસ્તક ગૌરવથી ઊંચુ થાય અને કામ કરનારાઓને આશ્વાસન મળે. આવા તો અનેક દાખલાઓ પુસ્તકમાં વાંચવા મળે છે. માટે પુસ્તકનું મૂલ્ય અનેકગણું વધી જાય છે. આ વિભાગ દરેક શૈક્ષણિક સંસ્થાના શિક્ષક ખંડમાં સતત સંભળાવવો જોઈએ. સંભવ છે, વ્યાપારીકરણ પર થોડા ઉઝરડા પડે.

એકંદરે, આ પુસ્તક વાચકના મનને એક તૃપ્તિથી ભરી દે છે. 'શિક્ષણ બગડી ગયું છે' ની જે રાડો પડે છે તેમાં પણ ગાબડું પાડે છે અને ખૂણાઓમાં અનેક ઉતમ લોકો કામ કરે છે, વિચારે છે અને બાળકોને ભાવિ નાગરિકો થવા તરફ દોરી રહ્યા છે તેનો અહેસાસ થાય છે. એટલે જ કેળવણીકાર અને 'પ્રગતિશીલ શિક્ષણ' ના તંત્રી ડૉ. પુરુષોત્તમભાઈ પટેલે પણ આવકારમાં લખ્યું છે કે, "આ પુસ્તક તરતા તરતા સર્વ પ્રેષક - ભાવક અને શાળાઓના કોમન રુમ સુધી પહોંચી સૌને વાંચતા - વિચારતા કરી દેશે તેવી પૂર્ણ શ્રદ્ધા છે."

ખરેખર શ્રદ્ધાને સંકોરતું આ પુસ્તક આપવા બદલ ડૉ. ઈશ્વરભાઈ પરમાર ફરી એક વાર અભિનંદનના પાત્ર બને છે.

•

ન્યૂ મીન્ટ રોડ, પેરીસ બેકરીની બાજુમાં, ભૂજ, કચ્છ

# પ્રસારણ પત્રક
## ગુજરાત શૈક્ષણિક ટેક્નોલોજી ભવન, અમદાવાદ
દૂરદર્શન સમય : 2-00 થી 2-30 ડી.ડી- 1 / ગિરનાર

| તારીખ | કાર્યક્રમનું નામ | વિષય/ધોરણ |
|---|---|---|
| 03-02-2014 | (1) ગ્રીન સ્કૂલ (ભાગ-૧/૨) | જન. |
| 04-02-2014 | (1) નળાકારનું ક્ષેત્રફળ<br>(2) નળાકારનું ઘનફળ | ગણિત |
| 05-02-2014 | (1) સમતલ<br>(2) પારિભાષિક શબ્દો | ગણિત |
| 06-02-2014 | (1) લોકસભા રાજ્યસભા<br>(2) પંખીઓની મહાસભા | સા.વિ.<br>પર્યાવરણ |
| 07-02-2014 | (1) પાર્ટ ઓફ બોડી<br>(2) બર્થડે પાર્ટી | અંગ્રેજી |
| 10-02-2014 | (1) બોરુ પ્રાથમિક શાળા | જન. |
| 11-02-2014 | (1) બચપણની એક મજા<br>(2) પુષ્પ અને ફળ (3) સાદું વ્યાજ | ગુજરાતી<br>વિ.ટે. |
| 12-02-2014 | (1) તરતા ડૂબતા પદાર્થ<br>(2) શિયાળની સમજણ | વિ.ટે. |
| 13-02-2014 | (1) ઉચ્ચાલન (ભાગ-૧/૨)<br>(2) આપનાં અઢાર વાંકાં | વિ.ટે.<br>ગુજરાતી |
| 14-02-2014 | (1) ગરગડી અને તેનો ઉપયોગ<br>(2) પ્રકાંડનાં સામાન્ય કાર્યો | વિ.ટે. |
| 17-02-2014 | (1) ક્ષેત્રફળ<br>(2) પંખીઓની મહાસભા | ગણિત<br>પર્યાવરણ |
| 18-02-2014 | (1) કાબુલીવાલા<br>(2) આર્યભટ્ટ | ગુજરાતી<br>ગણિત |
| 19-02-2014 | (1) રેલ્વે એનાઉન્સમેન્ટ<br>(2) બમ્બુ એવન્ડરફુલ પ્લાન્ટ | અંગ્રેજી |
| 20-02-2014 | (1) ચાલો વિરામચિહ્ન વિષે જાણીએ (ભાગ-૧/૨) | ગુજરાતી |
| 21-02-2014 | (1) આઈ વોન્ટ ટુ બી | અંગ્રેજી |
| 24-02-2014 | (1) આપણા વૈજ્ઞાનિક<br>(2) ચતુર ઉંદર | વિ.ટે.<br>ગુજરાતી |
| 25-02-2014 | (1) પછી શું ?<br>(2) હસામહ: | ગુજરાતી<br>સંસ્કૃત |
| 26-02-2014 | (1) શીવ મહિમા | |
| 27-02-2014 | (1) મહાશિવરાત્રી (જાહેર રજા) | |
| 28-02-2014 | (1) રવિશંકર મહારાજ<br>(2) રૂપાળું મારું ગામ | સા.વિ.<br>ગુજરાતી |

આપણું હૃદય પ્રેમથી ભરેલું હોય ત્યારે સકળ સૃષ્ટિ સુંદરતાથી છવાઈ જાય છે.

# ચંદરવો

- સંકલન

બાળક એ કંઈ વાસણ નથી કે એને ભરી કાઢીએ, એ એક જ્યોતિ છે, જેને પેટાવવાની છે. - **આઈન્સ્ટાઈન**

બાળકો પાસે આનંદનો અખૂટ ખજાનો છે. એનું ઢાંકણ ખોલવામાં તમારે એમને માત્ર થોડી મદદ કરવાની જરૂર હોય છે. - **મોહમ્મદ માંકડ**

માણસની સંસ્કારિતાનું સાચું માપ એ તેની પત્ની અને બાળકો સાથે કેવી રીતે વર્તે છે, તેના પરથી જ નીકળી શકે. - **ઈશ્વર પેટલીકર**

આ દેશમાં પતિ-પત્ની પ્રેમ છાનામાનાં કરે છે અને ઝઘડો બાળકોની હાજરીમાં કરે છે.

બાળક જોતાં જે રીઝે-રીઝે બાળક જોતાં જેને, વત્સલ સૂરત, સ્નેહલ સૂરત હૃદય હૃદયનાં વંદનને

- **ઉમાશંકર જોશી**

કાચો છું તો સમજણ આપ
કાં તો પાછું બચપણ આપ.

- **રાજેશ વ્યાસ**

દૂરથી આવે શૈશવનો સાદ,
સુકોમળ આજને આંગણ
અડધા ખૂલ્યા બારણેથી મન,
જાય રે દોડી
વયનું એને કોઈ ના વારણ

- **રાજેન્દ્ર શાહ**

સદા સૌમ્ય શી વૈભવે ઊભરાતી
મળી માતૃભાષા મને ગુજરાતી

- **ઉમાશંકર જોશી**

આભાર ભરેલા મસ્તક ને 'શયદા' ઉચકવું સહેલું નથી,
હું આમ તો મસ્તીમાં આવી આકાશ ઉઠાવી જાણું છું.

- **શયદા**

પરસેવો હાથનો ફક્ત પૂરતો નથી સફળતા માટે, હથેળીમાં રેખા જેવુંય કંઈક હોવું જોઈએ !

નિયમ છે પ્રકૃતિનો વ્યક્તિ વર્ચસ્વ ખોઈ બેસે છે. સિકંદર હો કે પોરસ, એક દિ'પોરસ ખોઈ બેસે છે.

નિરાશ્રિત હોય છે તેને મળે છે કુદરતી આશ્રય, સીંચે છે કોણ પાણી કે ઊગે છે વૃક્ષ પથ્થરમાં ?

ના સો-મણ, ના એક મણ, ના ખપે એક કણ પણ, દયા તારી હોય તો એક આપ સમજણ

મિટા દો અપની હસ્તી કો, અગર કુછ મરતબા ચાહો તો,
દાના ખાક મે મિલકર, ગુલે-ગુલઝાર હોતા હૈ.

- **રાજેશ વી. ભટ્ટ**
રાંકલી પ્રાથમિક શાળા,
તા. ખાનપુર, જિ. પંચમહાલ

# ભાવ-પ્રતિભાવ

● અંકમાં પ્રગટ થતા લેખો ખૂબ જ અગત્યના, મહત્ત્વ ધરાવતા હોય છે. વાંચનનું વૃંદાવન લેખ વાંચ્યો, ખૂબ જ પસંદ પડ્યો. આજના પ્રગતિશીલ યુગમાં શિક્ષણને નવી દિશા - સૂચન, શિક્ષણને સમજવું, વિચારવું અને અમલમાં મૂકવા માટે પુસ્તકોની યાદી આપવામાં આવી તે ઉપયોગી નીવડશે.

**- વિજયભાઈ ખમલ,**
**સેદરડા પ્રાથમિક શાળા, તા. શિહોર, જિ. ભાવનગર**

● અંકની હું આતુરતાપૂર્વક રાહ જોઉં છું. તેના અભ્યાસથી શિક્ષણના નવા પ્રવાહો પરિપત્રો તથા નવી શૈક્ષણિક પ્રવૃત્તિઓથી વાકેફ થવાય છે. આ અંક ખરેખર અમારા શાળા પરિવાર માટે પ્રેરણાદાયી છે.

**- માલદેભાઈ ચોચા,**
**સરદાર પટેલ વિનય મંદિર, ઓડ, જિ. આણંદ**

● અંકમાં વ્યાકરણમાં જોડાક્ષ, આરોગ્યની ચાવી... લેખ સારા રહ્યા. શિક્ષક માટે સલાહ અને માર્ગદર્શનરૂપ છે.

**- જયવંતીબહેન ચૌહાણ,**
**ખાબડ ફ. વર્ગ પીપેરો, તા. ધનપુર, જિ. દાહોદ**

● ડિસેમ્બર-૧૩નો અંક વાંચ્યો, એકલવ્યને એડમિશન લેખ ગમ્યો. શાળા કક્ષાએ તમામ રીતે ઉપયોગી નીવડે તેમ છે.

**- શારદાબહેન જોષી,**
**નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા નં. ૫૦, જામનગર**

● લાગે છે, શિક્ષણ અને સંશોધનના વર્તમાન યુગમાં જીવન શિક્ષણ શિક્ષણપ્રેમીઓના જીવનમાં શ્વસી ગયું છે. અદ્યતન પ્રવાહોની જ્ઞાન-સરવાણી શિક્ષણને ધબકતું રાખે છે. ખાસ કરી પ્રાથમિક શિક્ષણક્ષેત્રને સુગંધિત રાખે છે.

**- જગમાલ રામ,**
**પીપળવા પ્રાથમિક શાળા, તા. માળિયા, જિ. જુનાગઢ**

● અંકનો નિયમિત વાચક છું. વાંચનનું વૃંદાવન, આરોગ્યની ચાવી તેમજ કવરપેજ પર ડૉ. રાજેન્દ્રપ્રસાદ વિશેની માહિતી ખૂબ જ સારી, સુંદર રહી.

**- ગોવિંદકુમાર નાયી, જશવંતપુરા, તા. હારીજ, જિ. પાટણ**

● હું, અંકનો નિયમિત વાચક છું. હાલમાં ડિસેમ્બરનો અંક વાંચ્યો. તેમાં અભ્યાસ કરી આગળ વધેલ મહાનુભાવોને અભિનંદન ગમ્મત સાથે જ્ઞાન વાંચ્યું. પ્રયોગ ખૂબ જ સરસ લાગ્યો. ઘણી માહિતી વાંચવાથી જાણવા મળી.

**- ખાતુભાઈ પ્રજાપતિ, નાથગરના મુવાડા પ્રાથમિક શાળા,**
**તા. લુણાવાડા, જિ. મહીસાગર**

● જીવન અને શિક્ષણને હંમેશા વેગવંતુ, કાર્યશીલ અને ધબકતું રાખવા આપની કક્ષાએથી જ્ઞાનનું ભાથું આ થકી અમારા સુધી પહોંચતું કરવા બદલ આભાર. અંક એક ઉપચારાત્મક અને પ્રેરણાદાયી માહિતીથી પૂર્ણ કરે છે. જેના લેખો અલગ અલગ જ્ઞાનસભર હોવાથી ખૂબ જ ઉપયોગી રહે છે.

**- આચાર્ય, નવા પુરા પ્રાથમિક શાળા,**
**તા. પાટડી, જિ. સુરેન્દ્રનગર**

● જય ભારત સાથ જણાવવાનું કે અમે તમારા સામયિકના નિયમિત વાચક છીએ. તેનાથી અમારા શિક્ષકો અને બાળકો પ્રભાવિત થયેલ છે.

**- સી.એમ.પટેલ, દરેડ કુમાર શાળા, તા.જિ. જામનગર**

● ડિસેમ્બર-૨૦૧૩નો અંક મળ્યો. તમામ લેખો પ્રેરણાદાયી અને માર્ગદર્શન પૂરું પાડનારા રહ્યા. સંપાદિત લેખો દ્વારા અને નિર્દેશ કરેલી પ્રવૃત્તિઓની શૃંખલા દ્વારા જરૂર શૈક્ષણિક કાર્ય અને વિષયવસ્તુના મુદ્દાને શીખવવાની એક આદર્શ દિશા મળી રહે છે. દર માસે નવીન પ્રવૃત્તિઓ, પદ્ધતિઓથી 'જીવન શિક્ષણ' પલ્લવિત કરતું રહે છે. આમ પણ બને વિભાગથી પ્રેરણા મળી રહે છે.

**- મીનેષ વાણંદ,**
**વાલીન્ડા પ્રાથમિક શાળા, તા. ધોલેરા, જિ. અમદાવાદ**

● અંક દ્વારા આરોગ્ય વિશે સામાન્ય જ્ઞાન જે અહેવાલરૂપે રજૂ કર્યો તે સારું રહ્યું દરેક વ્યક્તિ સમાજ માટે ખૂબ ઉપયોગી રહે તેવો છે. ઘણી બાબતો અમારી શાળાનાં બાળકો પ્રાર્થના કાર્યક્રમમાં ઉપયોગી થાય તે રીતે રજૂ કરે છે. વાંચનપર્વ વિશેનું મનોવલણ અભ્યાસ ગમ્યો. અભિનંદન

**- ભાવેશ જોશી,**
**પાલ પ્રાથમિક શાળા, તા. લોધીકા, જિ. રાજકોટ**

● અંક મળ્યો, વાંચ્યો ખૂબ જ સારાં પુસ્તકોની યાદીવાળો લેખ તમામા શિક્ષકોને ઉપયોગી નીવડશે. વર્ગખંડમાં ટેકનોલોજીનો ઉપયોગ લેખ પણ ગમ્યો.

**- કપિલ સતાણી, તા.જિ. બોટાદ**

● મારા દ્વારા સુવાક્યોને 'જીવન શિક્ષણ'ના ચંદરવો વિભાગમાં સ્થાન આપી, મને લેખન માટે પ્રોત્સાહિત કરી, મારો આત્મવિશ્વાસ વધાર્યો છે.

**- કુસુમબહેન સોલંકી, પારેખેત મિશ્ર શાળા, તા.જિ.ભરૂચ**



**પ્રાકૃતિક શિબિર**
ખેડ આદર્શ પ્રાથમિક શાળા,
તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા



**સરદાર બાળમેળો**
કુંતાસરી પ્રાથમિક શાળા,
તા. રાધનપુર, જિ. પાટણ



**સરદાર બાળમેળો**
બિલોદરા પ્રાથમિક શાળા નં. ૨,
તા. માણસા, જિ. ગાંધીનગર



**સરદાર બાળમેળો**
ખીરી પ્રાથમિક શાળા,
તા. જોડીયા, જિ. જામનગર

Registered under RNI No. 11185/1957 Permitted to post at SRO, Sorting Office, Gandhinagar on 15th Date of every month under Postal Regd No. G-GNR-301 Issued by SSP GNR valid up to 31-12-2015 Licence to Post without prepayment No. CPMG/GJ/115/2013 valid up to 30-06-2014

ફેબ્રુઆરી-2014 લવાજમ : ₹ 100-00

# કસ્તુરબા ગાંધી



મહાત્મા ગાંધીના જીવનસંગિની, ભારત રાષ્ટ્રનું પ્રેમાળપાત્ર, પૂજ્ય બા કસ્તુરબાનો જન્મ પોરબંદરમાં થયેલો. સાત વર્ષની વયે મોહનદાસ સાથે સગાઈ થઈ અને તેર વર્ષની વયે તેમના લગ્ન થયાં. ગાંધીજીની અંગત દેખભાળની સાથે તેમણે ઉપાડેલી પ્રત્યેક પ્રવૃત્તિમાં સક્રીય ફાળો આપી એમણે જાત ઘસી નાંખેલી. જેલવાસ દરમિયાન પણ એટલાં જ પ્રસન્ન અને કાર્યરત રહેતાં. ગાંધીજી સાથે રહેવું કેવું કપરું હતું તે કસ્તુરબા સિવાય બીજું કોણ જાણી શકે ? સાવ નિરક્ષરતામાંથી સાક્ષર બનવા માટે ૬૦ વર્ષે પણ અંગ્રેજી વાંચતા-લખતા શીખવવાનો આરંભ કરતાં તેને નાનપ કે શરમ ન લાગતી. દરરોજ ૪૦૦ થી ૫૦૦ તાર સૂતર કાંતવું, બાપુના તળિયે માલિશ કરવી, પ્રાર્થનાસભામાં હાજરી આપવી, ઈત્યાદિ ક્રિયાઓ તેમના જીવનનો એક ભાગ જ બની ગયેલ. રાષ્ટ્રપિતા ગાંધીજીના આ ધર્મપત્ની સાચે જ હિંદના મહારાણી હતા. જો સમર્પણ, ત્યાગ, નિરાંડબર અને સહનશીલતા એ સંતોનું દેવદ્વાર હોય તો તેઓ પતિ ગાંધીજી કરતાં સો ગણા સરળ અને વંદનીય વિભૂતિ હતા. તા. ૨૨-૦૨-૧૯૪૪ના રોજ બાએ ગાંધીજીના ખોળામાં દેહત્યાગ કર્યો. બાપુએ કહેલું : "મારે જન્મોજન્મ સાથીની પસંદગી કરવાની હોય તો હું બાને જ પસંદ કરું." બાપુના પરમ મિત્ર દિનબંધુ એન્ડ્રુઝે બાની મહત્તા દર્શાવતા કહ્યું હતું : " Bapu is not doubt great but Ba is greater still."

(સાભાર : માનવપુષ્પોની મહેંક)

Book-Post

**જીવન શિક્ષણ**

તંત્રીશ્રી, જીવન શિક્ષણ
ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
સેક્ટર-12, ગાંધીનગર-382016.

નિયામક, જીસીઈઆરટી, ગાંધીનગર વતી માલિક, મુદ્રક અને પ્રકાશક સચિવ, જીસીઈઆરટી, સેક્ટર-12, ગાંધીનગર
પ્રિન્ટીંગ પ્રેસ : રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રા. લિ. ૩૭, પુષ્પક પ્લાઝા કોમ્પ્લેક્ષ, નવગુજરાત કોલેજની પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ-14
ઈ-મેઈલ : reliableprintery@yahoo.com થી છાપી જીસીઈઆરટી સેક્ટર-12, ગાંધીનગરથી પ્રસિદ્ધ કરેલ છે.